# પ્રકરણ– ૨

# શ્રીમદ્ રાજચંદ્રનું કવન

## ❖ શ્રીમદ્ રાજચંદ્રનું સાહિત્ય સર્જન :

શ્રીમદ્ રાજચંદ્ર બાળપણથી જ વૈરાગી હૃદય ધરાવતા હતા. તેમણે સાહિત્ય સર્જનની શરૂઆત આઠ વર્ષની નાની ઉંમરે પદ્યરચનાથી કરી હતી. શરૂઆતનાં સાહિત્ય–સર્જનનો ઘણો–ખરો ભાગ આજે મળતો નથી. પરંતુ તેમના વીસ વર્ષની ઉંમર પહેલાં રચાયેલા સાહિત્યમાં ઉપલબ્ધ કરતાં અનુપલબ્ધ કૃતિઓની સંખ્યા વધી જતી હોય એમ લાગે છે. પંદર–સોળ વર્ષની ઉંમરે તેમને કવિ તરીકેની ખ્યાતિ મળી હતી. અનેક લોકો તેનાથી પરિચિત થતાં જાય છે તથા તેના સદ્‌ગુણોથી આકર્ષાઈ લોકો તેના ગહન સાહિત્યથી મુગ્ધ બની જાય છે. આધ્યાત્મરસિક જિજ્ઞાસુઓ તેનો અભ્યાસ તથા વાંચન, મનનથી પોતાનું શ્રેય સાધવા ઉત્સુક બન્યાં છે જે સાધકને ઊંડી વિચારણા દ્વારા ઘણી જ ઊંચી ભૂમિકા સુધી લઈ જવામાં પરમ ઉપકારક થવા યોગ્ય છે.

શ્રીમદ્ રાજચંદ્રનું સમગ્ર જીવન પ્રેરણાદાયી છે જ, પરંતુ તેનું માત્ર બાહ્ય જીવન જાણવાથી તેમની માહાત્મ્યનો સાચો ખ્યાલ આવતો નથી. કારણ કે તેમનું જીવન બાહ્ય દષ્ટિએ જોતાં અનેક ગૃહસ્થનું હતું પરંતુ આંતરિક દષ્ટિએ તેઓ ત્યાગી, વૈરાગી અને એક બ્રહ્મનિષ્ઠ મહાત્મા હતા. મહાત્મા ગાંધીજી પણ તેમનાં લખાણોથી પ્રભાવિત હતા અને તેઓ એમનાં પ્રત્યે ખૂબ ઊંચો અભિપ્રાય ધરાવતા હતા. શ્રીમદ્ રાજચંદ્રના વિવિક લખાણોને ‘શ્રીમદ્ રાજચંદ્ર’ નામના બૃહદ્ ગ્રંથમાં એકત્રિત કરવામાં આવ્યા છે. અહીં આપણે તેમનાં ઉપલબ્ધ સાહિત્ય વિશે ચર્ચા કરીશું.

## (૧) 'મોક્ષમાળા'

'મોક્ષમાળા' દૃષ્ટાંતોથી ભરપૂર, સુમધુર ભાષામાં પ્રૌઢ ગંભીર શાસ્ત્ર શૈલીથી ગૂંથાયેલો અપૂર્વ ગ્રંથ છે. ગદ્ય અને પદ્યમાં રચાયેલો સમગ્ર ગ્રંથ શ્રીમદ્દે સોળ વર્ષ અને પાંચ માસની ઉંમરે માત્ર ત્રણ દિવસમાં વિ.સં.૧૯૪૦માં લખ્યો હતો અને તેરથી સોળ વર્ષની ઉંમરનો ગાળો ધર્મમંથનનો હતો. તે સમયમાં તેમણે અનેક ધાર્મિક ગ્રંથોનું અવલોકન કર્યું. પોતાને મળેલા આવા ધર્માનુભવનો લાભ બીજા અનેક જીવોને મળે એવી એમની ભાવના હતી. એટલે જ તેમને એ ભાવનાને અનુકૂળ ગ્રંથ રચવાની ઈચ્છા થઈ. પોતાના ધાર્મિક અનુભવોને ગ્રંથસ્થ કરવાની ભલામણ, સૂચના તેમને તેમના કાકાજી સસરા તથા વેપારીકાર્યમાં ભાગીદાર શ્રી રેવાશંકર જગજીવન તરફથી તથા બીજા અનેક વ્યક્તિઓ તરફથી થઈ હતી.

શ્રી રેવાશંકરભાઈ 'સૂક્ત મુક્તાવલી' નામનું પ્રાસ્તાવિક જૈન તત્ત્વપદોનું એક નાનું પુસ્તક વાંચતા હતા. એ પુસ્તક જો સાદી–સરળ ભાષામાં લખાય તો સારું એમ વિચારી તેમણે એ કામ કરવા શ્રીમદ્ રાજચંદ્રને વિનંતી કરી. પરંતુ તેમાં શ્રીમદ્દે સુધારા કરવાને બદલે સાદી સરળ ભાષામાં મોક્ષમાર્ગનું સ્વરૂપ દર્શાવતું તથા લોકોને ઉપયોગી બને તે માટે અલગ ગ્રંથ રચવાનું વિચાર્યું અને તેમણે 'મોક્ષસુબોધ' નામનું શતક પદ્યમાં લખવાનું શરૂ કર્યું. પણ પછીથી તેમને લાગ્યું કે આ તો સામાન્ય લોકોને યાદ નહીં રહે એટલે તેને અધૂરું રહેવા દઈને 'મુનિ સમાગમ' નામે ગદ્યલેખ લખ્યો ને તે પણ અધૂરો રહેવા દીધો.

શ્રીમદ્ રાજચંદ્ર વિ.સં.૧૯૪૦ની ચૈત્ર પૂર્ણિમાં આસપાસ મોરબી ગયેલા, ત્યારે પોપટભાઈ દફતરીના મકાનના બીજા માળે બેસી, તેમણે માત્ર ત્રણ દિવસમાં ૧૦૮ શિક્ષાપાઠયુક્ત બાલાવબોધરૂપે 'મોક્ષમાળા'ની રચના કરી હતી. ત્યાર પછી તે લખાણ લઈ તેઓ મોરબી ગયા હતા. ત્યાં તેમની ખ્યાતિ સાંભળીને ત્રણ સ્થાનકવાસી સંપ્રદાયના સાધ્વીજી તેમને મળવા કચ્છથી આવ્યા હતા. ત્યારે સાધ્વીજીએ શ્રીમદ્દ્ને મળવા માટે સંદેશો મોકલ્યો હતો એટલે શ્રીમદ્ તેમને મળવા ઉપાશ્રય ગયા અને ત્યાં તેમની સામે નીચે બેઠા.

ત્યાં શ્રીમદ્ તેમને ધર્મવાર્તા કહી હતી. તેનાથી તેઓ ખૂબ ખુશ થયાં હતા. ત્યારબાદ સાધ્વીજી લાંબો સમય ત્યાં રહેવાના ન હોવાથી ત્રણ દિવસમાં 'મોક્ષમાળા' ૧૦૮ પાઠ રચ્યાં હતા.

'મોક્ષમાળા' વિશે શ્રીમદ્દે રાજચંદ્ર વિ.સં.૧૯૫૫ના ચૈત્ર માસમાં મોરબીમાં જણાવ્યું હતું –

> ***" 'મોક્ષમાળા' અને સોળ વરસ અને પાંચ માસની ઉંમરે ત્રણ દિવસમાં રચી હતી.... જૈનમાર્ગને યથાર્થ સમજાવવા તેમાં પ્રયાસ કર્યો છે. જિનોક્તમાર્ગથી કંઈ પણ ન્યુનાધિક તેમાં કહ્યું નથી. વીતરાગમાર્ગ પર અબાલવૃદ્ધની રુચિ થાય, તેનું સ્વરૂપ સમજાય, તેનું બીજ હ્રદયમાં રોપાઈ તેવા હેતુએ બાલાવબોધ રૂપ યોજના તેની કરી છે."*** [૨]

શ્રીમદ્ રાજચંદ્રે 'મોક્ષમાળા' પુસ્તક માત્ર ત્રણ દિવસમાં લખ્યું હતું. 'મોક્ષમાળા' એ અનંત ગુણધર્મોથી યુક્ત વસ્તુનાં સ્વરૂપને– સમજાવનારી અપેક્ષા સાથે કથન પદ્ધતિ તે સ્યાદ્વાદ છે. શ્રીમદે 'મોક્ષમાળા'માં જે પ્રસ્તાવના લખી તેનું નામ પણ તેમણે શિક્ષણ પદ્ધતિ અને મુખમુદ્રા રાખ્યું છે.

– શિક્ષણ પદ્ધતિ : એટલે પુસ્તકને કેમ શીખવવું અથવા શીખવું તેની રીત.

– મુખમુદ્રા : એટલે જેમ કોઈને જોઈને આપણે એ માણસ કેવું છે શાંત કે ક્રોધી છે તે કહી શકીએ છીએ તેમ, આ 'મોક્ષમાળા'ની પ્રસ્તાવના વાંચીને કહી શકાય છે.

એટલે એમ કહી શકાય કે 'મોક્ષમાળા'માં જે ૧૦૮ પાઠ આપ્યાં છે તે બધા જ પાઠો એક પછી એક વાંચી જવાને પછી મનમાં વિચાર કરવો તેનું રહસ્ય સમજવું. એક પાઠ વાંચી ગયા પછી થોડીવાર તેનું મનન–ચિંતન કરવું, આ પાઠમાં તજવા જેવું શું છે ? જાણવા જેવું શું છે ? અને યાદ રાખવા જેવું શું છે ? આ રીતે જો શિક્ષાપાઠોનું મનન–ચિંતન કરવાથી

'મોક્ષમાળા'ને સમજી શકાશે. 'મોક્ષમાળા' એ તત્ત્વજ્ઞાનરૂપી વૃક્ષનું બીજ છે. તત્ત્વજ્ઞાન એટલે આત્મજ્ઞાન. આત્મજ્ઞાન થાય તો તેનાં પરિણામરૂપે મોક્ષ થાય. એટલે જો કોઈ આ 'મોક્ષમાળા' વાંચે તો તેને મોક્ષની રુચિ થાય એવું દિવ્યપણું તેમાં રહેલું છે.

'મોક્ષમાળા' એ બાલાવબોધરૂપે લખાયેલો ગ્રંથ છે એટલે કે બાળકથી માંડીને વૃદ્ધો સુધી બધાને સુગમ લાગે એવો ગ્રંથ છે. મધ્યસ્થાથી તત્ત્વજ્ઞાન એટલે આત્મજ્ઞાન અને શીલ એટલે સમાચાર સંબંધી કહ્યું છે. ધર્મ વગરનું શિક્ષણ સફળ ન કહેવાય. તેની ખોટ પુરવા બાલાવબોધરૂપે 'મોક્ષમાળા'ની રચના થઈ. તેમણે બોધપૂર્ણ પાઠોમાં જૈન ધર્મનાં વિવિધ વિષયોની સંક્ષેપમાં સમજણ આપી છે તેમાં જૈનધર્મના મહત્ત્વનાં સિદ્ધાંતો સાથે તેની ક્રિયાઓનું નિરૂપણ પણ થયેલું છે. ૧૦૮ પાઠોમાંથી મોટાભાગના પાઠો ગદ્યમાં છે, અને થોડાં પાટો પદ્યમાં છે. કેટલાંક પાઠો પ્રશ્નોત્તરરૂપે, સંવાદરૂપે કે કથાસ્વરૂપે છે. તેમના પદે પદે વીતરાગશાસન પ્રત્યેનો પ્રેમ ઉલ્લસે છે, વૈરાગ્ય વિલસે છે અને અનુપમ સત્‌શીલની સૌરભ મહેકે છે.

શ્રીમદ્‌ 'મોક્ષમાળા' પોતાના જમાનાની જરૂરિયાતો તથા ભાવિ પેઢીની જરૂરિયાતોને લક્ષ્યમાં રાખીને રચના કરી છે. 'મોક્ષમાળા'માં સૌ પ્રથમ તેમણે 'વાંચનારને ભલામણ' નામનો પાઠ રચ્યો છે. એટલે જે આ પુસ્તક વાંચે તેને ભલામણ એટલે શિખામણ છે –

***"જે વાંચનાર થાય તે વાંચનરૂપી આત્માને પુસ્તક બોલાવે છે અને કહે છે કે આજે હું તમારા હસ્તકમળમાં આવું છું. મને સાચવીને આત્માના લક્ષ્યે વાંચજો. મારા વચનોને પ્રેમથી આત્માના હિતરૂપ જાણીને હૃદયમાં ધારણ કરજો. સ્મૃતિમાં રાખજો અને હું જે–જે વાત કહું તેમનો વિવેકથી એટલે કે સત્યને સત્ય સ્વરૂપે, અસત્યને અસત્ય સ્વરૂપે નિર્ણય કરવારૂપ વિવેકથી વિચાર કરજો. એથી તમે જ્ઞાન, ધ્યાન, વિવેક, સદ્‌ગુણ અને આત્મશાંતિ પામી શકશો."*** [૩]

અહીં તેમણે ઉપરોક્ત ઉપયોગ કરવાનું જણાવી, મંગલ આશીર્વાદ આપ્યાં છે. ત્યારબાદ તેમણે સદ્‌ગુણ, ઉત્તમ ગૃહસ્થ, કર્મના ચમત્કાર, માનવદેહ, નવકારમંત્ર, સર્વ

જીવની રક્ષા, ધર્મના મતભેદ, સ્મૃતિમાં રાખવા યોગ્ય આદિ અનેક વિવિધ વિષયો ઉપર પાઠોની રચના કરી છે. શ્રીમદ્‌ને જે કંઈ કહેવું છે તે 'મોક્ષમાળા'ના પહેલાં પાઠમાં છે તેનો નિર્દેશ કર્યો છે. પાઠની શરૂઆતમાં જાણે પુસ્તક બોલતું હોય, પોતાની વિશે કંઈક જણાવતું હોય તેવી રચના કરી છે.

શ્રીમદ્‌ે કેટલાંક મંતવ્યો આપ્યા છે કે નબળા–ખરાબ પુસ્તકો વાંચવાથી ખરાબ સંસ્કારો આવે છે અને સમાજમાં અપકીર્તિ અપમાન થાય છે તેમજ પરલોકમાં એટલે કે બીજા ભવમાં નબળી ગતિ થાય છે. જ્યારે સારા પુસ્તકો વાંચવાથી વિવેક, વિચાર, જ્ઞાન, નીતિ વગેરે આદિ સદ્‌ગુણોનો વિકાસ થાય છે, વધારો થાય અને આત્માને શાંતિ મળે છે. સુખનો અહેસાસ થાય છે. આ પુસ્તક અમૂલ્ય છે તેમાં ભગવાનના વચનો હોવાથી એનું બહુમાનપણું કરવા નમ્રતાપૂર્વક વિનંતી કરી છે. 'વિવેક ત્યાં જ ધર્મ' એટલે આ પુસ્તકનો વિવેકથી ઉપયોગ કરવો જોઈએ અને પૂજ્ય બુદ્ધિ હોય તો વાંચેલું ફળે જ છે.

> ***"જપમાળાના ૧૦૮ પારાની માફક શ્રીમદે અહીં ૧૦૮ મણકારૂપ પાઠની રચના કરી છે, તે ખૂબ સૂચ છે. જેમ જપમાળાના જાપ કરવાથી પુણ્ય થાય છે તેમ આ પુસ્તકના ૧૦૮ પાઠનું વિચારપૂર્વક મનન કરવાથી અને તે પ્રત્યેક વસ્તુને અમલમાં મૂકવાથી મોક્ષની પ્રાપ્તિ અવશ્ય થશે. તેવી પોતાની દઢ શ્રદ્ધાનું સૂચન શ્રીમદ્ કરતા હોય તેમ જણાશે. તેમણે દર્શાવેલી સર્વ વસ્તુઓમાં શ્રી તીર્થંકર પ્રભુના ઉપદેશ અનુસાર જ છે. તેમ તેમણે અનેક ઠેકાણે કહ્યું છે તેથી એ દષ્ટિએ 'મોક્ષમાળા'નો વિચાર કરવો વધુ યોગ્ય લાગશે."*** [૪]

શ્રીમદ્‌ે 'મોક્ષમાળા'માં ૧૦૮ પાઠમાંથી લગભગ ૨૭ પાઠમાંથી ૧૬ જેટલી અલગ–અલગ કથાઓ આપી છે. સ્પષ્ટ બોધ તથા ઉપદેશની ઊંડી છાપ અર્થે હૃદયસ્પર્શી ભાષા સુંદર ભાષાશૈલીમાં અનાથિ મુનિ, બાહુબળ સ્વામી, સુદર્શન શેઠ, ગૌતમ સ્વામી આદિના પવિત્ર ચરિત્ર વર્ણવ્યાં છે. જે વાંચનારના વાર્તારસને પોષવામાં ઘણી મદદરૂપ બને

તેમ છે. આ બધી વાર્તાઓ તેમણે એક સાથે એક અનુસંધાને નથી મૂકી, પરંતુ થોડા થોડા પાઠના અંતરે મૂકી છે.

'મોક્ષમાળા'ની સૌથી પહેલી કથા ૫,૬ અને ૭માં પાઠમાં 'અનાથી મુનિ'ની જોવા મળે છે. 'માનવદેહ' નામના ચોથા પાઠમાં અનુસંધાનમાં દેહની સાચી ઉપયોગિતા જણાવતું 'અનાથી મુનિ'નું ચરિત્ર અહીં અપાયું છે. ત્યારપછી ૧૭માં પાઠમાં 'બાહુબળ'ની કથા છે આ પ્રમાણે છે.

"બાહુબળ એટલે પોતાની ભૂજાનું બળ એમ અહીં અર્થ કાઢવાનો નથી; કારણ બાહુબળ નામના મહાપુરુષનું આ એક નાનું પણ અદ્ભુત ચરિત્ર છે.

ઋષભદેવજી ભગવાન સર્વસંગ પરિત્યાગ કરી ભરત, બાહુબળ નામના પોતાના બે પુત્રોને રાજ્ય સોંપી વિહાર કરતા હતા ત્યારે ભરતેશ્વર ચક્રવર્તી થયો. આયુધશાળામાં ચક્રની ઉત્પત્તિ થયા પછી પ્રત્યેક રાજ્ય પર પોતાની અમાન્ય બેસાડી અને છ ખંડની પ્રભુતા મેળવી. માત્ર બાહુબળે જ એ પ્રભુતા અંગીકાર ન કરી. એથી પરિણામમાં ભરતેશ્વરે અને બાહુબળે યુદ્ધ માંડ્યું. ઘણાં વખત સુધી ભરતેશ્વર કે બાહુબળ એ બંનેમાંથી એકેય હઠયાં નહીં. ત્યારે ક્રોધાવેશમાં આવી જઈ ભરતેશ્વરે બાહુબળ પર ચક્ર મૂકયું. એક વીર્યથી ઉત્પન્ન થયેલા ભાઈ પર તે ચક્ર પ્રભાવ ન કરી શકે એ નિયમથી ફરીને પાછું ભરતેશ્વરના હાથમાં આવ્યું. ભરતે ચક્ર મૂકવાથી બાહુબળને બહુ ક્રોધ આવ્યો. તેણે મહાબળવત્તર મૃષ્ટિ ઉપાડી. તતકાળ ત્યાં તેની ભાવનાનું રહસ્ય ફર્યું. તે વિચારી ગયો કે "હું આ બહુ નિંદનીય કરું છું. આનું પરિણામ કેવું દુઃખદાયક છે? ભલે ભરતેશ્વર રાજ્ય ભોગવે. મિથ્યા પરસ્પરનો નાશ શા માટે કરવો? આ મૃષ્ટિ મારવી યોગ્ય નથી; તેમ ઉગામી તે હવે પાછી વાળવી પણ યોગ્ય નથી." એમ કહી તેણે પંચમૃષ્ટિ કેશ લુંચન કર્યું; અને ત્યાં જ મુનિત્વભાવે ચાલી નિકળ્યો. આદીશ્વર જ્યાં અટ્ઠાણું દીક્ષિત પુત્રોથી તેમજ આર્ય–આર્યાથી વિહાર કરતા હતા ત્યાં જવા ઈચ્છા કરી; પણ મનમાં માન આવ્યું ત્યાં હું જઈશ તો મારાથી નાના અટ્ઠાણુ ભાઈઓને વંદન કરવું પડશે તેથી ત્યાં તો જવું યોગ્ય નથી. પછી વનમાં તે એકાગ્ર ધ્યાને રહ્યો. હળવે

હળવે બાર માસ થઈ ગયા. મહાતપથી કાયા હાડકાંનો માળો થઈ ગઈ. તે સૂકા ઝાડ જેવો દેખાવા લાગ્યો; પરંતુ જ્યાં સુધી માનનો અંકુર તેના અંતઃકરણથી ખસ્યો નહોતો ત્યાં સુધી તે સિદ્ધિ ન પામ્યો. બ્રાહ્મી અને સુંદરીએ આવીને તેને ઉપદેશ કર્યો,

*“આર્ય વીર! હવે મદોન્મત હાથી પરથી ઉતરો; એનાથી તો બહુ શોષ્યું.” એઓનાં આ વચનોથી બાહુબળ વિચારમાં પડ્યો. વિચારતાં–વિચારતાં તેને ભાન થયું કે “સત્ય છે, હું માનરૂપી મદોન્મત હાથી પરથી હજુ ક્યાં ઉતર્યો છું? હવે એથી ઉતરવું એ જ મંગળકારક છે.” એમ કહીને તેણે વંદન કરવાને માટે પગલું ભર્યું કે તે અનુપમ દિવ્ય કૈવલ્ય કમળાને પામ્યો.”* [૫]

*“માન ન હોત તો અહીં જ મોક્ષ હોત” એ ઉક્તિને સાર્થક કરતું તથા માનની ભય કરતા બતાવતું દષ્ટાંત શ્રીમદ્દે અહીં સરળ ભાષામાં રજૂ કર્યું છે. જૈન સમાજમાં ખૂબ જ પ્રચલિત થયેલી બાહુબળની આ કથા શ્રીમદ્દે રાજચંદ્રે શ્રી હેમચંદ્રાચાર્ય રચિત ‘ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર’ના પહેલા પર્વના પાંચમા સર્ગમાંથી અથવા બીજા કોઈ ચરિત્ર ગ્રંથમાંથી ટૂંકાવીને લીધી હોય તેવી સંભાવના છે. ‘મોક્ષમાળા’માં ઘણાંખરાં કથા કે દષ્ટાંતો મોટાભાગે જૈન સૂત્રગ્રંથો કે શાસ્ત્રોમાંથી લેવાયેલાં છે. જૈન શાસ્ત્રોમાં આવી કથાઓ ખૂબ જ પ્રચલિત છે અને ઘણાંખરાં પ્રાચીન હોવાથી કેટલીક કથાઓના મૂળ મળતા નથી. શ્રીમદ્દે રચેલી ઉતારેલી કથાઓ કયા ચોક્કસ ગ્રંથમાંથી લીધી છે તેનો ક્યાંય નિર્દેશ કર્યો નથી. એટલે કોઈ નિર્ણય લઈ શકાતો નથી. તેમની તીવ્રબુદ્ધિશક્તિના કારણે તેમને બધા ગ્રંથો, શાસ્ત્રો વાંચવા પણ નહોતા એમ તેઓ ખુદ જણાવે છે અને કથાઓની બાબતમાં પણ એટલું જ સાચું છે એમ તેમનાં શબ્દો જોતા જણાય છે જુઓ :*

*“એક શ્લોક વાંચતા અમને હજારો શાસ્ત્રોનું ભાન થઈ તેમાં ઉપયોગ ફરી વળે છે.”* [૬]

આમ, શાસ્ત્રજ્ઞાન લેવા જેને શાસ્ત્રોનો સહારો નથી લેવો પડતો અને અમુક વસ્તુ કયા ગ્રંથને આધારે લીધી છે. એ જાણવું આપણા માટે મુશ્કેલ પડે છે. કેટલી કથાઓ સ્વતંત્ર રચનાઓ હોય એમ લાગે છે.

'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવ મળ્યો' જેવી પ્રસિદ્ધ પંક્તિઓ દ્વારા શ્રીમદે 'અમૂલ્ય તત્ત્વવિચાર'ના અર્થસભર કાવ્યોમાં તત્ત્વજ્ઞાનનો નિચોડ આપ્યો છે. જે ઉપરથી તેમની ઊર્ધ્વગામી આધ્યાત્મિક કક્ષા તથા કવિત્વશક્તિનો ખ્યાલ આવે છે. આ કાવ્યમાં તેમણે આત્મવિચારણા, જીવનું કર્તવ્ય, મનુષ્યભવની દુર્લભતા, થોડાંક સુખની શોધના કારણે સાચા સુખનું ટળવું વગેરે વિશે તેમણે ટૂંકમાં આલેખન કર્યું છે. તેમણે ૬૭મો પાઠ ગદ્યમાં લખ્યો હતો તે તેમણે ખુદે જણાવ્યું હતું. પરંતુ તેના પર શાહી ઢોળાઈ જતા તે પાઠ પાછો લખવો પડ્યો હતો એટલે તેની જગ્યાએ તેણે આ કાવ્યની રચના કરી હતી.

'કામદેવ શ્રાવક' નામના ૨૨માં પાઠમાં શ્રીમદ્દે 'ઉપાસકદશાંશસૂત્ર' બીજા અધ્યયનમાં ૯૨ થી ૧૧૨ શ્લોકમાં કામદેવ શ્રાવકના પ્રસંગો લઈને સંક્ષેપમાં આપ્યા હોય એમ જણાય છે. દેવના ઘણાં ઉપસર્ગો કામદેવ ખૂબજ સમતાથી સહન કરે છે તેમજ પોતાના કાર્યોત્સર્ગમાં લેશ પણ ન્યુનતા આવવા દેતા નથી. તેવી કામદેવની ધર્મદઢતા બતાવતો પ્રસંગ શ્રીમદે આ પાઠમાં આપ્યો છે. કામદેવ જેવી દઢતા રાખવાની ભલામણ તેમણે કરી છે. ત્યારપછી ૨૩માં પાઠ 'સત્ય'માં પંચમહાવ્રતમાંના એક વ્રત સત્યનું મહત્ત્વ બતાવતી કથા તેમણે આપી છે તે વિશે શ્રીમદ્દ રાજચંદ્ર જણાવે છે કે :

> ***"વસુરાજાનું એક શબ્દનું અસત્ય બોલવું કેટલું દુઃખદાયક થયું હતું તે તત્ત્વવિચાર કરવા માટે અહીં હું કહું છું."***[૭]

તેમાં જણાવ્યા મુજબ સત્યના પ્રભાવથી સિંહાસન પર સદ્ધર બેસતા વસુરાજાએ બ્રાહ્મણીની આત્મહત્યા કરવાની ધમકીથી ડરી જઈને 'અજ' શબ્દનો અર્થ 'વ્રીહિ' ને બદલે 'બોકડો' કર્યો ત્યારે અસત્ય વચનથી કોપાયમાન દેવોએ તેને સિંહાસન પરથી પછાડીને મારી નાખ્યો. આ કથાનું મૂળ સંઘદાસવાચકમૃત 'વસુદેવહિણ્ડિ'ના ૨૪માં લંભકમાં છે એવું

અનુમાન થાય છે. 'તત્ત્વાબોધ'ના ૧૭ પાઠ પરિપૂર્ણ તત્ત્વકલાથી આલેખી જૈન તત્ત્વજ્ઞાનના મહત્ત્વના વિષયોનું નિરૂપણ કર્યું છે જેમાં તેમણે નવ તત્ત્વની સમજૂતી આપી છે. પૌય તાત્ત્વિક મીમાંસા દ્વારા નિષ્પક્ષપાત ન્યાયથી જૈન ધર્મની ઉત્તમતા અને સર્વોપરી પ્રસ્થાપિત કરી, આ પાઠોમાં તેમણે જિન દર્શનની પ્રભાવના કરી છે.

'પરિગ્રહ સંકોચવો' નામના ૨૫માં પાઠમાં પરિગ્રહ વિશે મર્યાદા ન હોય તો તૃષ્ણા (ઈચ્છા)ના પુરમાં તણાઈને જીવ દુઃખ એને કયારેક સર્વનાશ નોતરે છે. તેમણે ૨૫માં પાઠમાં 'સુભૂમ ચક્રવર્તીનું દૃષ્ટાંત આપ્યું છે. સુભૂમ છ ખંડ ધરતીની પ્રભુતાથી સંતોષ ન પામતા બાર ખંડ સાધવા નીકળે છે. પરિણામે એ છ ખંડની પ્રભુતા માણવાને બદલે સર્વનાશ નોતરે છે. શ્રી હેમચંદ્રાચાર્યકૃત 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર'ના છઠ્ઠા પર્વના ચોથા સર્ગમાં વર્ણવેલું સુભૂમ નામના આઠમાં ચક્રવર્તીનું આ ટૂંકું ચરિત્ર છે. આ ચરિત્ર દ્વારા શ્રીમદ્ સમજાવવા માગે છે કે ઓછામાં ઓછા પરિગ્રહથી સંતોષ મેળવવો જોઈએ. કારણ કે વધારે પડતો પરિગ્રહ એ પાપનું મૂળ છે સંતોષ એ જ સાચું સુખ છે.

'તત્ત્વ સમજાવવા' નામના ૨૬માં પાઠમાં તેમણે એક રમૂજી દષ્ટાંત આપ્યું છે. ગંભીર વિષયો તથા શાસ્ત્રોને ગોખવાથી નહીં પરંતુ તેને સમજીને વિચારીને અભ્યાસ કરવાથી આત્માનું કલ્યાણ થાય છે એવું સત્ય તેમણે સમજાવ્યું છે. ''રાયશી' અને 'દેવશી' શબ્દનો ખોટો અર્થ સમજાવવાને લીધે પ્રતિક્રમણ બોલતી વખતે 'ખેતશી' કેવો ગોટાળો કરે છે તે તેમણે રમૂજી શૈલીમાં બતાવ્યું છે.

'વિવિધ પ્રશ્નો'ના પાંચ પાઠમાં તેમણે જૈન ધર્મની સિદ્ધાંત પ્રવેશિકાની ગરજ સારે તે રીતે કેટલાંક સિદ્ધાંતોની તલસ્પર્શી છણાવટ કરી છે. એમાં તેમની પ્રશ્નોત્તરશૈલીથી વસ્તુ ચર્ચવાની શક્તિનું દર્શન થાય છે. ૩૦માં પાઠમાં શ્રેણિકરાજા અને અભય કુમારનો 'માંસની સસ્તાઈ' વિશેનો પ્રસંગ આપ્યો છે. દયાનું મહત્ત્વ બતાવતા ત્રણ પાનામાં અનુસંધાનમાં 'સર્વ જીવની રક્ષા' ભાગ–૨ તેમણે એક ઉદાહરણ આપતા સમજાવ્યું છે કે દરેક જીવોને તેનો

જીવ વહાલો હોય છે એટલે અસહાય જીવને મારીને તેમને દુ:ખ અપવાદરૂપ પાપમાંથી બચવું જોઈએ. દરેક જીવની રક્ષા કરવી એ ઉત્તમ ધર્મ છે.

દુ:ખમય સંસારનું ભાન થયા પછી જીવ તેનાથી છૂટવાનો પુરુષાર્થ કરવા પ્રેરાઈ તે સ્વાભાવિક છે. ત્યારે કેવો ધર્મ આચરવો જોઈએ. શું કરવું જોઈએ એ સૌથી અગત્યનું છે.

'વિનય વડે તત્ત્વની સિદ્ધિ છે' નામના ૩૨માં પાઠમાં વિનયનો મહિમા સમજાવ્યો છે. વિનય એ સિદ્ધિ મેળવવા માટેનું ઉત્તમ વશીકરણ છે. શ્રીમદ્દે વિનયનું મહત્ત્વ ખૂબજ સરળ ભાષામાં સમજાવ્યું છે. શીલનો મહિમા અને ધર્મદઢતા સમજાવતા 'સુદર્શન શેઠ' નામના ૩૩માં પાઠમાં શીલના પ્રભાવથી શૂળી સિંહાસન બની જાય છે. શેઠ પર મોહિત થયેલી અભયારણી પોતાની દષ્ટિ ઈચ્છામાં ન રાખતાં શેઠના ચરિત્ર વિશે રાજાના કાન ભંભેરે છે. કાચા કાનનો રાજા શેઠ પર ચરિત્રની શંકા કરે છે અને તેને શૂળીએ ચડાવવાનો હુકમ કરે છે. પરંતુ શેઠ ચડતાની સાથે જ શૂળી સિંહાસન બની જાય છે અને અહીં સત્યશીલનો વિજય થાય છે.

જિનવાણીની મુક્તકંઠે સ્તુતિ તેમણે 'જિનેશ્વરની વાણી' નામના કાવ્યમાં કરી છે. આ સ્તુતિ શાસ્ત્રનું પઠન કરતાં પહેલાં મંગલાચરણ સ્વરૂપે બોલવા જેટલી યોગ્ય છે. ૪૧,૪૨માં 'ભિખારીનો ખેદ' નામના પાઠમાં સંસારનું અનિત્ય સ્વરૂપ સમજાવ્યું છે. શ્રીમદ્ રાજચંદ્રે ઉત્તમ ક્ષમા કોને કહેવાય એ વિશે ૪૩,૪૪ 'અનુપમક્ષમા' અને 'રાગ' નામના પાઠમાં બતાવ્યું છે. સૂક્ષ્મરાગ પણ કેટલો હાનિકાર છે તે ગજસુકુમાર અને ગૌતમસ્વામીનું અનુક્રમે ઉદાહરણ આપી સમજાવ્યું છે. અહીં તત્ત્વોની રજૂઆત દષ્ટાંત દ્વારા કરી છે. 'રાગ' નામના ૪૪માં પાઠમાં 'સૂક્ષ્મબોધ– સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુ આત્મા, તે જેથી પ્રાપ્ત થાય તે સૂક્ષ્મ બોધ. ગૌતમ સ્વામીને પ્રાપ્ત થાય તે સૂક્ષ્મબોધ. ગૌતમ સ્વામીના દષ્ટાંત ઉપરથી સૂક્ષ્મ બોધ લેવાનો છે. રાગ એ વસ્તુ બહુ ઝેરરૂપ છે.'' [૮]

ગૌતમમુનિનો મહાવીર પ્રભુ પરનો સૂક્ષ્મ રાગ તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિમાં કેવી રીતે અંતરાયરૂપ થયો હતો તેની કથા છે. મહાવીર સ્વામીના નિર્વાણ પછી જ રાગ તૂટતા

ગૌતમ સ્વામીને કેવળજ્ઞાન થયું હતું તે ખૂબ દુઃખદાયક હતો. તે પરથી જાણી શકાય કે બીજા રાગ કે દ્વેષ કેટલા દુઃખદાયક હોઈ તેની કલ્પના જ કરવાની રહે. રાગની જેમ તૃષ્ણા પણ કેટલી ખરાબ છે તે સમજાવતાં શ્રીમદે 'કપિલમુનિ'નું વૃત્તાંત ૪૬,૪૭,૪૮ ત્રણ પાઠમાં જણાવ્યું છે. કૌશાંબી નગરીના શાસ્ત્રીને એક કપિલ નામનો પુત્ર હતો. તેનો ઉછેર ખૂબ લાડકોડથી થયેલો હોવાથી વિદ્યાપ્રાપ્તિ ન થઈ અને નાનપણમાં જ પિતાનું મૃત્યુ થતાં એમના પિતાની જગ્યાએ બીજા મળી, એટલે ફરી તે વિદ્યાપ્રાપ્તિ અર્થે તે એક વખત પિતાના મિત્ર પાસે ગયો. ત્યાર પછી તે યુવાન બને છે ને યૌવનમાં આવતા તે એક વિધવા બ્રાહ્મણી સ્ત્રીમાં લુબ્ધ બન્યો. તેમની પાસે પૈસા પણ નહોતા એટલે એમને ઘણી મુશ્કેલીઓ પડતી હતી. એ સમયે બ્રાહ્મણી તેને એક ઉપાય બતાવે છે તે મુજબ નગરના રિવાજ પ્રમાણે રાજાને પહેલાં આશીર્વાદ આપી બે માસા સુવર્ણ મેળવવાનો નિશ્ચય કર્યો. દરરોજ તે રાજા પાસે જતો; પરંતુ મોડું થઈ જવાના લીધે કંઈ મળતું નહોતું અને એક દિવસ મધ્યરાત્રિએ ચંદ્રને જ સૂર્ય માની આશીર્વાદ આપવા જાય છે ત્યાં રાજાના ચોકીદારોને તેમને ચોર સમજી પકડી લે છે.

રાજાને આ વાતની જાણ થાય છે અને તે મોં માગ્યું ધન માંગવાનું કહે છે. ત્યાં કપિલ શું માંગવું ? અને શું ન માંગવું ? એવા વિચારના દોરમાં ચડી ગયો. આખું રાજય માંગે તો પણ તેની તૃષ્ણા જતી નહોતી; ત્યાં તેમને સદ્વિચાર આવતા તેને સમજાયું કે પાણીમાં ડૂબેલો માણસ જેમ તેનાં મોઢામાં પાણી જાયને ડચકાં ભરે તેમ તૃષ્ણાનો ત્યાગ કરવો જ વધારે ઉચિત છે. આમ, તેણે તૃષ્ણાનો ત્યાગ કર્યો, તેની સાથે સંસારનો પણ ત્યાગ કર્યો. ધન, સ્ત્રી, મા બધું જ છોડી ચાલ્યો ગયો.

સંતોષથી જ તૃષ્ણા રોકાય છે. બાકી તૃષ્ણા (ઈચ્છા) તો આકાશ જેવી અનંત છે. જેનો કોઈ છેડો નથી; અંત નથી. આમ, છેલ્લે કપિલને કેવળજ્ઞાન થયું અને તે ત્યાંથી કંઈ પણ લીધા વિના મુનિત્વ માર્ગે ચાલ્યા ગયા.

'સુખ વિશે વિચાર', ભાગ–૨ ૬૧ થી ૬૬ છ પાઠમાં કથા દ્વારા સમજ આપી કે સાચું સુખ કયું? તેમણે ગરીબ બ્રાહ્મણીની કથા દ્વારા સમજાવ્યું છે. તેમ સાંસારિક સુખ મેળવવા જતાં કેટલા કપટ ભોગવવા પડે છે, હિંસા કરવી પડે છે. આરંભોપાધિ વહોરવી પડે છે વગેરે બધી માહિતી આપી આગળ શું કરવું એવો નિર્ણય કરવાનું બ્રાહ્મણ પર છોડી દે છે અને છેલ્લે ગરીબ બ્રાહ્મણ ધનાઢ્ય સાથે સંમત થાય છે અને તેની પાસે રહેવાનું સ્વીકારે છે. પસંદ કરે છે અને શ્રીમદ્ ૬૬માં પાઠમાં ખરું સુખ શેમાં છે તે સૈદ્ધાંતિક વાત કરે છે.

શ્રીમદ્દે જીવના ચાર પ્રકાર જણાવ્યાં છે તેમાં ઉત્તરોત્તર ચડતી દશા જણાવી છે. સાચું સુખ કોને કહેવાય, તે કઈ રીતે મળે તે વિશે તેમણે બ્રાહ્મણનું ઉદાહરણ આપી સરસ રીતે સમજાવ્યું છે. કેવળજ્ઞાનની સૌથી ઊંચી કથા છે તે માટે સર્વ કર્મનો ક્ષય થયો હોવો જોઈએ અને મેળવવા માટેની ભૂમિકાઓ એક પછી એક સરળ સહજ ભાષામાં સમજાવી છે. તત્ત્વની વિચારણા પણ સામાન્ય માણસ માટે સમજવી અતિ સહેલી બની રહે છે. શ્રીમદ્દ્ પોતાના સુખ વિશેના વિચારો રજૂ કરવા દષ્ટાંતોની યોજના, તેની શૈલી, શબ્દોની ગોઠવણી, તત્ત્વચિંતન આદિમાં તેમની સર્જનશક્તિનો આપણને ખ્યાલ આવે છે.

'સનતકુમાર' ભાગ–૧–૨ નામના પાઠ ૭૦ અને ૭૧માં સનતકુમાર ચક્રવર્તીની કથા આપી છે. શરીરના માન–ભાવ કરવાથી કાયા ઝેરરૂપી બની જાય છે ને તે શરીરના માન–ભાવ, મોહ ત્યજવાથી કેવા સુખનો સ્વામી બને છે અને સાચાં સુખનો અહેસાસ થાય છે તેનું વર્ણન કર્યું છે.

શ્રી મહાવીર ભગવાનને ગૌતમ સ્વામી ને મોક્ષસુખ અવર્ણનીય છે. એમ જણાવવા જે ભીલનું દષ્ટાંત આપ્યું હતું તે તેમણે 'મોક્ષસુખ' નામના ૭૩માં પાઠમાં આપ્યું છે. તેમણે અત્યાર સુધીની કથાઓ અને દષ્ટાંતો તેમજ તત્ત્વવિચારણામાં મોક્ષના સુખને શ્રીમદ્દે અંતિમ ધ્યેયરૂપ ગણાવ્યું છે. પરંતુ આ મોક્ષનું સુખ કેવું છે તે બાબત ગૌતમ સ્વામીએ મહાવીર પ્રભુને પ્રશ્ન પૂછ્યો ત્યારે પ્રભુએ એ અનંતસુખ અવર્ણીય છે એમ જણાવી જે કથા કહી છે તેનું વર્ણન આ પાઠમાં આવે છે તથા 'તત્ત્વ સમજવું' પાઠમાં તેમણે અર્થ સમજાવ્યા વગર

કરવામાં આવતા શબ્દપાઠ વિશે રાયશી, દેવશી અને ખેતશી નામના કચ્છી ભાઈઓનું વિનોદી દૃષ્ટાંત પ્રયોજ્યું છે જે આપણે આગળ જોઈ ગયા છીએ.

આમ, 'મોક્ષમાળા'માં શ્રીમદ્ રાજચંદ્રે જે પાઠો લખ્યા છે તેનું કદ નાનું છે. બે–ત્રણ પાનાથી મોટો એક પણ પાઠ નથી; અને કયારેક લંબાણ લાગે તો એક જ વિષયને બે કે તેથી વધુ પાઠમાં વિભક્ત કરી નાખે છે. 'ભિખારીનો ખેદ', 'કપિલમુનિ', 'સંસારને ચાર ઉપમા', 'સુખ વિશે વિચાર', 'સદ્‌ગુરુ તત્ત્વ', 'અનાથિમુનિ', 'જ્ઞાન સંબંધી બે બોલ', 'જિનેશ્વરની ભક્તિ' વગેરેમાં એકથી વધુ પાઠોની યોજના કરી છે. 'મોક્ષમાળા' ગ્રંથનું ગદ્ય સરળ, મર્માળુ, આકર્ષક, કયારેક હાસ્યયુક્ત આજે હૃદયમાં વસી જાય તેવું છે. તત્ત્વની વિચારણા પણ સામાન્ય માણસને માટે સમજવી ખૂબ સહેલી બની રહે એ રીતે રજૂઆત પામી છે. શ્રીમદ્દે સિદ્ધાંતની સમજણ આપવા માટે સંવાદ અને પ્રશ્નોત્તરની રચના પણ કરી છે. જે સમજવામાં સુગમ રહે છે.

કોઈપણ સામાન્ય જીવને ખૂબજ આકર્ષક કરનાર તત્ત્વ તે કથા છે. તેથી સામાન્ય જનને કેટલાંક સિદ્ધાંતોની પ્રતીતિ કરાવવા કથાઓ અને દૃષ્ટાંતોનો છૂટથી પ્રયોગ કર્યો છે કથા કે સંવાદરૂપે સિદ્ધાંતો રજૂ ન થયા હોય તો પણ તેવા પાઠોમાં પોતે જાણે વાચક સાથે વાત કરતા હોય તેવી રચના કરી છે. તત્ત્વની બોધ કરતી કથાઓ અને રોચક દૃષ્ટાંતો વાચકના રસને પોષે છે અને સાચો માર્ગ ચીંધવાનું કાર્ય કરે છે. ધર્મદઢતા શીલનું માહાત્મ બતાવતા 'કામદેવ શ્રાવક' અને માનની અનર્થતા સમજાવતા 'બાહુબળ'ની તથા અસત્ય, રાગ, તૃષ્ણા વગેરેથી થતું નુકસાન સમજાવવા 'કપિલમુનિ'ની કથા દૃષ્ટાંતો આપ્યાં છે.

'મોક્ષમાળા'ની શૈલી ખૂબજ સરળ છે. સામાન્ય માણસને સમજાય તેવી છે. વાકયો પણ નાના છે. કાવ્યો પણ એટલાં જ સરળ છે શ્રીમદ્‌ની શબ્દગોઠવણ, કલ્પનાચતુરી, સૂક્ષ્મ અને નિર્દોષ તર્કપટુતા, ગંભીર વિષયને હળવી શૈલીમાં રજૂ કરવાની શક્તિ તેમની સર્જનપ્રતિભાનો પરિચય આપે છે. 'મોક્ષમાળા'ની આઠ પદ્યરચનાઓમાં વિવિધ છંદનો ઉપયોગ થયેલો છે. પાઠના વિષયને અનુરૂપ શીર્ષકો પણ બંધબેસતા છે. મોક્ષમાળામાં

રહેલા આ બધા ગુણોને લીધે શ્રીમદ્‌ની કવિત્વશક્તિનો તથા વિચારશક્તિનો આપણને પરિચય થાય છે. આમ જાણી શકાય છે કે શ્રીમદ્‌માં નાની ઉંમરમાં કેટલું બધું વિવેકીજ્ઞાન હતું. તેમનું વાંચન કેટલું વિશાળ હતું, ચિંતન કેટલું પરિપકવ અને સ્પષ્ટ હતું. વૈરાગ્ય કેટલો અદ્‌ભુત હતો તેની સમગ્ર આશ્ચર્યકાર પ્રતીતિ આ 'મોક્ષમાળા' ગ્રંથ આપણને કરાવે છે.

## ❖ ભાવનાબોધ :

'મોક્ષમાળા'ની રચના પછી બે વર્ષે વિ.સં.૧૯૪૨માં 'ભાવનાબોધ' ગ્રંથની રચના થઈ. શ્રીમદ્‌ રાજચંદ્ર પંદર સોળ વર્ષની ઉંમરમાં કેટલાય ધાર્મિક પુસ્તકો, આગમો, જૈનધર્મના તથા બીજા અન્ય ધર્મના પુસ્તકોનું અવલોકન કર્યું હતું. એક તરફ એમનું શાસ્ત્રજ્ઞાન વધતું હતું તો બીજી તરફ એમની અવધાનશક્તિ તેમજ સ્મરણશક્તિ વધતી જતી હતી. તેમની જૈનધર્મ પ્રત્યે વધારે રુચિ હતી, એ એમના લખાણો પરથી ખ્યાલ આવે છે. વિ.સં.૧૯૪૦માં તેમણે પોતાના શાસ્ત્રોભ્યાસનો લાભ સામાન્ય માણસને મળી રહે તે માટે તેમણે 'મોક્ષમાળા'ની રચના કરી હતી. ત્યારબાદ 'મોક્ષમાળા'ને પુસ્તકરૂપે છપાવવામાં ઘણો સમય લાગે તેમ હોવાથી ગ્રાહકોની જિજ્ઞાસા સંતોષવા તેમણે વિ.સં.૧૯૪૨માં નાનકડા ગ્રંથરૂપે 'ભાવનાબોધ' લખ્યું.

'ભાવનાબોધ' ગ્રંથ મુમુક્ષુઓને વૈરાગ્યતરંગિણીમાં નિમજ્જન કરાવનાર છે. મુમુક્ષુ જીવે જીવનમાં દૃઢ કરવા યોગ્ય એવી બાર ભાવનાઓ સંક્ષેપમાં સમજાવવામાં આવી છે કે જેમાં શ્રીમદ્દે પોતાના અંતરમાં છલકાતા વૈરાગ્યસિંધુને ઠાલવ્યો છે. આ પ્રસંગમાં તેમની કાર્યકુશળતા, કર્તવ્યબુદ્ધિ તથા નીતિમત્તાનું દર્શન થાય છે. 'ભાવનાબોધ' ટૂંકો છતાં વૈરાગ્યથી સભર છે. તેમાં વૈરાગ્યના બાર ભાવનાઓનું નિરૂપણ છે. લગભગ પચાસ પાનાના આ પુસ્તકને યોગ્ય પાંચ–છ, પાંચ–છ પાનાની પ્રસ્તાવના તેમણે લખી છે. તેમાં જીવને સાચું સુખ એટલે કે સંસારના શોકથી મુક્તિ જોઈતી હોય તો વૈરાગ્ય તરફ વળવું જોઈએ તેમ સમજાવ્યું છે.

તેમણે વૈરાગ્ય તરફ મનુષ્યને વાળતી અને થયેલા વૈરાગ્યને દઢ કરતી બાર ભાવનાઓ આપી છે. આ બાર ભાવનાઓ તે અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રય, સંવર, નિર્જરા, લોકસ્વરૂપ, બોધદુર્લભ અને ધર્મદુર્લભ છે. આ બારેય ભાવનાઓને શ્રી હેમચંદ્રાચાર્ય તથા શ્રી કુંદકુંદાચાર્ય જેવા સમર્થ આચાર્યએ કર્યો છે. પરંતુ તે શાસ્ત્રોની ભાષા સંસ્કૃત અને માગધી હોવાથી અન્ય સામાન્ય માણસને સમજવી અઘરી હતી. એટલે શ્રીમદ્‌ને સામાન્ય માણસ સમજી શકે તેમ લખવાનો વિચાર આવ્યો.

'ભાવનાબોધ'માં શ્રીમદ્ રાજચંદ્રે પ્રથમ દસ ભાવનાઓની જ સમજણ આપી છે. બોધદુર્લભ અને ધર્મદુર્લભ ભાવનાની માત્ર વ્યાખ્યા જ આપી છે. વળી, પહેલી છ ભાવનાઓ વિસ્તારથી સમજાવી છે ત્યાર પછીની ચાર ભાવનાઓ ટૂંકમાં સમજાવી છે. ભાવનાઓનું નિરૂપણ કરતાં પહેલાં તેમણે ભાવનાના ભાવને મુક્તક જેવી સ્વરચિત પદ્ય પંક્તિમાં મૂક્યો છે. પછી તેનો વિશેષાથ બતાવી, રોચક મૂક્યો છે. પછી તેનો વિશેષાર્થ બતાવી રોચક શૈલીમાં આલેખાયેલા વૈરાગ્યમય ચરિત્રોથી તેને સમર્પિત કરી, સારરૂપ 'પ્રમાણશિક્ષા' આપીને અંતમાં પુષ્પિકા લખી તેમણે ભાવના પૂર્ણ કરી છે.

પ્રસ્તાવનાની શરૂઆતમાં વૈરાગ્યની મહત્તા બતાવી છે અને સંસારિયોની પ્રવૃત્તિ કેવી છે તે પણ બતાવે છે. દરેક જીવ સુખ મેળવવા તથા દુઃખથી છૂટવાનો પ્રયત્ન કરે છે. તેઓ સંસારના સુખને જ સાચું સુખ માની લે છે. પરંતુ એ સંસારનું સુખ તો 'ઝાંઝવાના જળ' જેવું હોય છે. દેખાતા સુખની પાછળ દુઃખ હોવાથી તે સાચું સુખ નથી; એવી વિવેકબુદ્ધિ તેઓમાં હોતી નથી. પરિણામે તેઓ અનંત શોકને પામે છે.

શ્રીમદ્ રાજચંદ્રે પોતાને કહેવાની વાતને ભૂમિકારૂપે સુંદર રીતે તૈયાર કરી છે. તેમનું એક એક વાક્ય એટલું સ્વાભાવિક અને તર્કબદ્ધ હોય છે કે તેની પ્રતીતિ અને અસર આપણા ચિત્તને થાય છે. મુક્તિ મેળવવા માટે વૈરાગ્યનું મહત્ત્વ દર્શાવી તેમણે 'પ્રથમ દર્શન' શીર્ષક હેઠળ બાર ભાવનાઓનો સંક્ષેપમાં પરિચય આપ્યો છે પછી ભાવના વિશે તેઓ લખે છે.

***"અમે મુક્તિ સાધ્ય કરવા માટે જે વૈરાગ્યની આવશ્યકતા છે તે વૈરાગ્યને દઢ કરનારી બાર ભાવનાઓમાંથી કેટલીક ભાવનાઓ આ દર્શનાંતર્ગત વર્ણવીશું. કેટલીક ભાવનાઓ કેટલાંક વિષયમાં વહેંચી નાખી છે. કેટલીક ભાવનાઓ માટે અન્ય પ્રસંગની અગત્ય છે. તેથી તે વિસ્તારી નથી."*** [૨]

'ભાવનાબોધ'માં કર્તા પહેલેથી જ સૂચવે છે કે અમુક ભાવનાઓનો વિસ્તાર કરવો ઉચિત નથી તથા તેનું અવલોકન કરતાં ખ્યાલ આવે છે કે પહેલી છ ભાવનાઓ તેમણે પછીની ભાવનાઓની સરખામણીમાં વિસ્તારથી સમજાવી છે. પછી તેનો વિશેષાર્થ અને તેને અનુરૂપ દષ્ટાંતો તેમાં કેટલાંક દષ્ટાંતો 'ઉત્તરાધ્યયનસૂત્ર'માંથી તો કેટલાંક અન્ય જગ્યાએથી લીધેલા છે કથા કે દષ્ટાંત સમજાવ્યા પછી ભાવનું રહસ્ય સમજાવતી 'પ્રમાણશિક્ષા' આપી અંતમાં પુષ્પિકા લખી ભાવના પૂર્ણ કરે છે. તેઓ ભાવનાને ગદ્યમાં જ સમજાવી દષ્ટાંત આપે છે તેમાં પુષ્પિકા પણ ટૂંકમાં જ છે. આમ, ભાવનાઓના વિસ્તાર અને લક્ષણો ૬ટ્ઠી ભાવના પછી ધીમે ધીમે ઘટતો જાય છે. તેના કારણે 'ભાવનાબોધ' ગ્રંથની પૃષ્ઠ સંખ્યા મર્યાદામાં રાખવાને એમને ઉદ્દેશ છે.

શ્રીમદ્ રાજચંદ્ર 'ભાવનાબોધ' પ્રત્યે પોતાના વિચારોના સમર્થનમાં ભર્તૃહરિનો એક શ્લોક ટાંકે છે કે–

*"भोग रोगमय कुले व्युतिभयं विते नृपालद्भयं, माने दैन्यभयं बले रिपुभवं रूपे तरुण्या भयं । शास्त्रो वादभयं गुणे खलभयं काये कृतान्ताद्भयं, सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यभवीभयं ॥ "* [૧૧]

વિશ્વના સંસારની સારી ગણાતી દરેકે દરેક વસ્તુમાં ભય રહ્યો છે. માત્રને માત્ર વૈરાગ્ય જ ભયથી મુક્ત છે. એવું ભર્તૃહરિના આ ઉપરોક્ત શ્લોકમાં પ્રતિપાદન થાય છે. આ શ્લોકને વિસ્તારથી સમજાવ્યા પછી તેનું વિવેચન કર્યું છે કે ભતૃહરિ એક જ આમ કહે છે એમ નથી. પરંતુ ભતૃહરિથી ચડિયાતા અને ઉત્તમ વિદ્વાનો, તત્ત્વજ્ઞાનીઓ પણ આવું જ કહે

છે તે બધાએ સંસારની તેની જડતાને એકાંતે દુ:ખમાં કહ્યો છે. આવા પ્રકારના સંસારના દુ:ખથી છૂટવા માટે ઘણાં ખરાં ઉપાયો તેમણે બતાવ્યા છે જેમકે વિવેક, વિનય, બ્રહ્મચર્ય, ક્ષમા, હિંસા, ત્યાગ વગેરે. એ રસ્તે ચાલીને જો પુરુષાર્થ કરવાથી સર્વનું કર્તવ્ય છે. એવો ઉપદેશ તેઓએ આપ્યો છે. ભગવાન મહાવીરનો સંસાર ત્યાગનો આવો જ ઉપદેશ હતો. હૃદયમાં વસી જાય તેની સચોટ સરળ ભાષાશૈલી દ્વારા તત્ત્વની સૂક્ષ્મતાની બાબતમાં ભગવાન મહાવીર શ્રેષ્ઠ છે. તેવો અભિપ્રાય શ્રીમદ્ આપે છે.

હવે એ પ્રત્યેક ભાવના વિશે શ્રીમદ્દે જે વિચારો 'ભાવનાબોધ'માં વ્યક્ત કર્યો છે તે વિગતે જોઈએ.

## (૧) અનિત્યભાવના :

શ્રીમદ્દે 'અનિત્યભાવના'ની શરૂઆતમાં ઉપજાતિ છંદમાં ચાર પંક્તિઓ આપી છે. બધી વસ્તુઓની અનિત્યતા સમજાવી છે અને તેનો વિશેષાર્થ ગદ્યમાં વિસ્તારથી સમજાવ્યો છે.

***"વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ,***

***આયુષ્ય તે તો જળમાં તરંગ;***

***પુરંદરી ચાપ અનંગ રંગ,***

***શું રાખીએ ત્યાં ક્ષણનો પ્રસંગ?"*** [૧૨]

સંસારની બધી જ વસ્તુઓ બધા જ સુખો લક્ષ્મી, દેહ, અધિકાર, કુટુંબ, પરિવાર વગેરે નાશંવત છે. એ બધાનો એક દિવસ નાશ થવાનો જ છે. માત્ર આત્મા જ નિત્ય છે, અમર છે. આત્માની ધ્યાન ધરવાથી પરમ સુખની પ્રાપ્તિ થાય છે. જ્યારે નાશવંત સુખનો મોહ રાખવાથી દુ:ખ જ મળે છે. આવો વિચાર કરવો તે પહેલી અનિત્યભાવના.

આમ, સંસારના નાશવંત સુખનો ખ્યાત આપવા તેમણે 'ભિખારીનો ખેદ' નામનું દષ્ટાંત આપ્યું છે. સરળ ભાષામાં લખાયેલા આ દષ્ટાંતમાં તેમણે વચ્ચે વચ્ચે હાસ્યયુક્ત વચનો મૂકીને દષ્ટાંતને રસિક બનાવ્યું છે. આ દષ્ટાંતનું કયાંય વધારે વર્ણન કહેલું નથી અને એ જૈન સૂત્રગ્રંથોમાં જોવા મળતું નથી અને એ સ્વતંત્ર રચના હોય એમ લાગે છે.

## (૨) અશરણભાવના :

'મરણને શસ્ત્ર' કહેવત અનુસાર સંસારમાં મરણ સમયે જીવને શરણ આપનાર ધર્મ સિવાય બીજું કોઈ નથી હોતું. તેમ વિચારવું તે અશરણભાવના તેમણે ઉપજાતિ છંદમાં ચાર પંક્તિ આપી છે અને ગદ્યમાં તેનો વિશેષાર્થ આપ્યો છે પછી તે સંસારને શરણરૂપી માનવાથી કાયમ સશરણતા જ રહે તેવો બોધ આપતું 'અનાથમુનિ'નું ચરિત્ર આલેખ્યું છે.

'અનાથમુનિ'ના ચરિત્ર પરથી સંસારની અશરણના સ્પષ્ટ થાય છે. આત્માએ તો મુનિ કરતા અનંત દુઃખ સહ્યા છે. પણ સાચું સુખ ન સમજાયું હોવાના લીધે તેનાથી છૂટયું નથી. તેમ દુઃખથી છૂટવા શ્રીમદ્દે 'પ્રમાણશિક્ષા'માં બોધ આપે છે. આ ઉપરાંત રાજા જે વનમાં ફરવા જાય છે તે વનનું ચિત્રાત્મક વર્ણન કર્યું છે તથા શ્રેણિક રાજાએ વનમાં જોવા મુનિ કેવા હતા તે પણ એક જ શ્લોકમાં જણાવ્યું છે. જુઓ !

*"अज्ञे वण्णो अहो रूपं अत्रे अज्जस्स सोमया ।*

*अहो खंती अहो मुती अहो भोगे असंगया ॥"* [१३]

અહીં મુનિના બધા જ ગુણો અહોભાવથી રજૂ કરે છે તેનાથી આપણને મુનિની ઉત્તમતાનો ખ્યાલ આવે છે. આમ, શ્રીમદ્દે અહીં કથાને પોતાની વિશિષ્ટ ભાષાશૈલીથી વધુ રોચક તથા અસરકારક બનાવી છે. ભિન્ન ભિન્ન મેળવેલી વિદ્યાનો દૂરપયોગ કરવો, મુનિત્વના નિયમો ન પાળવા વગેરે અનાથિપણાંના બીજી જાતના લક્ષણો અઢાર શ્લોકમાં અધ્યયનમાં આપ્યાં છે.

## (૩) એકત્વભાવના :

એકત્વભાવના ભાવ ઉપજાતિ છંદમાં દર્શાવી, ગદ્યમાં તેનો વિશેષાર્થ આપ્યો છે.

> ***"શરીરમાં વ્યાધિ પ્રત્યક્ષ થાય,***
> ***તે કોઈ અન્યે લઈ ના શકાય;***
> ***એ ભોગવે એક સ્વ આત્મ પોતે,***
> ***એકત્વ એથી નયસુજ્ઞ ગોતે."*** [૧૪]

આત્મા એકલો જ છે, તે એકલો જ આવ્યો ને એકલો જ જવાનો છે. તેને કરેલા કર્મ તે એકલાએ જ ભોગવવાનો છે. એ માનવું તે એકત્વભાવના.

શ્રી નમિરાજર્ષિ અને વિપ્રના વેશે આવેલો શકેન્દ્રનો વૈરાગ્યોપદેશક સંવાદ પણ આપ્યો છે. 'પ્રમાણશિક્ષા'માં તેમણે શ્રી નમિરાજર્ષિને એકત્વ સિદ્ધ થયું તે પ્રસંગને પરમ સુંદર ભાવવાહી શબ્દોમાં વર્ણવી, તેનો સાર શાર્દુલવિક્રીડિત છંદની એક કડીમાં આપ્યો છે અને પ્રસંગને અનુરૂપ પદ્યરચના કરવાની તેમની શૈલીનો પરિચય મળે છે.

આમ, 'પ્રમાણશિક્ષા'માં શ્રીમદ્ રાજચંદ્રે શ્રીનમિરાજર્ષિની એકત્વભાવના, વૈરાગ્ય જાળવી રાખવા બદલ પ્રશંસા કરી, અહીં શ્રીમદ્દે શ્રીનમિરાજર્ષિ અને શકેન્દ્રનો સંવાદ 'ઉત્તરાધ્યયનસૂત્ર'ના નવમાં અધ્યયનમાંથી લીધેલો છે. આવી ભાવના વાંચીએ ત્યારે મૌલિક ભાવના વાંચતા હોઈએ એવી છાપ આપણા પર પડે છે. કયાંયથી આધારિત વસ્તુ લીધી હોય એવું લાગતું નથી.

આમ, અહીં શ્રીમદ્ રાજચંદ્રને શાસ્ત્રોક્ત પ્રસંગને આત્મસાત્ કરવાની શક્તિનો પરિચય થાય છે.

## (૪) અન્યત્વભાવના :

'અન્યત્વભાવના' શાર્દૂલવિક્રીડિત છંદની ચાર પંક્તિઓમાં સમજાવી છે અને તેનો વિશેષાર્થ ગદ્યમાં આપ્યો છે. ભાવનાને દઢ કરતું શ્રી ભરત ચક્રવર્તીનું ચરિત્ર આપ્યું છે. જેમાં તેના વૈભવનું આબેહૂબ શબ્દચિત્ર આલેખ્યું છે.

> ***"આ સંસારમાં કોઈ કોઈનું નથી એમ ચિંતવવું તે પાંચમી અન્યત્વભાવના."*** [૧૫]

વૈભવ, લક્ષ્મી, પરિવાર, સ્ત્રી, પુત્ર વગેરેમાં પોતાનું કશું જ નથી. તેમાં રહેલો મોહ અજ્ઞાનપણાનો છે તે સર્વને માનવા તે અન્યત્વભાવના.

ભરત ચક્રવર્તીએ અરીસાભુવનમાં અન્યત્વભાવના વિચારતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું હતું. તે દષ્ટાંત આ ભાવના વિશે અપાયું છે. અરીસા ભુવનમાં તેમની એક આંગળીમાંથી વીંટી સરી પડતાં આંગળી અડવી જણાઈ. તે એ પરથી ભરત રાજાને એક વિચારધારા ઉત્પન્ન થઈ. વૈરાગ્યથી સ્ફૂરણા થઈને પરિણામે કેવળજ્ઞાન થયું તે પ્રસંગનું આલેખન કર્યું છે. ત્યાર પછી આખી કથાનો સાર શાર્દૂલવિક્રીડિત છંદની ચાર પંક્તિઓમાં આપી તેનો વિશેષાર્થ આપ્યો છે. જુઓ :

> ***"દેખી આંગળી આપ એક અડવી, વૈરાગ્ય વેગે ગયા,***
>
> ***છાંડી રાસ સમાજને ભરતજી, કૈવલ્યજ્ઞાન થયા;***
>
> ***ચોથું ચિત્ર પવિત્ર એ જ ચરિતે, પામ્યું અહીં પૂર્ણતા,***
>
> ***જ્ઞાનીના મન તેહ રંજન કરો, વૈરાગ્ય ભાવે થયા."*** [૧૬]

તીર્થંકર ઋષભદેવના પુત્ર અને ભરત ચક્રવર્તી હતા. તેમની કથા અનેક વિદ્વાનોએ લખી છે તે સર્વ કથાઓ ભરતેશ્વરને અરીસાભુવનમાં જ્ઞાન ઉપજયું હતું તેમ જણાવે છે.

અહીં શ્રીમદ્ રાજચંદ્રે આ કથાનો આપેલો ભાગ ‘ત્રિષિષ્ટિશલાકાપુરુષચરિત્ર’ના પહેલાં પર્વના છઠ્ઠા સર્ગના અંત ભાગ ઉપરથી લીધો લાગે છે. તેથી મુદ્દાનો પ્રસંગ આપેલ છે. મુખ્ય પ્રસંગ તે કથા અનુસાર વર્ણવેલા છે, પણ તેને રજૂ કર્યો છે. પોતાની રીતે તેથી એ વિશેની સુંદર વિચારણા તથા ભરત ચક્રવર્તીનો વૈભવ એક સળંગ દીર્ઘ વાક્યમાં રજૂ કર્યો છે.

## (૫) અશુચિભાવના :

શરીર એ પવિત્ર છે. ઘણાં રોગો તેમજ જરાનું ધામ છે. મળમૂત્રની ખાણ છે એવા શરીરથી હું અલગ છું એમ વિચારવું તે અશુચિભાવના.

‘અશુચિભાવના’માં તેમણે ગીતિની બે પંક્તિ આપી, તેના વિશેષાર્થ રજૂ કરી, સનતકુમાર ચક્રવર્તીનું ચરિત્ર આપ્યું છે. જેમાં અશુચિમય શરીરમાં થોડું પણ માન કરતા કેવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે તે બતાવ્યું છે. ભરત ચક્રવર્તી જેવી રિધ્ધી–સિધ્ધી સનતકુમારને વર્ણ અને રૂપ અનુમાન હતા; તેમના રૂપના વખાણ સાંભળીને બ્રાહ્મણરૂપે બે દેવ તેમની પાસે આવ્યા હતા. ત્યારે સનતકુમાર સ્નાન કરવાની તૈયારીમાં હોવાથી તેમનો દેહ ખેળ ભર્યો હતો છતાં તેનું તેજ અને ક્રાંતિ જોઈ દેવો પ્રસન્ન થયાં ત્યારે સનતકુમારે જણાવ્યું કે હું જ્યારે વસ્ત્રાલંકાર ધારણ કરી રાજ્યસભામાં બેસું ત્યારે મારી ક્રાંતિ જોવા જેવી વિશેષ હશે. અને એમને જોવા આવવાનું આમંત્રણ આપ્યું અને બ્રાહ્મણો હા કહી વિદાય થયાં. રાજ્યસભામાં આવ્યા તો ઘણો આનંદ થવાને બદલે નફરત થઈ. સનતકુમારે કારણ પૂછતા બ્રાહ્મણોએ કહ્યું કે તમારી કાયા અતુલ્ય હતી. અત્યારે ઝેરરૂપ છે એટલે અમે ખેદ પામ્યા. આ વાતની ખાતરી કરતાં તાંબુલ થૂંકી તેના ઉપર માખી બેસવા દીધી. તો માખી મરી ગઈ અને એટલે બ્રાહ્મણોની વાત સાબિત થઈ.

આમ, પૂર્વજન્મનો મદ સાથે યોગ થતાં રાજાની કાયા ઝેરમય બની ગઈ અને રાજાને કાયાનો આવો પ્રપંચ જોઈ વૈરાગ્ય થયો. આ વૈરાગ્ય દઢ થતાં તેમણે સંસારનો ત્યાગ કર્યો અને સાધુવેશે નિકળી ગયા.

શ્રીમદ્ રાજચંદ્રે ‘પ્રમાણશિક્ષા’માં જે કાયા અનેક રોગનું ઉત્પત્તિસ્થાન છે તેમાં માયા ન કરવા જણાવ્યું છે.

## (૬) સંસારભાવના :

અહીં સંસારની નિવૃત્તિ લેવાનો બોધ આપેલો છે. અનંતકાળથી જીવ ફર્યા કરે છે. તે પરિભ્રમણમાંથી હું કયારે છૂટીશ? સંસાર મારો નથી, હું તો મોક્ષમય છું. આવું ચિંતન કરવું તે સંસારભાવના – નિવૃત્તિબોધ.

‘સંસારભાવના’માં નારાચ છંદની ચાર પંક્તિ આપી છે તેનો વિશેષાર્થ સમજાવી, શ્રી મૃગાપુત્રનું વૈરાગ્યપ્રેરક ચરિત્ર વર્ણવી, સંસારનું સ્વરૂપ દર્શાવ્યું છે. આ ચરિત્ર ઊંડો વિચાર કરવા દોરે છે. મૃગાપુત્ર અને તેનાં માતા–પિતા વચ્ચેનાં સંવાદ સંસારની અસરતા બતાવે છે.

## (૭) આશ્રયભાવના :

અજ્ઞાન, રાગ, મિથ્યાત્વ, દ્વેષ વગેરે પાપને પ્રવેશ કરવાના સ્થાનકો છે તેવું જાણવું તે આશ્રયભાવના.

તેમણે આશ્રયભાવના ગદ્યમાં સંક્ષેપમાં સમજાવી છે. શ્રી કુંડરિક મુનિએ હજારો વર્ષ ચરિત્ર પાળ્યું. પરંતું પરિણામ બગડતાં ફરી પાછું રાજ્ય ગ્રહણ કરી, વેર લેવાના વિચારમાં મરી, સાતમાં નરકે ગયા ત્યાં સુધીની કથા આપી છે. પાપને પ્રવેશ કરવાના કુલ ૫૭ સ્થાનકો છે પુંડરિક અને કુંડરિક નામના બે ભાઈઓ પુંડરિકિણી નગરમાં રાજ્ય કરતાં હતા. કુંડરિકને વૈરાગ્ય ઉત્પન્ન થતાં તેમણે પુંડરિકને રાજય સોંપી દીધું. ત્યારબાદ થોડાં સમય પછી રાજ્યમાં પાછો આવે છે ને રાજય માંગે છે ત્યાં પુંડરિક સાચો રસ્તો બતાવે છે પરંતુ તો પણ તે પોતાની જીદ પકડી રાખે છે.

આમ, પુંડરિક રાજ્ય સોંપી મુનિત્વ ગ્રહણ કરી ચાલી નીકળે છે અને કુંડરિક ખૂબ ત્રાસ પામી નરકમાં જાય છે. આમ, આ કથા ખૂબ રસપ્રદ છે. તેમાં 'જ્ઞાતાધર્મ કથાંગ સૂત્ર'ના પ્રથમ સ્કંધના ૧૯માં 'પુંડરિયણાય' પ્રકરણમાં જોવા મળે છે. એ રીતે જોતાં ભાવના ટૂંકમાં પૂરી કરી છે.

## (૮) સંવરભાવના :

ઉપર જણાવ્યાં અનુસાર ૫૭ સ્થાનકોથી પાપને પ્રવેશતા રોકવા તે સંવરભાવના. 'સંવરભાવના' સમજાવવા માટે શ્રીમદ્ રાજચંદ્રે અહીં બે દૃષ્ટાંતો આપ્યા છે. પ્રથમ આશ્રયભાવનામાં આપેલું દૃષ્ટાંત પૂર્ણ કર્યું છે કે પુંડરિક મુનિત્વ ગ્રહણ કરી, ગુરુને મળ્યા પછી જ અન્ન–જળ ગ્રહણ કરવાં એવો નિર્ણય કરી, રસ્તામાં આવતા કાંટા–કાંકરા વાગવાથી લોહી નીકળવા છતા ઉત્તમ ક્ષમતા ભાવે રહી સવાર્થસિદ્ધિ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાર પછી આ ભાવનાને બીજા દૃષ્ટાંતરૂપે વ્રજસ્વામીની કથા આપી છે.

આ ભાવનાની સમજૂતી પદ્યપંક્તિ, વિશેષાર્થ, પ્રમાણશિક્ષામાં એવું કાંઈ નથી, પરંતુ સીધાં બે દૃષ્ટાંતો જ આપ્યાં છે. પહેલાં તેમણે આશ્રયભાવનાનું અપૂર્ણ દૃષ્ટાંતમાં પાપને આવતાં રોકવાથી પુંડરિક ઉચ્ચ સ્થિતિને પામે છે એ બતાવતું ચિત્ર અહીં આલેખ્યું છે. જ્યારે બીજા દૃષ્ટાંતરૂપે વ્રજસ્વામીની કથામાં તેમણે વ્રજસ્વામી પાપના માર્ગને બંધ કરીને બેઠા હોવાથી તેમને રૂકમણીના રૂપની અસર ન થઈ ને દુઃખ તેની પાસે આવી શકયું નહીં. કંચન–કામિનીના ત્યાગી વ્રજસ્વામી પર શ્રેષ્ઠ કન્યા મંત્રમુગ્ધ બની તે અઢળક ધન–સંપત્તિ, અનેક પ્રકારનાં ભોગના સુખ ભોગવવાની અન્ય કેટલાંય ઉપાયો દ્વારા મુનિને ભોગ–ભોગવવા પ્રયાસો કર્યો. મુનિ પોતાના સંયમમાં મક્કમ રહ્યા તેથી રુકમણીના દરેક પ્રયત્નો નિષ્ફળ ગયા. અંત રુકમણી પણ મુનિની દઢતાથી બોધ લઈ સાધ્વી થઈ.

આમ, વ્રજસ્વામીની કથા આપણને પ્રભાચંદ્રસૂરિના 'પ્રભાવકચરિત્ર'માં જોવા મળે છે.

## (૯) નિર્જરાભાવના :

બાર જાતના તપથી કર્મસમૂહને બાળવો તે તથા જ્ઞાન સાથે ક્રિયા કરવી તે નિર્જરાનું કારણ છે. એમ ચિંતવવું તે નિર્જરાભાવના.

અહીં તેમણે દઢપ્રહારીને કઈ રીતે કર્મની નિર્જરા થઈ હતી તેનું દષ્ટાંત આપ્યું છે. દઢ પ્રહારી બ્રાહ્મણ પુત્ર હતા. પરંતુ વ્યસની હોવાથી ચોરમંડળમાં ભળ્યા અને મંડળીના આગેવાનોમાં માનીતા થઈ ગયા તે લૂંટફાટ કરી ચોરી કરતા ને ચોરી કરવામાં પ્રવીણ હોવાથી એ દઢપ્રહારી કહેવાયો. આમ, અહીં દઢપ્રહારી કઈ રીતે કર્મની નિર્જરા થઈ હતી તેનું દષ્ટાંત આપણને 'આવશ્યક નિર્યુક્તિ'ની ૯૫રમી ગાથાની ટીકામાં, ઉપરાંત 'ઉપદેશપ્રસાદ' પણ જોવા મળે છે.

## (૧૦) લોકસ્વરૂપભાવના :

અહીં શ્રીમદ્ રાજચંદ્રે જગતનું સ્વરૂપ કેવું છે, તેમાં શું રહેલું છે તે ટુંકાણમાં આપી ભાવના પૂર્ણ કરી છે. આ ભાવના બધી ભાવનાઓમાંથી સૌથી ટૂંકી છે. આ ભાવના મનુષ્યને વૈરાગ્ય માટે બહુ ઉપયોગી ન થાય એમ વિચારી ટુંકાણમાં આપી હોય એવું લાગે છે.

આમ, દસ ભાવનાઓ પૂરી થયા પછી અંતમાં 'ભાવનાબોધ' ગ્રંથ પૂર્ણ કરતા તેમણે એક દોહો લખ્યો છે–

***"જ્ઞાન, ધ્યાન, વૈરાગ્યમય, ઉત્તમ જુદાં વિચાર;***

***એ ભાવે શુભ ભાવના, તે ઉત્તરે ભવ પાર."*** [૧૭]

'ભાવનાબોધ'માં કથારસિક જીવો પણ સાચી વસ્તુ સમજી શકે તેવો સરળ ઉપાય તેણે અપનાવ્યો છે. તેનું ગદ્ય સરળ ભાવવાહી શૈલી તેમજ રસપ્રદ દષ્ટાંતોથી ભરપૂર છે. તેણે 'ઉત્તરાધ્યનસૂત્ર', 'ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર' જેવા શાસ્ત્રોના આધારે કથાઓ લીધી હોય એવું લાગે છે. 'ભાવનાબોધ' વાંચતાં આપણને શ્રીમદ્ રાજચંદ્રના વૈરાગ્યના વિચારોની

છાપ પડે છે. સાથે મૌલિક રચના હોય તેવું પણ લાગે છે. બધાય શાસ્ત્રીય પ્રસંગને આત્મસાત્ કરવાની એમની શક્તિનો પરિચય આપણને થાય છે. સાથોસાથ વાર્તાનું ઔચિત્ય જાળવવાની શક્તિનો પણ ખ્યાલ આવે છે.

દરેક ભાવનાના ચિત્રમાંથી આપણને એક જ વસ્તુ નજરે આવે છે તે તેમની સંસાર પ્રત્યેની અરુચિ. જો તેમને સંસાર પ્રત્યે આવો વૈરાગ્ય થયો ન હોત તો તેમને આ વિષય પર લખવાનું સૂઝ્યું ન હોત. એટલે જ 'ભાવનાબોધ'ના પાને–પાને વૈરાગ્યરસ સ્ફૂરતો દેખાય છે તે પરથી તેમની ઉચ્ચ વૈરાગ્યમય દશાનાં દર્શન થાય છે ઉપરાંત વાચક પર પણ વૈરાગ્યમય વિચારોની છાપ પડે છે. 'ભાવનાબોધ'નું વાંચન કરવાથી ચિંતન કરવાથી આપણને આત્માને ઉજ્જવળ કરનાર વૈરાગ્યમય ગુણોની પ્રાપ્તિ થાય છે. 'ભાવનાબોધ'ની પદ્યરચનાઓમાં ભાષાની સરળતા, સચોટતા, સ્પષ્ટતા, સ્વાભાવિકતા જોવા મળે છે. તત્ત્વચિંતન તે આગવું આકર્ષણ છે.

'ભાવનાબોધ'માં કથાઓ દ્વારા ભાવનાઓનું વર્ણન કરેલું હોવાથી, સુપાત્રતા પામવાના અને કષાયાદિ દૂર કરવાના સાધન તરીકે આ ગ્રંથ સરળ સાધન છે. 'ભાવનાબોધ'માં સામાન્ય માણસને કથારસમાં તેમજ કાવ્યરસની સાથે જ્ઞાન પણ મળતું હોવાથી ખૂબજ ઉપયોગી, લાભદાયક પુસ્તક બન્યું છે.

આમ, ભાવનાબોધ'ની પદ્યરચનાઓ ઉપરથી તેમની કવિત્વ શક્તિનો ખ્યાલ આવે છે.

## ❖ આત્મસિદ્ધિશાસ્ત્ર :

'આત્મસિદ્ધિશાસ્ત્ર' શ્રીમદ્ રાજચંદ્રના સાહિત્યમાં મુગટમણિ સમાન છે. આત્માના વિષયમાં મહાગીતસમું અને આત્મીયનિષદરૂપ 'આત્માસિદ્ધિશાસ્ત્ર' તેમની સર્વ કૃતિઓમાં શ્રેષ્ઠ છે. તેમજ પદ્યકૃતિ છે. શ્રીમદ્‌ની પ્રબળ સર્જનશક્તિ તથા ઉચ્ચ આત્મદશાનો પુરાવો આપતી આ કૃતિ તેમના સમગ્ર સાહિત્ય સર્જનમાં અનોખી ભાત પાડે છે.

'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં મુખ્યત્વે આત્માનું જ ચિંતન આપ્યું છે તથા તેમાં નિરૂપાયેલા વિષયોમાં સૌથી અગત્યનું દ્રવ્ય તે 'આત્મા' છે. અજ્ઞાની જીવો પોતામા અવસ્થિત શુદ્ધાત્મતત્ત્વ પ્રત્યે પ્રેમ જાગૃત કરી શકે અને તેમાં એકાગ્ર થઈ શકે તે માટે એમણે ખૂબ સાદી–સરળ ગુજરાતી ભાષામાં 'દોહા' તથા છંદનો ઉપયોગ કરીને 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની રચના કરી છે.

સૌરાષ્ટ્રના સાયલા નિવાસી શ્રી સૌભાગ્યભાઈ શ્રીમદ્ રાજચંદ્રની આ ચિરંજીવી કૃતિના પ્રેરક નિર્મિત હતા. વિ.સં.૧૯૫૧માં શ્રીમદ્‌ના પરમ મિત્ર સૌભાગ્યભાઈ ઉપર 'છ પદનો પત્ર' મોકલવામાં આવ્યો તે પહેલા ૧૯૫૦માં શ્રી લઘુરાજસ્વામીની તબિયત સારી નહોતી તે દરમિયાન તેમણે સુરતથી એક પત્ર શ્રીમદ્‌ને લખ્યો છે.

***"હવે આ દેહ બચે તેમ નથી અને હું સમકિત પામ્યા વિના જઈશ તો મારો મનુષ્યભવ વૃથા જશે. કૃપા કરીને મને સમકિત આપો."*** [૧૯]

ત્યારે શ્રીમદ્દે તેમની વિનંતીને ધ્યાનમાં રાખીને તત્ત્વજ્ઞાનનો બોધ આપતા 'આત્માના છ પદ' સમજાવતો પત્ર લખ્યો અને તે પત્રને વાંચવા, વિચારવા તથા મનન કરવા માટે લઘુરાજ સ્વામીને કરવા કહેલું. તે સંપૂર્ણ પત્ર ગદ્યમાં હતો એટલે કે આ બાબતનો થોડાં જ સમય પછી સૌભાગ્યભાઈની તબિયત નરમ–ગરમ રહેતી હતી. એટલે શ્રીમદ્દે આ જ પત્ર તેમને પણ વાંચવા, વિચારવા તથા મનન કરવા માટે કહેલું. પરંતુ આ પત્ર ગદ્યમાં હોવાથી વયોવૃદ્ધ શ્રી સૌભાગ્યભાઈને તેનો મુખપાઠ કરતા મુશ્કેલી પડતી હતી. એટલે એમને થયું કે અન્ય મુમુક્ષુભાઈઓને પણ મુખપાઠ કરવામાં મુશ્કેલી પડશે.

ત્યારબાદ વિ.સં.૧૯૫૨માં શ્રીમદ્‌નો સમાગમ ખંભાતમાં થયો ત્યારે પોતાની મુશ્કેલી રજુ કરતાં તેમણે જણાવ્યું કે આ 'છ પદનો પત્ર' ગદ્યમાં હોવાથી યાદ કરવામાં ખૂબ જ મુશ્કેલીઓ થાય છે. તેમણે વધુમાં જણાવ્યું કે જો બિમારી વખતે સુતા સુતા પણ રટણ–સ્મરણ કરી શકાય તેવી પદ્યરચના લખી આપો તો સર્વ મુમુક્ષુઓ ઉપર ઉપકાર

થાય. આમ, શ્રી સૌભાગ્યભાઈની વિનંતીના ફળ સ્વરૂપે શ્રીમદ્ રાજચંદ્રની અંતરંગ વિશુદ્ધિમાંથી, છ પદને કાવ્યબદ્ધ કરતું 'આત્મસિદ્ધિશાસ્ત્ર' રૂપે પ્રગટ થયું.

'આત્મસિદ્ધિશાસ્ત્ર'નું મંગળ સર્જન વિ.સં.૧૯૫૨ના આસો માસમાં શ્રીમદ્ રાજચંદ્ર ચરોતરના નડિયાદ પધાર્યા હતા. તેઓ નડિયાદ મુકામે નિવૃત્તિ માટે રહ્યા હતા ત્યાં અંબાલાલભાઈ તેમની સેવામાં હતા. શરદપૂર્ણિમાના બીજા દિવસે એટલે આસો વદ ૧ની સાંજે બહાર ફરી આવીને શ્રીમદ્દે અંબાલાલભાઈ ખડિયો, કલમ તથા કાગળ માંગ્યા. એટલે અંબાલાલભાઈ તેમને જોઈતી બધી લેખન સામગ્રી લાવી આપી અને શ્રીમદ્ રાજચંદ્ર લખવા બેઠા તેમને લખવામાં સગવડ રહે તે માટે અંબાલાલભાઈ તેમની પાસે ફાનસ ધરીને અચળ ઊભા રહ્યા અને શ્રીમદ્દની કલમ એકધારાએ ચાલી અને એક જ બેઠકે માત્ર દોઢ–બે કલાકના ટૂંકા સમયમાં 'ષડ્દર્શનના સારરૂપ આત્મસિદ્ધિશાસ્ત્ર'ની ૧૪૨ ગાથાની રચના કરી.

'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની ૧૪૨ ગાથાઓ સંપૂર્ણ થઈ ત્યાં સુધી અંબાલાલભાઈ ફાનસ ધરી દીવાની જેમ ખડે પગે ઊભા રહ્યા અને અનેક મુમુક્ષુના જીવનમાં અંધકારને દૂર કરવા માટે પરમભક્ત અંબાલાલભાઈએ ભગીરથ મહાનતા દર્શાવી હતી. આ દિવ્યસર્જનમાં શ્રીમદ્દે છ પદનો મૂળ વિષય સમજાવીને આત્મસિદ્ધિનો મૂળ માર્ગ સર્વ જીવો માટે અનાવરિત કર્યો છે તેમણે છ પદનો મૂળ વિષય સમજાવતા પહેલાં શ્રીમદ્દે પીઠિકારૂપે પ્રથમ ૪૨ ગાથાઓમાં અનેક બાબતો સ્પષ્ટ કરી છે. આમ, દરેક મનુષ્યના જીવનના અંધકારને દૂર કરી આત્મપ્રતીતિરૂપ સહજ આનંદ પ્રગટ કરવા માટે 'આત્મસિદ્ધિશાસ્ત્ર' અંબાલાલભાઈને આપવામાં આવ્યું અને તેની ચાર નકલ કરીને ચાર મહાભાગ્યશાળી વ્યક્તિઓને શ્રી સૌભાગ્યભાઈ, અંબાલાલભાઈ, શ્રી લલ્લુજીસ્વામી અને ઝવેરી માણેકલાલ ઘેલાભાઈને આપવામાં આવી.

આમ, મહાન ગંભીર વિષયોને સહેલાઈથી પદ્યમાં ઉતારનાર તથા સર્વમાં યથાશક્તિ ઉત્તમ તત્ત્વ સમજી ઉન્નતિ સાધી શકે તેવી સરળ ભાષા દ્વારા આ જમાનામાં કેવા

પ્રકારના શાસ્ત્રોની રચના કરવી જોઈએ. તેનો આદર્શ દષ્ટિએ વિચાર કરવા માટે શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્મસિદ્ધિશાસ્ત્રની રચના કરીને સમજાવ્યું છે. જેને મહાપુરુષની મહાનતા સમજાઈ ન હોય તેને વધારે ભાષણ ઉપર વિશ્વાસ ન હોય. જેમને તીવ્ર જિજ્ઞાસાની સાચી અનુભૂતિ થઈ ન હોય અને જેમને લૌકિક માન, પૂજા–અર્ચના, મીઠાશ, મમતા વગેરે છૂટયા ન હોય તેમને આ આત્મસિદ્ધિશાસ્ત્ર વિશેષ ઉપયોગી ન થાય એમ વિચારીને તેમણે ચાર વ્યક્તિને વિચારવા, મનન કરવા માટે આજ્ઞા કરી હતી.

આમ, આત્મસિદ્ધિશાસ્ત્રમાં નિરૂપાયેલા વિષયમાં સૌથી મહત્ત્વની બાબત છે આત્મા. આત્માની પ્રતીતિ આવે તો સમ્યગદર્શન થાય. એ દષ્ટિએ આ ગ્રંથનું મહત્ત્વ કેટલું હોવું જોઈએ ? એટલે જ આત્મસિદ્ધિશાસ્ત્રની વિશેષતા એ છે કે તે ચાર વ્યક્તિને લક્ષ્યમાં રાખીને લખાયો હતો. છતાં બધા જ મુમુક્ષુઓને ખૂબજ ઉપયોગી થઈ શકે તેમ છે. આમ, ઉપરોક્ત બાબતો 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની નિમિત્ત બની હતી.

'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં આત્માની સિદ્ધિ કઈ રીતે થાય તે માટે શ્રીમદ્દે આત્માના છ પદ સમજાવીને બતાવ્યું છે. આ સંપૂર્ણ કૃતિ દોહરામાં છે. સૌપ્રથમ તેમણે મંગલાચરણ કર્યું છે. ત્યારબાદ રચનાનો હેતુ સમજાવ્યો છે ત્યાર પછી તેમણે શુષ્કજ્ઞાની અને ક્રિયાજડ લોકોનું સ્વરૂપ, વૈરાગ્ય અને આત્માજ્ઞાનનું મહત્ત્વ, સદ્ગુરુની આજ્ઞાઓ પાળવાનું મહત્ત્વ તથા તેમના લક્ષણો અને સાથે સાથે શિષ્યએ પોતાનો ધર્મ પાળવા માટેના લક્ષણો આ સમગ્ર બાબતને ટૂંકમાં ૨૨ ગાથામાં સમજાવેલ છે. ત્યાર પછી ૧૮ જેટલી ગાથામાં મતાર્થી અને આત્માર્થી જીવના લક્ષણો વિસ્તારથી સમજાવ્યાં છે. 'આત્મસિદ્ધિશાસ્ત્ર' ગ્રંથને સમજાવવા માટે જીવમાં કેવા લક્ષણો હોવા જોઈએ અને કેવા લક્ષણો ન હોવા જોઈએ. એ બાબતને તેમણે ૪૧મી ગાથામાં સમજાવ્યું છે.

આમ, શ્રીમદ્ રાજચંદ્રજીએ તત્ત્વસભર ગણાવેલી 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં મુખ્યત્વે આત્માનું જ ચિંતન આપ્યું છે. ૪૩મી ગાથામાં આત્માના છ પદનું નિરૂપણ છે. ૪૪ થી ૧૨૭ સુધીની ગાથા ગુરુ તથા શિષ્યના સંવાદરૂપે રચાઈ છે. અહીં શિષ્યને એ આત્માના

છયે પદ વિશે શંકા થાય છે. તેથી કેટલીક દલીલો તેઓ ગુરુ સમક્ષ કરે છે અને ગુરુ તેની શંકાનું સમાધાન કરાવે છે. અહીં શિષ્યને સૌ પહેલાં પ્રથમ પદ 'આત્મા છે' વિશે શંકા થાય છે અને તેના વિશેની દલીલો રજૂ કરે છે ત્યારે તે તેને પ્રથમ પદનું સમાધાન થાતાં તેમને બીજા પદ 'આત્મા નિત્ય છે' વિશે શંકા થાય છે. આમ, ક્રમશઃ તેમને છયે પદ વિશે શંકા થયા કરે છે અને ગુરુ તેમને સમાધાન કરાવે છે. છેલ્લે શિષ્યને છયે પદ માટે ગુરુ તરફથી સંતોષકારક સમાધાન થતાં તેમાં શ્રદ્ધા અને વિશ્વાસ બેસે છે અને તેને સમ્યક્જ્ઞાન થાય છે.

આત્માના છ પદ આ પ્રમાણે છે.

*"૧. આત્મા છે.*

*૨. આત્મા નિત્ય છે.*

*૩. તે આત્મા પોતાના કર્મનો કર્તા છે.*

*૪. તે કર્મનો ભોક્તા છે.*

*૫. મોક્ષ છે.*

*૬. તે મોક્ષનો ઉપાય છે."*[૨૦]

આમ, શ્રીમદ્ રાજચંદ્રના સમગ્ર સાહિત્યમાં સૌથી ઉત્તમ એવી આ કૃતિમાં આત્માની શુદ્ધિ અને ગૂઢ તત્ત્વજ્ઞાનીની બાબતો ગુરુ–શિષ્યના સંવાદરૂપે કહેવામાં આવી છે. તેમણે સમગ્ર રચના દોહરામાં કરી છે. આરંભે મંગલાચરણ કર્યા પછી રચનાનો હેતુ સમજાવ્યો છે. મંગલાચરણમાં કર્તા પોતે જેને પરોપકારી ગણે છે. એવી વ્યક્તિને તે નમસ્કાર કરે છે. તેઓ આરંભમાં સદ્‌ગુરુ ભગવાનને નમસ્કાર કરે છે. જે આ પ્રમાણે છે –

***"જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત,***

***સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત."***[૨૧]

જૈન દર્શનમાં સદ્દેવ, સદ્ધર્મ અને સદ્ગુરુ એ પરમ ઉપકારી તત્ત્વો છે તેમાં પણ સદ્દેવ અને સદ્ધર્મની પ્રાપ્તિ તો સદ્ગુરુ દ્વારા જ થઈ શકે છે. અર્થાત્ તે બંનેની સહેલાઈથી પ્રાપ્તિ કરાવનારા તો સદ્ગુરુ જ છે. એટલા માટે તે સૌથી વધુ ઉપકારી તત્ત્વ છે. આમ, સદ્ગુરુનું વિશેષ મહત્ત્વ હોવાથી શ્રીમદ્ સદ્ગુરુને વંદન કરીને ગ્રંથારંભ કરે છે તે ઉપરોક્ત પહેલાં દોહરામાં સમજાવ્યું છે. બીજા દોહરામાં આ ગ્રંથ રચવાનો હેતુ જણાવ્યો છે તેમજ તેમાં મોક્ષનો માર્ગ આત્માર્થી મુમુક્ષુ માટે સ્પષ્ટ નિરૂપવાની તેમની પ્રતિજ્ઞા જોઈ શકાય છે. તેમજ ક્રિયાજડ અને શુષ્કજ્ઞાનીના લક્ષણો કેવા હોય તે તેમણે ચોથી અને પાંચમી ગાથામાં બતાવ્યું છે તેમજ સદ્ગુરુના લક્ષણો તથા શિષ્યધર્મ કેવો હોવો જોઈએ એ વગેરે બાબતો સંક્ષિપ્તમાં ૨૨ ગાથામાં સમાયેલ છે ત્યારબાદ મતાર્થી અને આત્માર્થી જીવના લક્ષણો થોડાં વિસ્તારથી ૧૮ જેટલી ગાથામાં આપ્યા છે. તેમજ બધા જ સદ્ગુરુઓનું મહાત્મ્ય સમજાવતાં શ્રીમદ્દે ૧૧ તથા ૧૨મી ગાથામાં સમજાવ્યું છે. ૧૩મી ગાથામાં આત્મસ્વરૂપ પામવા માટે પ્રત્યક્ષ સદ્ગુરુરૂપી સાધન બતાવી, એ સિવાય અન્ય બીજા સાધનો, જિનમામાદિ વગેરે બાબતનું મહત્ત્વ સમજાવ્યું છે. આમ, શ્રીમદ્દે ૧૪ દોહરા સુધી સદ્ગુરુનું મહત્ત્વ સમજાવ્યું છે. તેમજ ૧૫માં દોહરામાં સદ્ગુરુની આજ્ઞાએ ચાલવાથી જે ફળ આપણને પ્રાપ્ત થાય તે વિશે જણાવ્યું છે ત્યાર પછી ૧૯મી ગાથામાં અંદર આત્માર્થી જીવો સદ્ગુરુ પ્રત્યે ઘણો વિનય દાખવે છે તે વિનય કેવો હોવો જોઈએ તે વિશે સમજાવ્યું છે. ૨૦મી ગાથામાં વિનયનું મહત્ત્વ સમજાવેલ છે જુઓ :

***"એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ;***

***મૂળ હેતુએ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય."***[૨૨]

આ વિનયના માર્ગનો જો કોઈ પણ અસદ્ગુરુ ગેરલાભ ઉઠાવે, પોતાના શિષ્ય પાસેથી માન–સન્માન મેળવવાની આશા રાખે તો તે મોટો મોહનીય કર્મ ઉપાર્જન કરી, અનેક ભવ વધારી મૂકે છે. અહીં ગુરુના માન–સન્માન તરફ ધ્યાન દોર્યું છે ત્યાર પછી ૨૪

થી ૩૩ સુધીની ૯ જેટલી ગાથામાં મતાર્થી જીવના લક્ષણો જણાવ્યાં છે તેનું એક ઉદાહરણ જોઈએ –

***"બાહ્ય ત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય અથવા નિજકુળધર્મના, તે ગુરુમાં જ મમત્વ."*** [૨૩]

અર્થાત્ : જેનામાં આત્મકલ્યાણ કરવાની વૃત્તિ કે પ્રવૃત્તિનો અભાવ હોય તેવા જીવને મતાર્થી ગણાય છે. જેને માત્ર બાહ્યથી જ જ્ઞાન દેખાય છે, પણ આત્મજ્ઞાન નથી એવા ગુરુને મતાર્થી સદ્ગુરુ માને છે અથવા તો પોતાના કુળધર્મની જે ગુરુ પ્રાપ્ત થયા હોય તેમને જ સાચા ગુરુ માનીને તેનામાં જ મમત્વ રાખે છે અને તેનામાં સદ્ગુરુનાં લક્ષણો છે કે નહિ તે બાબતનો વિચાર કરતો પણ નથી. આવા મતાર્થી જીવને કયારેય સદ્ગુરુને યોગ થઈ જાય તો પણ તે તેના ઉપદેશથી તદ્દન વિરુદ્ધ ચાલે છે અને ખરેખર પોતે જ ખરો અને દઢ મુમુક્ષુ છે એમ માનીને પોતે માનેલા ગુરુમાં મતાગ્રહથી મમત્વપણું દઢ કરી અસદ્ગુરુને સદ્ગુરુ માને છે. આવા લક્ષણવાળો જે મતાર્થી જીવ હોય તે જ્ઞાનદશા પામી શકતો નથી અને તેમની પાસે પામવા માટેનું સાધન પણ હોતું નથી.

એટલે તેની સંગતમાં પણ જો કોઈ જીવ આવે તો તે ભવસમુદ્રમાં ડૂબે છે. તેમ છતાં તે પોતાના કુળના જાતનો, પોતાના જ્ઞાનનો મતાગ્રહી બની પોતાના અધિકાર વિનાની દશાને લીધે આત્મર્થ પામી શકતો નથી. આવો અભિપ્રાય તેમણે આ બે દોહરામાં જણાવ્યું છે.

***"જ્ઞાન દશા પામે નહીં, સાધનદશા ન કાંઈ;***

***પામે તેનો સંગ જે, તે બૂડે ભવ માંહી."*** [૨૪]

***"એ પણ જીવ મતાર્થમાં, નિજમાનાદિ કાજ;***

***પામે નહિ પરમાર્થને, અન્-અધિકારીમા જ."*** [૨૫]

અહીં શ્રીમદ્ ‘મોક્ષનો ઉપાય છે’ તે પદની સાર્થકતા વિચારતી વખતે જીવ માત્રમાં જે પ્રકારનું મિથ્યાત્વ પ્રવર્તે છે. તેનો નિર્દેશ કર્યો છે. જે વ્યક્તિ સદ્ગુરુને ઓળખી ન શકે અને તેની આજ્ઞાએ ચાલી ના શકે અને પોતાને સ્વચ્છંદ ગણે તે મિથ્યાત્વનું મહત્ત્વનું લક્ષણ છે. આ બધા જ લક્ષણો શ્રીમદ્ પોતાને થયેલા અનુભવોમાંથી તારવેલા છે. ૪૩મી ગાથામાં તેમણે આત્માના છ પદનું નિરૂપણ કર્યું છે જે આ પ્રમાણે છે.

***“આત્મા છે, ‘તે નિત્ય છે’, ‘છે કર્તા નિજકર્મ,***

***‘છે ભોક્તા, વળી ‘મોક્ષ છે’, ‘મોક્ષ ઉપાય સુધર્મ.’***[૨૬]

***“ભાવાર્થ : આત્મા છે.... મોક્ષનો ઉપાય સુધર્મ છે. જે ધર્મ આત્માને સંસાર પરિભ્રમણથી મુક્ત કરે તે યથાર્થ હિતકારી ધર્મ કહેવાય.”***[૨૭]

હવે આપણે અહીં આત્માના છ પદ વિશે વિગતે ચર્ચા કરીશું.

## ૧. આત્મા છે.

આત્માના અસ્તિત્વને સ્વીકારવું એ મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન છે. જો આત્મા હોય તો જ તેને મુક્ત કરવાની વાત થાય. એ રીતે આત્માનું અસ્તિત્વ જાણવું એ સૌથી મહત્ત્વનું છે. શ્રીમદ્ આ પદ માટે ૪૫ થી ૪૮ સુધીની ૧૪ ગાથાની રચના કરી છે. જેમાની પહેલી ચાર ગાથામાં શિષ્ય પોતાના ગુરુ પાસે હોવારૂપ પ્રથમ પદ વિશે સમાધાન માટે પોતાને થયેલી શંકા રજૂ કરે છે. અહીં શિષ્યને પોતાના ગુરુ ઉપર ખૂબજ સાચો માર્ગ બતાવશે. આમ, છયે પદ ગુરુ–શિષ્યના સંવાદરૂપે આપવામાં આવી છે. શિષ્યને પોતાના મનમાં આત્મા વિશે શંકાઓ ઊભી થઈ છે તે તેમણે ગુરુને દલીલ દ્વારા રજૂ કરેલ છે અને ગુરુ તેમની દરેક શંકાનું સમાધાન પણ કરાવે છે.

પ્રથમ પદ માટે શિષ્ય શંકા કરે છે કે,

*“નથી દષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;*

*બીજો પણ અનુભવ નહિ, તેથી ન જીવસ્વરૂપ.”*[૨૮]

અર્થાત્ : આત્મા પ્રત્યક્ષ જોવામાં આવતો નથી, વળી કોઈપણ જાતનું રૂપ પણ જોવા મળતું નથી અને આત્મા હોય તેવો બીજો કોઈ સ્પર્શ કે અનુભવ થતો નથી. એટલે આત્મા નથી, એમ લાગે છે.

શિષ્યની આ શંકાનું સમાધાન શ્રીમદ્ ૫૧થી ગાથામાં કરે છે જે આ મુજબ છે.

*“જે દષ્ટા છે દષ્ટિનો, જે જાણે છે રૂપ;*

*અબાહ્ય અનુભવ જે રહે, તે છે જીવસ્વરૂપ.”*[૨૯]

અર્થાત્ : આત્મા દષ્ટિથી દેખાતો નથી. કારણ કે તે પોતે જ આંખથી દષ્ટિને જોનારો છે અને જે દેખાય છે તે સર્વનો બાધ કરતાં–કરતાં છેલ્લે જે અબાહ્ય સ્વરૂપ રહે તે જ આત્માનું સ્વરૂપ છે. એટલે શરીર અને તેનાં પ્રત્યેક અંગોનું જોનાર કોઈક જ્ઞાનધારક પદાર્થ અનુભવાય છે તે આત્મા છે પણ આત્માને જોનાર બીજો કોઈ પદાર્થ અસ્તિત્વમાં નથી.

આ ઉપરાંત શિષ્યે એવી પણ શંકા કરી હતી કે દેહ આત્મામાં ન હોય તો ઈન્દ્રિય કે પ્રાણ એ આત્મા હોવા જોઈએ તેનું સમાધાન કરવા માટે શ્રીમદ્દે ૫૨ અને ૫૩ એમ બે ગાથાની રચના કરી છે તેમજ ૫૪મી ગાથામાં આત્માનું સ્પષ્ટ લક્ષણ સાદી–સરળ ભાષામાં સમજાવ્યું છે તેમજ ૧૦મી ગાથામાં ‘આત્માના અસ્તિત્વ’ વિશેની શંકાનું સમાધાન કરાવ્યું છે.

## ૨. આત્મા નિત્ય છે.

શ્રીમદ્દે આ પદમાં સમજાવ્યું છે કે આત્મા એ ત્રણ કાળનો અને કયારેય નાશ ન પામે તેવો પદાર્થ છે. એટલે કે આત્માનું નિત્યત્વ એ આત્મા વિશેનું બીજું પદ છે. શિષ્ય આત્માનું

અસ્તિત્વ તો વિચાર કર્યા પછી સ્વીકારે છે. પણ તેને પોતાના નિત્યપણા વિશે ખાતરી નથી. તેથી તેને જે જે માન્યતાથી આત્મા અનિત્ય જણાય છે તે તે વસ્તુ ગુરુ સમક્ષ મૂકી પોતાની શંકાનું સમાધાન કરાવવા માટે ગુરુને વિનંતી કરે છે અને ગુરુ પણ શિષ્યને સાચું જ્ઞાન આપવા માટે સરળતાથી આત્માનું નિત્યત્વ સમજાવે છે.

શ્રીમદ્દે આ પદની વિચારણા માટે '૧૨ જેટલી ગાથાનો ઉપયોગ કર્યો છે જેમાં ૫૯ થી ૬૧ જેટલી ગાથામાં શિષ્યે પોતાની શંકાઓ જણાવેલી છે અને ૬૧ થી ૭૦ સુધીની ૯ ગાથામાં ગુરુએ તેનું સમાધાન કરાવ્યું છે. આમ, શ્રીમદ્દે ૬૧ થી ૭૦ સુધીની ગાથાઓમાં આત્માનું નિત્યત્વ જણાવે છે.

## ૩. આત્મા કર્તા છે.

અહીં શિષ્યને ત્રીજા પદ વિશે પોતાને શંકા થાય છે. તેને એમ લાગે છે કે આત્મા એ કર્મનો કર્તા નથી, તેને કર્તા માનવાથી કેટલાંક દોષ આવતા હોય એમ જણાય છે. આમ, આત્મા ત્રીજા પદ માટે ૭૧ થી ૭૮ સુધીની કુલ ૮ ગાથાઓની રચના કરી છે. જેમાં શિષ્યે પોતાની માન્યતા ત્રણ ગાથામાં મૂકી છે અને તેનું સમાપન ગુરુએ ૫મી ગાથામાં કરાવ્યું છે.

આત્મા કર્તા નથી તે વિશે અલગ–અલગ વિકલ્પો જણાવીને શિષ્ય જણાવે છે કે આત્મા એ કર્મનો કર્તા નથી. કર્મનો કર્તા તો કર્મ જ છે અથવા કર્મ અનાયાસે, સહજરીતે થયા કરે છે. જો એમ ન હોય તો કર્મનો કર્તા આત્મા છે. અને જો એમ હોય તો કર્મ કરવા એ જીવનો ધર્મ છે. જેથી કયારેય તેની નિવૃત્તિ ન થાય. આત્મા તો સદાય અસંગ છે અને સત્ત્વાદિ ગુણવાળી પ્રકૃતિ કર્મ બંધ કરે છે. તેથી ભગવાનની ઈચ્છા મુજબ કર્મ હોવાથી જીવ કર્મથી સંબંધ છે.

ઉપર જણાવ્યાં પ્રમાણે શિષ્યે રજૂ કરેલા પ્રત્યેક વિકલ્પને એક પછી એક લઈ ગુરુ તે બધાનું સમાધાન ૭૪ થી ૭૮ સુધીની ૫ ગાથામાં કરે છે. શિષ્યે ત્રણ ગાથામાં કરેલી શંકાનું સમાધાન કરવા માટે માત્ર ૫મી ગાથાની રચના કરી છે.

## ૪. આત્મા ભોક્તા છે.

આ ચોથા પદ વિશે શિષ્યને શંકા થાય છે. જે અહીં ૭૯મી ગાથામાં રજૂ કરી છે કે જુઓ :

''જીવ કર્મ કર્તા કહો, પણ ભોક્તા નહિ સોય;

શું સમજે જડ કર્મ કે, ફળ પરિણામી હોય? ॥૭૯॥''[૩૦]

પોતે કરેલા કર્મનો ભોક્તા આત્મા છે એ દર્શાવતું આત્માનું આ ચોથું પદ છે. જીવને કર્મનો કર્તા કહીએ તોપણ ભોક્તા કહી શકાય તેમ નથી. કારણ કે જડ તેવા કર્મ શું સમજે કે તે ફળ દેવા પરિણામી થાય ? બીજી બાજુ ભગવાનને ફળદાતા માનીએ તો ભોક્તાપણું સાધી શકાય, પણ એમ કહીએ તો ઈશ્વરનું ઈશ્વરપણું જ લુપ્ત થાય એમ છે. આમ, ફળદાતા ઈશ્વર સિદ્ધ થતો નથી એટલે જગતનો કોઈ નિયમ પણ ન રહે અને એ ઉપરથી જોતાં શુભ કે અશુભ કર્મ ભોગવવાના કોઈ સ્થાનક પણ ફરે નહિ, આમ હોવાથી જીવને કર્મનું ભોકતૃત્વ કયાં રહ્યું ?

આમ, અહીં શિષ્યને આત્મા ભોક્તા છે તે યોગ્ય લાગતું નથી. તેથી આત્માનું ભોક્તાપણું ન હોવાને વિશે તે પોતાની દલીલો ગુરુની સામે ત્રણ ગાથામાં રજૂ કરે છે. અહીં ૭૯ થી ૮૧ સુધીની ત્રણ ગાથામાં શ્રીમદ્ શિષ્ય દ્વારા સંખ્યાદિ મત આત્માને અકર્તા, અભોક્તા માને છે અને શ્રીમદ્ ૮૨ થી ૮૬ સુધીની ૫ ગાથામાં આત્માનું ભોક્તત્ત્વ બતાવવા રચના કરી છે.

''ભાવકર્મ નિજ કલ્પના, માટે ચેતનરૂપ;

જીવવીર્યની સ્ફૂરણા, ગ્રહપણ કરે જડધૂપ. ॥૮૨॥''[૩૧]

ઉપરોક્ત દોહરો સમજાવતાં શ્રીમદ્ે એક પત્રમાં લખ્યું છે કે,

''જીવ પોતાના સ્વરૂપમાં અજ્ઞાનથી કર્મનો કર્તા છે તે અજ્ઞાન તે ચેતનરૂપ છે અથાત્ જીવની પોતાની કલ્પના છે અને તે કલ્પનાને અનુસરીને તેના વીર્યસ્વભાવની સ્ફૂર્તિ થાય છે અથવા તેનું સામર્થ્ય તદન પાપીપણે પરિણમે છે. તેથી જડની ધૂપ એટલે દ્રવ્યકર્મરૂપ પુદગલની વર્ગણાને તે ગ્રહણ કરે છે.''[૩૨]

## ૫. મોક્ષ છે :

અહીં શિષ્યને પાંચમા પદ 'મોક્ષ છે' પર શંકા થાય છે. નિત્ય એવો આત્મા કર્મ બાંધે છે અને તે ભોગવે છે. પણ આત્મા તે કર્મના બંધનથી સર્વથા છૂટીને મોક્ષપદ પામી શકે છે. તે શિષ્યથી માની શકાતું નથી. તેથી તે પોતાની માન્યતા બે ગાથામાં જણાવે છે. શ્રીમદ્ મોક્ષ છે માટેની શંકાનું સમાધાન ૮૯ થી ૯૧ સુધીની ગાથામાં કરે છે.

## ૬. મોક્ષનો ઉપાય છે :

અહીં શિષ્ય પાંચમાં પદનું સમાધાન થતા છટ્ઠા પદને સમજવા માટે ખૂબજ ઉત્સાહી છે અને પોતાને થતી તકલીફો તે ગુરુની સમક્ષ રજૂ કરે છે તેમજ વિનયભાવે માર્ગદર્શન માંગે છે. અહીં શિષ્યને અનંતકાળના ભેગાં કરેલા કર્મોથી કઈ રીતે છૂટાય છે તે બાબતે પ્રશ્ન કરે છે કે :

''હોય કદાપિ મોક્ષપદ, નહિ અવિરોધ ઉપાય;

કર્મો કાળ અનંતના, શાથી છે દ્યાં જાય? ॥૯૨॥''[૩૩]

ત્યારબાદ જગતમાં પ્રવર્તતા અલગ–અલગ મતમાં કયો મત સાચો તે તેમને સમજાતું નથી અને સમજવામાં ઘણી મુશ્કેલીઓ થાય છે. તેથી તેમણે ૯૩ થી ૯૪મી ગાથામાં માર્ગદર્શન માંગ્યું છે. અહીં 'મોક્ષ' કઈ રીતે થાય ? અને તેનો ઉપાય શું ? એ જાણવા–સમજવા માટે મુશ્કેલીઓ થતી હોવાથી તેઓ ગુરુને વિનંતી કરે છે કે–

‘‘પાંચે ઉત્તરથી થયું, સમાધાન સર્વાંગ;

સમજું મોક્ષ ઉપાય તો, ઉદય ઉદય સદ્ભાગ્ય. ||૯૬||’’[૩૪]

ગુરુએ આપેલા પાંચેય ઉત્તરથી શિષ્યને સમાધાન થયું છે એટલે છઠ્ઠાપદ વિશે જાણવાની ઉતાવળ વધી છે. એટલે શિષ્યને થતી શંકા માટે ૯૨ થી ૯૬ સુધીની ૫ ગાથામાં રજૂ કરી છે. શિષ્યને જેમ છયે પદમાં શ્રદ્ધા થઈ તેમ અન્ય જિજ્ઞાસુઓને પણ શ્રદ્ધા થવી સુભલ છે. આ ઉપરાંત ૧૨૮ થી ૧૪૨ સુધીની ૧૫ ગાથામાં ઉપસંહાર સ્વરૂપે રચાયેલી છે. આમ, ૧૨૭ દોહરા સુધી ‘આત્મસિદ્ધિશાસ્ત્ર’નું મુખ્ય વ્યક્તત્વ આવે છે તેમાં આત્માના છ પદની સમજણ આપેલી છે.

આમ, શ્રીમદ્ રાજચંદ્ર પોતાની અનુભવવાણીમાં જ્ઞાનીની દશા બતાવી છે. છ પદની શ્રદ્ધા કરવાથી અને છઠ્ઠા પદમાં જણાવેલા માર્ગે જવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે. તે વિશે એમણે સંદેહરહિત અભિપ્રાય આપ્યો છે. અંતે દેહ હોવા છતાં પણ જેની સ્થિતિ તેમાં મમત્વરહિત છે તેવા જ્ઞાનીના ચરણમાં વંદન કરીને ‘‘આત્મસિદ્ધિશાસ્ત્ર’’ કૃતિ તેમણે પૂર્ણ કરી છે.

આમ, ‘આત્મસિદ્ધિશાસ્ત્ર’માં શ્રીમદ્ ગુરુ–શિષ્યના સંવાદ દ્વારા આત્મના છ પદની તલસ્પર્શી મીમાંસા કરી છે અને આ છયે વિશે અપૂર્વ અનન્ય શ્રદ્ધા કરાવી છે. ૧૧૯ થી ૧૨૬માં સુધીની ગાથામાં શિષ્યને થયેલું બોધરૂપી બીજપ્રાપ્તિનું કથન થયેલું છે. ‘આત્મસિદ્ધિશાસ્ત્ર’ની પ્રતિપાદનશૈલી જોતા તેમાં કયાંય શબ્દાડંબર કે વાગ્વિલાસ દેખાતો નથી એમ સૂત્રાત્મક કૃતિમાં એક પણ શબ્દ નકામો નથી. એક પણ વચન મિથ્યા નથી. ‘આત્મસિદ્ધિશાસ્ત્ર’ વાંચન–શ્રવણ કરતાં હોઈએ ત્યારે આપણને શાંતિ, પ્રસન્નતા તથા પવિત્રતાનો અનુભવ થાય છે. મન પ્રફુલ્લિત રહે છે અને આ કૃતિને જૈન તેમજ જૈનેત્તર આત્મવિષયક ગ્રંથોમાં અત્યંત મહત્ત્વનો અને ઉચ્ચ કોટિનો દરજ્જો અપાવે છે. મંદિરના કળશરૂપ સર્વ મુમુક્ષુઓને માર્ગદર્શક થાય એવો પંદર ગાથાનો અત્યંત મનનીય ઉપસંહાર આપ્યો છે. મોક્ષમાર્ગના પ્રણેતા શ્રીમદ્ રાજચંદ્રે માત્ર ૧૪૨ ગાથાઓમાં સર્વ શાસ્ત્રોનો સાર સમાવ્યો છે અને આધ્યાત્મિક સાહિત્યમાં અમર સ્થાન લેવા જેવો આ ગ્રંથ છે.

આમ, તેમના ગ્રંથોમાં દઢ ધર્મરંગ, ઉગ્ર વૈરાગ્ય, અદ્‌ભૂત અવર્ણનીય જ્ઞાનવૈભવ તથા બધા જ જીવો પ્રત્યેની નિષ્કારણ કરુણાનું દર્શન થાય છે અને ‘આત્મસિદ્ધિશાસ્ત્ર’ની મહત્તા, ઉપયોગિતા અને લોકપ્રિયતાથી પ્રેરાઈને અનેક વ્યક્તિઓએ તેનું ભાષાંતર કર્યું છે.

## ◈ સ્ત્રીનીતિબોધક :

શ્રીમદ્ રાજચંદ્રની સોળ વર્ષની ઉંમર પહેલાં લખાયેલું અને વિ.સં.૧૯૪૦માં ‘સ્ત્રીનીતિબોધક વિભાગ–૧’ નામનું તેમનું પ્રથમ પુસ્તક પ્રગટ થયું હતું. તે સમય દરમિયાન અનેક સામાજિક અનિષ્ટો સમાજમાં ફેલાયેલા હતા. સ્ત્રીકેળવણી અંગેની દુર્દશા, કુધારા, કુરિવાજો જોતા તેમનું હૃદય દ્રવી ઊઠયું એટલે તેમણે પોતાનું ઊર્મિશીલ સંવેદન, સ્ત્રીકેળવણી હિમાયત કરવા માટે ‘સ્ત્રીનીનિબોધક’ સરળ ગેય ગરબીઓમાં લખેલું છે. સ્ત્રીકેળવણીની સૂચના તેમણે ગ્રંથના મુખપૃષ્ઠ પર ભુજંગી છંદની એક કડીમાં કરી છે. જે આ પ્રમાણે છે જુઓ :

“થવા દેશ આબાદ સૌ હોંશ ધરો,

ભણાવી ગણાવી વનિતા સુધારો;

થતી આર્યભૂમિ વિશે જેહ હાનિ,

કરો દૂર તેને તમે હિત માની.” [૩૫]

ત્યારપછી મનહર છંદમાં સંસાર સુધારાની પ્રેરણારૂપ સ્ત્રીકેળવણી વિશેનું કાવ્ય પ્રથમ પાને પાછળ આપ્યું છે. આમ, સંસાર–સુધારાની તરફેરણ કર્યા પછી ગ્રંથની નાની છતાં સુંદર પ્રસ્તાવના લખી છે તેમાં તેમણે પ્રૌઢતાથી, ગંભીરતાથી અને સહૃદયતાથી સ્ત્રીકેળવણી વધવા સાથે વાંચવાનો પણ શોખ વધે તે માટે સારા પુસ્તકો પ્રસિદ્ધ કરવાની સ્વદેશ હિતેચ્છુઓને વિનંતી કરી છે. પછી જુના વિચારના લોકો તરફથી સ્ત્રીકેળવણી સામે

મુકાતા આક્ષેપો દૂર કર્યા છે ને કેટલાંક વાંચવા યોગ્ય પુસ્તકોના નામ આપતાં તેઓ લખે છે કે–

"વળી વહેમી અને અજ્ઞાની લોકો પણ એમ જ કહે છે કે સ્ત્રીઓને ભણાવો તો તેઓ બગડી જાય, પણ એ વિચાર અજ્ઞાનતા દર્શાવે છે. પૂરી કેળવણી વિના અબળા કયાંથી સુધરે ?

સ્ત્રીનીતિધર્મ, દૈવજ્ઞદર્પણ, ભૂતનિબંધ, પાર્વતી કુંવરાખ્યાન, સંસારસુખ, નીતિવચન વગેરે સારાં સારાં સુનીતિદર્શક પુસ્તકો વાંચવામાં આવે તો અનીતિનો પ્રસાર ન થાય. માટે સ્ત્રીઓને પૂરી કેળવણી આપવી જોઈએ, એવી મારી સ્વદેશીઓને નમ્રતાપૂર્વક ભલામણ છે."[૩૬]

અહીં તેમણે સમાજને વાંચવા યોગ્ય કેટલાંક પુસ્તકોના નામ આપ્યા છે. શ્રીમદ્ સ્ત્રીઓની દશા ન સુધરવાના કારણોમાં બાળલગ્નો, કજોડા, વહેમ વગેરે જણાવી, બાળલગ્નની અનિષ્ટતા વિચારવા વિનંતી કરે છે. 'સ્ત્રીનીતિબોધક'માં તત્કાલીન સમાજમાં પ્રચલિત દેશીઓમાં કુલ ૨૪ ગરબીઓ તથા 'સદ્બોધશતક' છે અને તેને ચાર ભાગમાં વિભાજિત કરવામાં આવ્યાં છે. પહેલાં વિભાગમાં પરમેશ્વરને પ્રાર્થના, પરમેશ્વરની લીલા, દેહની ક્ષણભંગુરતા ઉદ્યમથી થયેલા કામો અંગે ૮ ગરબીઓ છે. બીજા વિભાગમાં વિદ્યા, કેળવણી, ગ્રંથવાંચન, સદ્પદેશ વગેરે પર શિખામણરૂપ ગરબીઓ છે. ત્રીજા વિભાગમાં સત્ય, સુનીતિ, સદાચાર વગેરે વિશે ૮ ગરબીઓ છે. ચોથા વિભાગમાં સુલક્ષણ નારી વિશે તથા તેને અપાયેલા ઉપદેશ વિશેની રચના કરતી ૬૪ પંક્તિની ગરબી છે. ચોથા વિભાગમાં માત્ર બે જ રચનાઓ મળે છે. એમ કુલ ૨૪ ગરબીઓ 'સદ્બોધકશતક'માં વર્ણવેલી છે અને તે માટે સ્ત્રીનીતિબોધક વિભાગ–૧માં ચાર ભાગ પડ્યાં છે.

'સ્ત્રીનીતિબોધક' સરળ ભાષામાં અને સુંદર શૈલીમાં લખાયેલું હોવાથી ઓછું ભણેલી સ્ત્રીઓને પણ સમજાય જાય તેવું છે. આમ સરળ ભાષામાં સુમધુર પરમેશ્વરનું

પ્રભુત્વ દર્શાવતી કાવ્યકૃતિઓ ગેય ગુણ ધરાવતી સ્ત્રીઓને વિશેષ આકર્ષણરૂપ નીવડે છે. તેમની ભાષા વિષયને અનુરૂપ ભાવને ઝીલીને પાણીના પ્રવાહની જેમ વહે છે.

શ્રીમદે સંસારસુધારાના સ્વરૂપ રૂપે 'સ્ત્રીકેળવણી' વિશે આ 'સ્ત્રીનીતિબોધ–વિભાગ–૧'માં વિચારણા કરેલી છે. સ્ત્રીઓમાં સદાચાર, નીતિ, નમ્રતા વગેરે ગુણો ખિલવવા માટેના પ્રયાસો કર્યાં છે. સુખ અને શાંતિ મળે તેવાં આવશ્યક બધા ગુણોનો વિચાર મૂક્યો છે. અહીં આપણે શ્રીમદ્ રાજચંદ્રને સુધારકરૂપે જોઈ શકીએ છીએ. કવિ નર્મદનો જુસ્સો અને દલપતરામની સરળ રીતિનું સુભગ મિશ્રણ આ પુસ્તકમાં મળે છે. ગરબીઓમાં ભાષાની સરળતા એટલી બધી છે કે કોઈને પણ એ ગરબીઓ સમજવામાં મુશ્કેલી પડતી નથી. અને તેઓ ગરબીઓનો ઉપાડ પણ એક યા બીજા પ્રકારની ધ્રુવપંક્તિથી જ કરે છે.

'સ્ત્રીનીતિબોધક'માં માત્ર માંડ બે–ત્રણ ચોપડી ભણેલી સ્ત્રીઓને પણ સમજાય તેવી સરળ ભાષામાં સુંદર શૈલીમાં ઉપયોગી વિષયોનું નિરૂપણ કર્યું છે. આ પુસ્તકમાં શ્રીમદ્‌ના ઉચ્ચ કવિત્વનું ઉત્તમ વ્યક્તિત્વનું, દેશપ્રીતિનું, નીતિપ્રિયતાનું અને સુધારકવૃત્તિનું આપણને દર્શન થાય છે.

આમ, 'સ્ત્રીનીતિબોધક' સ્ત્રીઓ માટે ખૂબજ પ્રેરણાદાયી પુસ્તક છે.

## ❖ પુષ્પમાળા :

શ્રીમદ્ રાજચંદ્રે 'પુષ્પમાળા', 'વચનામૃત', 'સાતસો મહાનીતિ વાક્યો', 'બોધવચનો' જેવા જુદાં જુદાં શીર્ષક નીચે લગભગ ૧૨૦૦ જેટલા નીતિવચનો આપ્યાં છે. જેમાં અનેક વિષયો લીધાં છે જેવા કે આચાર, વિચાર, નીતિ, સદાચાર વગેરે ઉપરાંત તેમનું ચિંતન જોવા મળે છે. તેમાં કેટલાંક વચનો બોધરૂપે છે અને કેટલાંક વચનો શિખામણરૂપે છે તો કેટલાંક વ્યાખ્યાનરૂપે છે. બધાયમાં તેમનો ધર્મ પ્રત્યેનો રંગ દેખાય છે.

'પુષ્પમાળા' શ્રીમદ્‌ની ઉપલબ્ધ કૃતિઓમાંથી સર્વ પ્રથમ છે. તેમણે સત્તર વર્ષ પહેલાં ૧૦૮ વચનોથી ગૂંથેલી ૧૦૮ મણકા પરોવેલી મંગલમયી 'પુષ્પમાળા'નું સર્જન કર્યું

છે. જેમાં જીવનમાં ઉપયોગી થાય તેવા ૧૦૮ સુવાક્યો આપ્યાં છે. તે કોઈ વિશિષ્ટ સંપ્રદાયને અનુલક્ષીને નહિ પણ સર્વ સાધારણ નૈતિક ધર્મ અને કર્તવ્યની દષ્ટિએ લખાયેલી છે. જેમાં ભક્તિ, દયા, બ્રહ્મચર્ય, ધર્મ, સુનીતિ, સહનશીલતા, સદાચાર, સમયની અમૂલ્યતા, વ્યસનમુક્તિ, પાપ, પશ્ચાતાપ, ગુરુ પ્રત્યે માન, આત્મનિરીક્ષણ, દોષ નિવૃત્તિ વગેરે જેવા વિષયો પર ભાર મૂક્યો છે.

આમ, ૧૦૮ પુષ્પોથી ગૂંથાયેલી અને કોઈપણ ધર્મ, પંથ કે જાતિના સ્ત્રી કે પુરુષો રોજ પાળી શકે તેવાં છે. અહીં શ્રીમદ્ સવારથી માંડીને રાત્રિ સુધીની સંપૂર્ણ દિનચર્યાનું અનુપમ વિધાન કર્યું છે. તેમણે 'આજનો દિવસ' સુયોગ્ય રીતે પસાર થાય તે અર્થે વ્યવહારું અને ધાર્મિક ક્રિયાઓમાં સમય કઈ રીતે પસાર કરી શકાય એ સુંદર વિચારો દ્વારા બતાવ્યું છે.

આ વચનોમાં જુદી–જુદી કક્ષાઓના માણસની શું ફરજ છે તે બતાવવાનો પ્રયત્ન કર્યો છે અને પોતાની સ્થિતિ અનુસાર ફરજ પૂરી ન કરવાથી જીવે અનંત દુઃખ ભોગવવા પડે છે. શ્રીમંત, રાજા, વકીલ, ત્યાગી, બાળકો, યુવાનો, વૃદ્ધો, સ્ત્રી, કવિ, કારીગર, અધિકારી, ધર્માચાર્ય– એમ સર્વ કોઈને ઉદ્દેશીને સમુચિત બોધરૂપ માર્ગદર્શન આપ્યું છે.

સવારના પહોરમાં વિચારી જવા જેવા વિચારો તેમાં રજૂ થયા છે. કોઈપણ વાંચનારને તરત જ લાગુ પડે છે. તેમના સૂત્રાત્મક વચનો વાંચનારને પોતાના કર્તવ્યમાં વિચાર કરવા પ્રેરે તેવાં છે. વાંચનારની વિચારશક્તિ ખીલવી, તીક્ષ્ણ બાણની જેમ ઊંડા ઉતરી જાય તેવા વાક્યો છે. આટલી નાની ઉંમરમાં સરળ ભાષામાં વિશદ્પણે મુકાયેલા આટલા પ્રૌઢ પરિપકવ વિચારો શ્રીમદ્ રાજચંદ્રની પ્રતિભાની મહત્તા દર્શાવે છે.

શ્રીમદ્ પહેલા વચનમાં જણાવે છે.

***"૧. ભાવનિંદ્રા ટાળવાનાં પ્રયત્ન કરજો.***

***૨. ક્ષણ ક્ષણ જતાં અનંતકાળ વ્યતીત થયો,***

*છતાં સિદ્ધ થઈ નહિ."* [૩૮]

સિદ્ધિ મેળવવા માટે એટલે કે ભાવનિંદ્રા ટાળવા માટે આપણે ધર્મમય જીવન ગાળવું જોઈએ. આપણી પોતાની ફરજોનું સારી રીતે પાલન કરવું જોઈએ તેવું અહીં સમજાવ્યું છે. ટૂંકમાં સમયનો સદ્‌પયોગ કેવી રીતે કરવો જોઈએ તથા કર્તવ્ય વિશે, તેમજ દિવસ કેવી રીતે પસાર કરવો તે બાબતે વિવિધતાથી જણાવ્યું છે.

સંસ્કૃત સુભાષિતોની શૈલીના, શબ્દસમૂહ પાછળ રહેલા પરમાર્થના પ્રદેશમાં પ્રવેશ કરવાની પ્રેરણા કરે એવાં સરળ ગદ્યમાં લખેલા વચનો વિચારોની વ્યવસ્થિતતા નથી. અર્થાત્ આ વિષયોનું વિષયવાર વર્ગીકરણ થયેલું નથી, પરંતુ પોતાને જે વિચારો સૂઝ્યાં તેને ટપકાવી લીધાં હોય એમ લાગે છે એટલે યોજનાપૂર્વક ચિંતન–મનન કરીને લખ્યાં હોય એવું નથી.

'પુષ્પમાળા'ની વિશેષતા બતાવતાં પંડિત સુખલાલજી કહે છે કે–

***"તે કોઈ વિશિષ્ટ સંપ્રદાયને અનુલક્ષીને નહિ, પણ સર્વસાધારણ નૈતિકધર્મ અને કર્તવ્યને દષ્ટિએ લખાયેલો છે. માળામાં ૧૦૮ મણકા હોય તેમ આ કૃતિ ૧૦૮ નૈતિક પુષ્પોથી ગૂંથાયેલી અને કોઈપણ ધર્મ, ગ્રંથ કે જાતિનાં સ્ત્રી કે પુરુષને નિત્ય ગળે ધારણ કરવા જેવી અર્થાત્ પાઠ્ય અને ચિંત્ય છે. આની વિશિષ્ટતા જો કે બીજી રીતે પણ છે, છતાં તેની ધ્યાનાકર્ષક વિશેષતા એ છે કે સોળ વર્ષની ઉંમર પહેલા લખાયેલી છે. એકવાર કાંઈ વાતચીત પ્રસંગે મહાત્માજીએ આ કૃતિ વિશે મને એક જ વાક્ય કહેલું, જે તેની વિશેષતા વાસ્તે પૂરતું છે. તે વાક્ય એ કે 'અરે, એ ' પુષ્પમાળા' તો પુનર્જન્મની સાક્ષી છે."*** [૩૯]

આ વચન જ આ કૃતિનું મહત્ત્વ અને વિશેષતા દર્શાવવા માટે પૂરતું છે.

## ❖ બોધવચનો :

શ્રીમદ્ રાજચંદ્રે 'પુષ્પમાળા' ઉપરાંત સત્તર વર્ષની ઉંમર પહેલાં 'બોધવચનો' ઉપયોગ ત્યાં ધર્મમાં 'નિત્યસ્મૃતિ', 'સહજપ્રકૃતિ', 'પ્રશ્નોત્તર' વગેરે જુદાં–જુદાં શીર્ષક નીચે નાનાં નાનાં વાક્યરૂપે બોધવચનો લખ્યાં છે. એમાં તેમણે તત્ત્વજ્ઞાન વિશે સુવાક્યો લખ્યા છે. આ વચનો ટૂંકા અને ધર્મશાસ્ત્રની આજ્ઞા જેવા છે તેમણે ધર્મ અને સદાચારની દષ્ટિએ ઉત્તર આપ્યાં છે. તે ઉત્તરો સચોટ, માર્મિક અને સહેલાઈથી યાદ રહી જાય તેવાં છે. 'નિત્યસ્મૃતિ'માં વ્યક્તિને સતત ખ્યાલમાં રાખવા ૧૦ વચનો આપ્યાં છે. જેમાં ધ્યાન ધરવાનો, નિર્લેપ રહેવાનો, વ્યવહારને કાયમ વિચારવાનો, પ્રમાદ ન કરવાનો, કાર્યસિદ્ધિ કરવાનો વગેરે ઉપદેશ આપ્યાં છે.

'પ્રશ્નોત્તર'માં તેમણે બોધવચનોને ૨૨ ટૂંકા પ્રશ્નોત્તરરૂપે રજૂ કર્યાં છે. ' સહજપ્રકૃતિ'માં ૧૯ બોલમાં પરહિત, સુખ–દુઃખ, ક્ષમા, નમ્રતા, સજ્જનતા, વિવેક, દ્વેષભાવ, જિતેન્દ્રિયતા, ગંભીરતા, વિદેહીદશા, ભક્તિ, પરનિંદા, દુર્જનતા વગેરે વિશે બોધ આપ્યો છે. આમ, વીસ વર્ષની ઉંમર પહેલાં શીર્ષક નીચે હજારથી બારસો જેટલા નીતિવિચનો અને સુવાક્યો લખ્યાં છે. યોગ્ય શબ્દોની પસંદગી, વિચારોની સ્પષ્ટતા સાથે ચિંતનનું ઊંડાણ અને ગાઢ વૈરાગ્યની છાપ તેમાં જોવા મળે છે. આચાર, વિચાર, નીતિ, સરળતા, ધર્મ, વિવેક આદિ વિશે શ્રીમદ્‌ની વિચારણા ચાલતી હતી. એમાથી એમને જે વસ્તુ અન્ય માટે ઉપયોગી લાગી તે વસ્તુની તેમણે નોંધ કરી અને આપણે ભિન્ન–ભિન્ન શીર્ષક નીચે સંગ્રહિત થયેલી જોઈએ છીએ.

શ્રીમદ્‌ના કેટલાંક વચનો શિખામણરૂપ છે. તેમણે સાહિત્યના અનેક ક્ષેત્રમાં હાથ અજમાવ્યો છે. જેમાં કાવ્યો, ગરબીઓ, લેખો, નિબંધો, સંવાદો વગેરે ગદ્ય તેમજ પદ્ય એમ બંને પ્રકારની રચનાઓ થયેલી છે. તેમનું જે કંઈપણ સાહિત્ય ઉપલબ્ધ થાય છે. ગદ્ય–પદ્યમાં રચના કરવી તે સાવ સ્વાભાવિક હતું એમ જણાય છે.

*"સાત સો મહાનીતિનાં વાક્યો*

*વચન સપ્તશતી."*[૪૧]

૨૦ વર્ષની ઉંમર આસપાસ મહાવીર ભગવાન પ્રણીત ધર્મ પ્રગટ કરવાનો શ્રીમદ્ રાજચંદ્રને ઘણો ઉત્સાહ હતો. તે વિશેની કેટલીક કલ્પનાઓ આપણને વિ.સં.૧૯૪૩માં તેમના બનેવી ચત્રભુજ બેચરને લખેલા પત્રમાં જોવા મળે છે. શ્રીમદે ૨૦ વર્ષે 'મહાનીતિ'માં ૭૦૦ વચનો લખ્યાં છે. જે 'વચન સપ્તશતી' નામે પણ પ્રસિદ્ધ છે. ('વચન સપ્તશતી' અને સાત સો મહાનીતિમાં વાક્યો બંને એક જ છે.) જેમાં ૧૨ જેટલા વચનો ઉપલબ્ધ નથી. આ વચનોમાં કેટલાંક મુનિને લગતા, બ્રહ્મચારીને લગતાં ઉપદેશકને લગતાં, ગૃહસ્થને લગતાં, કેટલાંક વિધવા કે સધવા સ્ત્રીઓને લગતાં, પતિને લગતાં, પિતાને લગતાં, રાજાને લગતાં અને કેટલાંક સર્વ સામાન્ય જીવને લગતાં વચનો આપ્યાં છે. આ બધા જ વચનોમાં વિધેયાત્મ અને નિષેધાત્મક એમ બંને પ્રકારનાં છે. કેટલીક જગ્યાએ વચનો કોને લગતાં છે તેનો ઉલ્લેખ તેમણે વચનોની બાજુમાં કૌંસમાં કર્યો છે અને કેટલાંક વચનો સ્વસંબોધનરૂપ છે.

જૈનધર્મના અનુયાયીઓનો આદર્શ ઘણો ઊંચો છે. તેથી જૈનધર્મને અનુસરતો ગૃહસ્થ, મુનિ કે અન્ય કોઈપણ વ્યક્તિની આંતરિક કે બાહ્ય સ્થિતિ કઈ જાતની હોવી જોઈએ, જૈનધર્મમાં મહાવ્રતનું ઘણું જ મહત્ત્વ છે અને તેનું ઝીણવટતાથી પાલન કરવાનું હોય છે તેમજ શ્રાવકે પણ ઘણાં સંયમ–નિયમ પાળવાના હોય છે. તે બધી જ બાબતો આપણને તેમના આ વચનો દ્વારા જાણવા મળે છે. અહીં આપેલા સાતસો મહાનીતિનાં વાક્યોમાં સત્ય, પ્રમાદત્યાગ, રાત્રિ ભોજન ત્યાગ, વિકારત્યાગ, નિયમિતતા, માતા–પિતા સાથેનું વર્તન, અતિથિસન્માન, ભક્તિ, તૃષ્ણા, ત્યાગ, વસ્ત્રચાલ, વ્રતની સંભાળ, જળનો ઉપયોગ, વત્સલતા, ક્ષમા, મૃત્યુ, નીતિ, પ્રપંચ ત્યાગ, દયા, નિંદા, મૌન, શયન, સદાચાર વગેરે સર્વ સામાન્ય માણસને લાગુ પડતા તથા અન્ય વિષયોને સ્પર્શતા વચનો પણ છે.

આ નીતિવચનો મૂળભૂત રીતે જૈનધર્મને અનુલક્ષીને લખાયા હોવા છતાં કોઈપણ ધર્મના વ્યક્તિને અનુસરવાં યોગ્ય છે. આ બધા જ વચનોનું વિષયવાર વર્ગીકરણ થયેલું

નથી, પરંતુ તે આડા અવળા ક્રમમાં મુકાયેલ છે. તેમ છતાં કેટલીક જગ્યાએ એક જ વિષયને લગતાં ચાર પાંચ કે તેથી વધુ વચનો એકસાથે પણ જોવા મળે છે. તેમજ વ્યવસ્થિત ગોઠવણમાં ન હોવાથી કયારેક વચનોની પુનરુક્તિ થયેલી જોવા મળે છે. આમ છતાં વચનો ટૂંકા, માર્મિક તેમજ તેમની વિચાર પ્રૌઢતા દર્શાવનારા છે. મનુષ્ય કેટલીક વખત એવી ભૂલો કરે છે કે જેનો તેને ખ્યાલ પણ નથી આવતો. જીવથી થતાં એવા દોષો માટે આ જાતના નીતિવચનો ખૂબ ઉપયોગી થાય છે. શ્રીમદ્ પોતે પણ આ ઉપયોગિતાના જાણકાર હતા. તેઓ નીતિવચનો વિશે જણાવે છે કે–

***"વચનસપ્તશતી પુનઃ પુનઃ સ્મરણમાં રાખો."***[૪૨]

## ❖ વચનામૃત :

શ્રીમદ્ રાજચંદ્રે ૨૦ મે વર્ષે 'વચનામૃત' શીર્ષક નીચે ધાર્મિક વિષયોની મુખ્યતા રાખી, સૂત્રાત્મક ઉપદેશરૂપે ૧૨૬ બોલ લખ્યાં છે. 'પુષ્પમાળા', 'વચનસપ્તશતી' વગેરેને લગતાં વચનો 'વચનામૃત'માં આપવામાં આવ્યાં છે. જેમાં ૧૨૬ બોલ છે તેમાંથી ૧૬માં બોલમાં જણાવ્યું છે કે "વચનસપ્તશતી પુનઃ પુનઃ સ્મરણમાં રાખો'. આ વચન મહાનીતિના વાક્યોનો નિર્દેશ કરે છે. આ વચનો સત્પુરુષોને સમાગમ, નિયમ, વર્તન, મનન, આત્મવિચાર, આત્મસ્વરૂપ, ધર્મ, વિદ્યા, કૃતઘ્નતા, જ્ઞાનીપુરુષ, સમ્યગ્દર્શન આદિ વિશે હૃદયમાં વસી જાય તેવા સચોટ વાણીમાં ઉપદેશ આપ્યાં છે.

આમ, વિવિધ વિષયોને લગતાં વચનોની સાથે તેમાં આત્મીયતા ભળેલી હોય તેવું પણ કેટલાંક વચનોમાં જોવા મળે છે.

## ❖ મોક્ષસુબોધ :

'મોક્ષસુબોધ' નામનો પદ્યગ્રંથ લખવાની શરૂઆત શ્રીમદ્ રાજચંદ્રે ૧૭ વર્ષ પહેલાં કરી હતી. તેનાં પ્રથમ શતકની ૨૦ કડી હાલ ઉપલબ્ધ છે. જે અપૂર્વ રહ્યો હતો, તેમને એકથી

વધુ શતક લખવાની ઈચ્છા હશે એવું અનુમાન 'પ્રથમ શતક' શીર્ષક આપ્યું તેના પરથી થાય છે. ગ્રંથના આરંભરૂપ મંગલપ્રસંગને શ્રીમદ્દ્ આત્મધર્મની પ્રાપ્તિ થાય અને અનાદિનો ભ્રમ દૂર થાય એવો ગ્રંથ રચવાની ઈચ્છા ધરાવી છે. પછી ભગવાન ઋષભદેવના કેટલાંક ગુણોને સ્મરણ કરી તેમને વંદન કર્યાં છે. પછીના ૧૭ દોહરામાં તેમણે પ્રભુને પ્રાર્થના રચી છે તેની દરેક કડીમાં ભગવાન 'ભયભજંન' છે એમ જણાવ્યું છે. શરૂઆતની કડીઓમાં પ્રભુના ગુણોનું સ્મરણ કર્યું છે અને પાછળની કડીઓમાં ભક્તોમાં રહેલા અવગુણો દૂર કરવાની તથા ગુણોની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરી છે. આ પ્રાર્થના ખૂબજ ભાવવાહી અને સરળ શબ્દોમાં થયેલી છે.

પ્રાર્થના કર્યા પછી ધર્મ વિનાનો માણસ કેવો હોય તે એમણે અલગ–અલગ ઉપાયો દ્વારા વર્ણવ્યું છે. ધર્મહીન મનુષ્યનું વર્ણન કર્યા પછી ગ્રંથ અપૂર્ણ રહ્યો છે. આ ગ્રંથમાં પોતાનું નામ ગૂંથવાની પ્રાચીન શૈલી તેમણે જણાવી રાખી છે.

આમ, આ ગ્રંથનો થોડો–ઘણો ભાગ ઉપલબ્ધ હોવાથી તે કઈ કક્ષાનો બની શક્યો હોત તેનો વધારે ખ્યાલ આવતો નથી. આટલા નાના વિભાગમાં પણ તેમણે શાર્દૂલવિક્રીડિત, દોહરા, કવિત, છપ્પય વગેરે છંદોનું નિરૂપણ કર્યું છે. તેના પરથી વિવિધ છંદરચના કરવાનું વિચાર્યું હોય તેવું લાગે છે.

## ❖ અપૂર્વ અવસર :

શ્રીમદ્ રાજચંદ્ર આત્મજ્ઞાની હતા. તેઓ અધ્યાત્મની ઉચ્ચ કોટિએ બિરાજતા હતા. શ્રીમદ્ રાજચંદ્ર રચિત 'અપૂર્વ અવસર' નામનું કાવ્ય સૌ પ્રથમ 'પરમશ્રુત પ્રભાવક મંડળ' તરફથી વિ.સં.૧૯૬૧માં પ્રકાશિત થયેલું 'શ્રીમદ્ રાજચંદ્ર'ની પહેલી આવૃત્તિ નીચે દર્શાવેલી નોંધ સાથે પ્રગટ થયું હતું.

***"શ્રીમદ્‌નો આ ગુણસ્થાનક્રમ લખાયાનો સમય નિઃસંશયપણે થઈ શકતો નથી. આ પરત્વે જે કંઈ નિર્ણય અમે કરી શક્યા છીએ તે એ છે કે, વિ.સં.૧૯૫૨ થી ૧૯૫૬ સુધીના કોઈ વર્ષમાં શ્રી વવાણિયાક્ષેત્રે તે લખાયેલ છે– સંશોધક."*** [૪૬]

અપૂર્વ આત્મ પરાક્રમથી ભાવનિગ્રંથના પંથે વિચરી રહ્યા છતાં બાહ્યથી – દ્રવ્યથી પણ નિર્ગ્રંથપણું ત્વરાથી પ્રાપ્ત થાય એવી એમની અભીપ્સા એટલે એમણે એ ભાવનાને વાણીમા શબ્દોમાં પ્રભાવક રીતે વ્યક્ત કરતા અપૂર્વ અવસર એવો કયારે આવશે ? એ ધ્રુવપંક્તિની શરૂઆત કરતાં અપૂર્વ આત્મભાવોલ્લાસમય કાવ્યની ઉત્પત્તિ થઈ હતી.

શ્રીમદ્દે મનમોક્ષ, તત્ત્વસભર, પ્રેરક અને પ્રસિદ્ધ ૨૧ કડીના કાવ્ય 'અપૂર્વ અવસર'ની રચના વિ.સં.૧૯૫૨ના માગસર માસ આસપાસ વવાણિયામાં તેમના માતૃશ્રીના ખાટલા ઉપર બેસીને કરી હતી. કાવ્યમાં ૧૨ કડીનો પૂર્વાધ અને ૯ કડીનો ઉત્તરાર્ધ એમ બે વિભાગમાં વિભાજિત કરી શકાય છે. પહેલાં ભાગમાં નિર્ગ્રંથ થવાની ભાવના, નિર્ગ્રંથના લક્ષણો, સમ્યગદર્શન અને નિર્ગ્રંથના આત્મચરિત્રનું વર્ણન આપેલું છે. જયારે ઉત્તર વિભાગમાં ક્ષપ કે શ્રેણી, કેવળજ્ઞાન, મોક્ષ આદિનું વર્ણન છે.

તેમણે આ કાવ્યમાં પોતાને પ્રાપ્ત થયેલ દશા પ્રકાશી છે અને આગળની દશા પ્રાપ્ત કરવાનો મનોરથ વ્યક્ત કર્યો છે તેથી મુખ્યત્વરૂપે આ કાવ્ય સ્વલક્ષી છે. છતાં બીજા જીવો તેમાંથી પ્રેરણા લઈ મોક્ષમાર્ગે આગળ વધી શકે એમ હોવાથી ગૌણપણે પરલક્ષી પણ કહી શકાય છે. આ કાવ્યમાં તેમણે પોતાની આત્મદશા અને પરમપદ પ્રાપ્તિની ભાવના સચોટ રીતે અભિવ્યક્ત કરવા સાથે જૈન આગમોની પરિપાટી અનુસાર આત્મવિકાસમાં ૧૪ ગુણ સ્થાનકોનો સમાવેશ કરેલો છે.

જૈનધર્મમાં જીવની નીચામાં નીચી ભૂમિકા મિથ્યાત્વથી શરૂ કરી ઊંચામાં ઊંચી ભૂમિકા સિદ્ધપદ સુધીની દશાના જીવની યોગ્યતા પ્રમાણે ચૌદ વિભાગો પાડેલા છે. તે દરેકને ગુણ સ્થાનક કહેવામાં આવે છે. શરૂઆતમાં તેઓ આત્મનિવેદન કરતા તેઓ જણાવે છે કે અપૂર્વ અવસર એવો કયારે આવશે કે જયારે બાહ્ય અને અભ્યંતર નિર્ગ્રંથતા પ્રાપ્ત થશે

અને સર્વબંધનનું તીક્ષ્ણબંધન છેદીને મહાપુરુષોના પંથે વિચારીશું. સર્વ પરભાવથી ઉદાસીનવૃત્તિ હોય, દેહનો ઉપયોગ સંયમ સાધવા માટે હોય, તે સિવાય અન્ય કોઈ હેતુ કે ઈચ્છા ન હોય અને દેહમાં કિંચિત પણે મમત્વભાવ ન હોય એવા નિર્ગ્રંથપણાની ભાવના તેઓ કરે છે.

ત્રીજી કડીમાં 'ઉપજયો' શબ્દ દ્વારા પોતાને અનુલક્ષીને શ્રીમદ્ જણાવે છે કે આત્મા અને દેહ બંને જુદા છે. આત્મા માત્ર ચૈતન્યમય અને જ્ઞાનમય છે. એવા બોધદર્શન મોહનીય કર્મના નાશથી પ્રાપ્ત થયો છે. સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થઈ છે. તે જ્ઞાન દ્વારા ચારિત્ર મોહનીય કર્મ પણ ક્ષીણું થતું દેખાય છે અને શુદ્ધ આત્મસ્વરૂપનું ધ્યાન નિરંતર વર્તે છે.

શ્રીમદ્દે ૪ થી ૧૨મી કડી સુધીમાં મુનિદશાની ભાવના ભાવતાં જણાવે છે તેમણે અહીં મન–વચન–કાયા આ ત્રણ સંક્ષિપ્ત યોગની સ્થિરતાની વાત છે યોગ એટલે આત્મા અને ક્રિયાનું જોડાણ. ક્રિયા ત્રણ પ્રકારની છે મનની, વચનની અને કાયાની. એટલે યોગ પણ ત્રણ જાતના કહેવાય. જેમકે આત્માનું મન સાથે જોડાણ એટલે મનોયોગ. અને મનોયોગ એટલે વિચાર. વચન એટલે વાણી આત્માનું વચન સાથે જોડાણ એટલે વચનયોગ અને આત્માનું કાયા સાથે જોડાણ એટલે કાયયોગ.

મન–વચન–કાયાનું આત્મા સાથેનું જોડાણ એ શ્રમજીવી છે. ફરી ફરીને એકબીજા સાથે જોડાતા હોય છે. ઘોર પરિષહ કે ઉપસર્ગના ભયથી પણ તે આત્મસ્થિરતા વિચલિત ન થાય સમિતિનું સ્વરૂપ દર્શાવતાં તેઓ જણાવે છે કે નિર્વિકલ્પ દશા અખંડ ન રહે ત્યારે મન–વચન–કાયાની જે પ્રવૃત્તિ થાય તે સંયમના હેતુએ, સ્વરૂપલક્ષી, જિનઆજ્ઞા આધીન હોય તથા તે પ્રવૃત્તિ પણ ક્ષણે ક્ષણે ઘટતી જતી સ્થિતિમાં હોય અને અંતે તે પ્રવૃત્તિ બંધ થતાં પોતે નિજસ્વરૂપમાં લીન થાય છે.

આમ, આત્મસ્થિરતા મુખ્યપણે દેહ ટકે ત્યાં સુધી રહે તે ભાવના પાછળનો હેતુ છે.

આત્મસ્થિરતાનું મહત્ત્વ દર્શાવતા શ્રી સંતબાલજી જણાવે છે કે :

***"ભૂલો માત્રનું મૂળ જ આત્મસ્થિરતાનો અભાવ છે. આત્મસ્મૃતિનું ધન લૂંટાઈ ગયા પછી જ બુદ્ધિ દેવાળું ફૂકે છે. સુખ અને સ્વતંત્રતાને સ્થાને દુઃખ અને બંધન એથી જ આવી પડે છે, માટે જ આત્મસ્થિરતાની પળેપળે આવશ્યકતા છે. આત્મસ્થિરતાનો અભાવ એ જ ભાવ મરણ છે."*** [૪૭]

મુનિચર્યા વિશેની પોતાની ધારણા વ્યક્ત કરતાં છટ્ઠી કડીમાં શ્રીમદ્ જણાવે છે કે આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પાંચ ઈન્દ્રિયના વિષયમાં રાગ–દ્વેષરહિતપણું વર્તે, પાંચ પ્રકારનાં પ્રસાદથી મનની અસ્થિરતા થાય નહીં, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના પ્રતિબંધ વિના ઉધ્યાધીનપણે, લોભરહિતપણે વિચરે; ક્રોધ સ્વભાવનું ક્રોધ પ્રત્યે વર્તે. માયા પ્રત્યે સાક્ષીભાવે માયા વર્તે, સમાન થાય નહીં બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ ન કરે. ચક્રવર્તી વંદન કરે તોપણ માન ન થાય, શરીર છૂટી જાય તો પણ એક રોમમાં પણ માયા ન થાય અને ઉત્સ્કૃષ્ટ પ્રકારની સિદ્ધિઓને ફોરવવાનો કે ઉપયોગ કરવાનો લોભ ન થાય; નગ્નભાવ, મુંડભાવ, અસ્નાનતા, અદંતધોવન આદિનું પાલન કરવું તથા કેશ, રોમ, નખ કે અંગની શોભા ન કરવી એ પ્રસિદ્ધ આચારરૂપ દ્રવ્યસંયમ અને ભાવ સંયમમય નિર્ગ્રંથ દશા વર્તે.

૧૧મી કડીમાં સમભાવ રાખવાની ભાવના ભાવી છે. સમભાવ હોય ત્યારે મુનિના વર્તના કેવા પ્રકારની હોય છે તે જણાવ્યું છે જુઓ :

***"એકાંકી વિચરતો વળી સ્મશાનમાં,***

***વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;***

***અડીલ આસન તે મનમાં નહિ ક્ષોભતા,***

***પરમ મિત્રનો જાણે પામ્યો યોગ જો."*** [૪૮]

અર્થાત્ : આત્માના સાચા સુખનો ખ્યાલ પામ્યા પછી મુનિ બાકી રહેલા કર્મોને જલદી ભસ્મીભૂત કરીએ. શાશ્વત આત્મસુખ પામવાની અભિલાષાવાળા બને છે એટલે

ઉગ્ર સાધના–તપ કરવા તરફ એમનું લક્ષ્ય હોય છે તેમ કરવા માટે જંગલ, પર્વત, ગુફા અને સ્મશાન વગેરે જેવાં નિર્જન સ્થળો તેમને વધારે અનુકૂળ લાગે છે. સ્મશાન જેવા સ્થળો જીવોને ભયભીત કરે તેવા એકાંત સ્થળમાં મુનિવેશે એકાંકીપણે રહી સાધના કરવાની ભાવના કરે છે. પર્વત અને ગુફા પણ સ્મશાન જેવાં જ નિર્જન સ્થળ છે તેથી એ પણ મુનિને સાધના માટે અનુકૂળ સ્થળ છે. પર્વત પણ સુમસામ સ્થળ છે વળી ભયંકર પણ છે કારણકે માનવી જેનાથી ડરે છે અને જે માણસથી ડરે છે, એવી પરસ્પરવાળી વાઘ, સિંહ, અજગર, રીંછ વગેરે પશુસૃષ્ટિ પણ ત્યાં વસે છે પરંતુ જેમણે બધા જ પ્રકારના ડર છોડી દીધા છે તેઓ ડર્યા વિના પર્વતની ટોચ પર ધ્યાનમગ્ન બેસે છે. મનમાં ભય કે ક્ષોભ ઉપજે નહીં, બલ્કે પરમમિત્રનો થયો હોય.

આ ખૂબજ શ્રીમદ્ રાજચંદ્રે ઉત્તરાર્ધમાં ૧૩મી કડીમાં મુનિચર્યા આચવાની ભાવના ભાવી છે.

***“એમ પરરાજય કરીને ચારિત્ર્યમોહનો,***

***આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવજો;***

***શ્રીણી ક્ષપક તણી કરીને આરૂઢતા,***

***અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો.”*** [૪૯]

‘આવા’ શબ્દનો પ્રયોગ કરી, પોતાને ઉદ્દેશીને ભાવના વ્યક્ત કરે છે કે ઉપર જણાવ્યું તે પ્રમાણે ચારિત્ર્ય મોહનો પરાજય કરીને, અપૂર્વકરણ નામના આઠમાં ગુણસ્થાનકે આવું અને ક્ષપકશ્રેણીમાં આરૂઢ થાઉં, જ્યાં શુદ્ધ સ્વભાવનું જ અનન્ય ચિંતન હોય, મોહ સ્વયંભૂરમણસમુદ્ર તરીને ક્ષીણમોહ નામના બારમાં ગુણસ્થાનકે સ્થિતિ કરું કે જેના અંત સયમે પૂર્ણ વીતરાગ થઈ નિજ કેવળજ્ઞાન નિધાન પ્રગટ થાય. કરણ એટલે આત્માના પરિણામ.

અપૂર્વ એટલે પૂર્વ નહિ કરેલ તે. આ ગુણસ્થાને આત્માને પૂર્વે કદી ન કર્યા હોય તેવો ભાવો પ્રગટે છે. અહીં મુનિ કષાયનો સંપૂર્ણ ક્ષય કરવા માટે પ્રબળ પુરુષાર્થ ઉપાડે છે અને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટયાં પછી તે પુરુષાર્થ છૂટે છે. તેરમા ગુણ સ્થાનકે ચાર ઘનઘાતી કર્મ વ્યવચ્છેદ થયાં હોવાથી ભવનાબીજનો આત્યંતિક નાશ થયો હોય છે. આત્મપરિણતિની શુદ્ધતા સહિત જીવ બધા ભવોના જ્ઞાતા–દૃષ્ટા હોય છે અને અનંતવીર્યના પ્રગટવાથી કૃતકૃત્ય થઈ પ્રભુપદે વિરાજિત હોય છે.

કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછીની સ્થિતિનું ચાર અઘાતી કર્મથી બતાવ્યા છે સીંદરી બળી જતા તેનો આકાર માત્ર રહે છે તેમ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મો માત્ર આકારરૂપ જ રહે છે તે કર્મોની સ્થિતિ પૂર્ણ થતાં દેહને ફરીથી ધારણ કરવાનો રહેતો નથી, એવો અપર્વ અવસર મેળવવાની ભાવના શ્રીમદ્ અહીં વ્યક્ત કરી છે.

આમ, અહીં શ્રીમદ્ ખૂબજ યોગ્યતાપૂર્વક અઘાતી કર્મોને ‘બળેલી સીંદરી’ની ઉપમા આપેલી છે.

૧૪મું ગુણસ્થાનક અયોગી પ્રાપ્ત થતાં મન–વચન કાયા અને કર્મની વર્ગણા એ સફળ પુદ્ગલનો સંબંધ સદાને માટે છૂટે છે. આ દશા મહાભાગ્ય, સુખદાયક તથા પૂર્ણ સંબંધ છે. ૧૪માં ગુણસ્થાનકમાં છેલ્લા સમયે એક પરમાણુમાત્રની પણ સ્પર્શતા હોતી નથી. પૂર્ણ કલંકરહિત અડોલ સ્વરૂપ પ્રગટે છે કે જે શુદ્ધ નિરંજન, ચૈતન્યમૂર્તિ, અનન્યમય, અગુરુલઘુ, અમૂર્ત, સહજપદરૂપ છે.

૧૫,૧૬,૧૭ એ ત્રણે કડીઓમાં સયોગી તથા અયોગી કેવળની દશાનું વર્ણન આપ્યું છે. અયોગી કેવળદશા થયા પછી આત્મા સર્વ બંધનોથી મુક્ત થઈ સિદ્ધિક્ષેત્રે જઈ અનંત સમાધિસુખમાં બિરાજમાન થાય છે. શુદ્ધ થયેલા આત્માના ગુણો અને તેની ગતિનું વર્ણન તેમણે આ પછી આપ્યું છે.

શ્રીમદ્દે જીવના ચોથા થી ચૌદમાં ગુણસ્થાનક સુધીનું વર્ણન કર્યા પછી આ કાવ્યનો ઉપસંહાર તેમણે બે કડીમાં કર્યો છે તેઓ અંતિમ કડીમાં પ્રકાશે છે કે એ પરમપદની પ્રાપ્તિને તેમણે ભાવના ભાવી છે અને એ કામ અત્યારે ગજા ઉપરનું હોવાથી મનોરથરૂપ છે. છતાં પણ તેના મનમાં એ દઢ નિશ્ચય વર્તે છે કે તેઓ પ્રભુની આજ્ઞાએ ચાલીને સ્વરૂપને અવશ્ય પામશે? સર્વોત્કૃષ્ટ પરમપદ પ્રાપ્તિની પ્રભાવશાળી ભાવનારૂપ આ 'અપૂર્વ અવસર' કાવ્ય શ્રીમદ્દની અતિ ઉત્તમ, અવિરત, અતરંગ, પુરુષાર્થ ધારાનું સ્પષ્ટ દર્શન કરાવે છે.

આ કાવ્ય એવા આધ્યાત્મિક ઉલ્લાસથી લખાયેલું છે કે વાંચનાર કે સાંભળનાર બંને આનંદમાં આવી જાય એવું સરસ છે તેમજ તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે. જૈનધર્મના તેમજ અન્ય ધર્મના જિજ્ઞાસુઓમાં ઘણું જ લોકપ્રિય છે.

૨૯ વર્ષની યુવાન વયે શ્રીમદે સેવેલા મનોરથના સામ્રાજયનું નિરૂપણ આ 'અપૂર્વ અવસર' કાવ્યમાં જોવા મળે છે. સામાન્ય રીતે આ ઉંમરે ધન, વૈભવ, સાંસારિક સુખો, સત્તા, કુટુંબ વગેરે મેળવવાની ઈચ્છા બધાને હોય છે. પરંતુ શ્રીમદ્દને તો સર્વના ત્યાગની અને મોક્ષપદ મેળવવાની ઈચ્છા હતી; તે અહીં આપણે જોઈ શકીએ છીએ. તેમાં તેમનો ઉચ્ચ વૈરાગ્ય દેખાય છે.

પૂજ્ય ગાંધીબાપુને આ કાવ્ય ઉત્તમતાને કારણે ખૂબ લોકપ્રિય હતું. બાપુએ આ પદને 'આશ્રમભજનાવલી'માં પણ સ્થાન આપ્યું હતું. ફિનીકૃત આશ્રમની પ્રાર્થનામાં આ કાવ્ય ગવાતું હતું. તેમ છતાં બીજા અન્ય સ્થળોએ પણ ગવાય છે. 'અપૂર્વ અવસર'ના દરેક પદ ઉપર પ્રવચન થતાં. આ કાવ્યને શ્રીમદ્દની દશા સાથે સાંકળતા બાપુએ લખ્યું છે કે–

> ***"જે વૈરાગ્ય એ કડીઓમાં ઝળહળી રહ્યો છે તે મે તેમના બે વર્ષના ગાઢ પરિચયમાં ક્ષણે ક્ષણે તેમનામાં જોયેલો."*** [૫૦]

ઈચ્છેલું મોક્ષપદ મેળવવા માટે, નિર્ગ્રંથ મુનિ થઈ દ્રવ્ય તેમજ ભાવથી શુદ્ધ આત્મચરિત્ર પાળવાનો માર્ગ શ્રીમદે આદર્શરૂપ ગણ્યો છે. તે ચારિત્ર પાળતી વખતે માર્ગમાં આવતાં સંકટો દૂર કરવાનો ઉપાય પણ તેમણે આ કાવ્યમાં વિચારી લીધો છે.

આમ, આ કાવ્યની દરેક કડી અર્થસભર છે. તેનાથી પ્રભાવિત થઈ કાનજીસ્વામી, શ્રી નગીનદાસ શેઠ, મુનિશ્રી જયવિજયજી, મુનિશ્રી સંતબાલજી વગેરે જેવાં સમર્થ ચિંતકોએ તેના ઉપર વિસ્તારથી વિવેચન કર્યું છે. ઈ.સ.૧૯૧૬માં વિનોબાજીએ આ કાવ્યને વાંચ્યું હતું અને તેમને આ કાવ્ય ખૂબજ પસંદ આવ્યું હતું અને તેમણે આ કાવ્યને કંઠસ્થ પણ કર્યું હતું. આ કાવ્ય ગુજરાતી કવિતાનું અણમોલ રત્ન છે. પ્રત્યેક પરિસ્થિતિને યોગ્ય રીતે વ્યક્ત કરતા શબ્દો પણ તેમણે યોજ્યા છે. કાવ્યગુણની દૃષ્ટિએ તે ઉચ્ચ પ્રકારનું હોત તો પણ કવિ કહેવા માટે પૂરતું હોત. આ કાવ્ય વિશે મુનિશ્રી સંતબાલજી 'સિદ્ધિના સોપાન' નામના પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે કે–

> ***"આગ્રાનો તાજમહેલ જેમ શિલ્પદુનિયાનો અદ્‌ભુત કળાનમૂનો છે; તેમ આ ગીતા જેવા સર્વમાન્ય ગ્રંથની હરોળમાં આવે એવો આધ્યાત્મિક જગતના આલેશાન મંદિરોનો કળા નમૂનો છે., એમ મને લાગ્યું છે. ગીતાની આસપાસ જેમ આખું આધ્યાત્મિક જગત છે, તેમ આની આસપાસ આધ્યાત્મિક જગતમાંથી કાઢી આપેલો કેવળ મલીદો છે એ પચાવવા માટે અમુક ભૂમિકા જોઈએ. પણ જેને પચે એનો બેડો પાર."***[૫૧]

## ❖ સ્વતંત્ર કાવ્યો :

### ◈ ધર્મેતર કાવ્યો :

કવિ તરીકેની શ્રીમદ્‌ની પ્રતિભા નૈસર્ગિક અને ઉચ્ચ પ્રકારની છે. એ પ્રતિભાનો આવિષ્કાર નાની વયમાં જ થયો હતો. વીસ વર્ષની ઉંમર પૂર્વે લખાયેલી શ્રીમદ્‌ની ઘણી કવિતાઓ ધર્મેતર પ્રકારની હતી. તેમનું હૃદય ખૂબજ સંવેદનશીલ અને ઊર્મિપ્રધાન હોવાથી

તે સમયે પ્રવર્તી રહેલી સ્ત્રીઓની દુર્દશા, દેશની અવનતિ, કુસંપ વગેરે જોઈ તેમને થયેલી અંતરવેદના કાવ્યમાં અભિવ્યક્ત થઈ હતી.

> *“ ‘સુબોધસંગ્રહ’માં ‘સ્ત્રીનીતિબોધક’ની ગરબીઓ ઉપરાંત તે સમયના ‘વિજ્ઞાનવિલાસ’, ‘સૌરાષ્ટ્ર દર્પણ’ આદિ સામાયિકોમાં છપાયેલી કેટલીક કૃતિઓ જોવા મળે છે એવી અહીં લગભગ પંદર જેટલી કૃતિઓ સંગ્રહીત કરીને બ્રહ્મચારી ગોવર્ધનદાસજીએ આપી છે. જેમાં ‘હનુમાન સ્તુતિ’ નામનું જૈનેત્તર વ્યક્તિની સ્તુતિ કરતું શ્રીમદ્નું એક કાવ્ય છે. ‘સ્વદેશીઓની વિનંતી’, ‘શ્રીમંત જનોને શિખામણ’, ‘હુન્નરકળા વધારવા વિશે’, ‘ખરો શ્રીમંક કોણ?’ અને ‘ધોળે દહાડે ધાળ’ એ પાંચ કૃતિઓ સુધારાને લગતી છે. ‘આર્ય પ્રજાની પડતી’, ‘આર્ય ભૂમિના પુત્ર’, અને ‘વીરસ્મરણ’ એ ત્રણ રચનાઓમાં વીરરસના આલેખન દ્વારા હાલની આર્ય પ્રજાની સ્થિતિથી થતું દુઃખ અને ભૂતકાળની ભવ્યતાનું ગૌરવ જોવા મળે છે. તેમાં પણ આડકતરી રીતે સુધારાનું સૂચન મૂકેલું છે. ‘પ્રેમની કળા ન્યારી છે’ તે દર્શાવતું એક પદ્ય છે અને આ ઉપરાંત તેમા ‘દષ્ટાંતિક દોહરા’, ‘મિત્ર પરીક્ષા’, ‘કુમિત્ર નિંદા’, ‘પ્રાસ્તાવિક દોહરા’, ‘સદ્બોધ સૂચક પ્રાસ્તાવિક કાવ્ય’ એમ વિવિધ શીર્ષક નીચે દોહરાઓ મળે છે. તેમાં મુખ્યત્વે કોઈ કથન આપી તેને પુષ્પ કરતું ઉદાહરણ આપી દોહરાની રચના કરી છે.”* [૫૨]

## ◈ દોહરા :

‘દષ્ટાંતિક દોહરા’, ‘સ્વદેશીઓને વિનંતી’ શીર્ષક નીચે ‘સુબોધસંગ્રહ’માં શ્રીમદ્ રચિત કુલ ૧૧૦ દોહરાઓ આપવામાં આવ્યા છે. વિવિધ છંદમાં પ્રાસાનુપ્રાસયુક્ત કવિતાની રચના કરવાની તેમાં વિવિધ રસોનું સરસ અને સચોટ નિરૂપણ કરવાની તેમની જન્મસિદ્ધિ કળાની ઝાંખી કરાવે છે જુઓ :

*“પડતી સમયે પંડને, ઊગે અવળી વાત;*

*હરણ થયા મૃગમોહથી, સતી સીતા સુખઘાત.”* [૫૩]

નીતિપ્રિયતી, દેશભક્તિ, સુધારકવૃત્તિ, સદ્‌ગુણ પ્રીતિ આદિ ગુણોનો તથા સુઘડ અને પરિપકવ વિચારોનો આપણને પરિચય થાય છે.

## ◈ અવધાનકાવ્યો :

અવધાન સમયે શીઘ્રતાથી રચાયેલી ૪૦ જેટલી પદ્યરચનાઓ જોવા મળે છે. આ શીઘ્ર રચનામાં વિષયોનું વૈવિધ્ય ઘણું છે. જેવા કે ધર્મ, કાંકરો, રંગની પિચકારી, નળિયું, ચોપાટ, ઈંટ, આગગાડી, દરિયો, કમળ, પાણી આદિ વિષયો પર બોધપ્રદ કાવ્યો લખ્યાં છે. આ બધી રચનાઓ વિવિધ છંદમાં રચાયેલી છે. તેમણે શિખરિણી, શાર્દૂલવિક્રીડિત, વસંતતિલકા, ભુંજગી, દોહરા, નારાચ, મનહર વગેરેમાં માત્રામેળ અને અક્ષરમેળ છંદો જોવા મળે છે.

આ માર્મિક કાવ્યોમાં તેમની શીઘ્ર શબ્દચમત્કૃતિ, તર્કશક્તિ, કવિત્વશક્તિ, સામાન્ય વિષયમાંથી સુંદર બોધ તારવવાની કળા વગેરે ઉપરાંત વૈરાગ્યવૃત્તિનું દર્શન પણ આપણને થાય છે.

## ◈ ધર્મને લગતા કાવ્યો :

શ્રીમદ્‌ે તેમના સમગ્ર જીવનકાળ દરમિયાન ૨૦ જેટલાં સ્વતંત્ર ધાર્મિક કાવ્યોની રચના કરી હતી. તેમાં કેટલાંક હિંદી ભાષામાં પણ છે જેમાં ‘મોક્ષમાળા’ના કાવ્યો, ‘મોક્ષસુબોધ’, ‘નવ કાળ મૂકે કોઈને’, ‘ધર્મ વિશે’ આદિમાં તેમણે મોક્ષપ્રાપ્તિ માટે જે પ્રબળ પુરુષાર્થ કર્યો હતો તેનું પ્રતિબિંબ જોઈ શકાય છે. કેટલાંક કાવ્યોમાં તત્ત્વજ્ઞાનનો બોધ છે. કેટલાંકમાં અંતરંગ દશાનું વર્ણન છે. આ ઉપરાંત ગુરુમાહાત્મ્યનું વર્ણન પણ છે. અહીં આપણને તેના મુખ્ય કાવ્યોનું સંક્ષેપમાં અવલોકન કરીએ.

## ◈ કાળ કોઈને નહીં મૂકે

શ્રીમદ્દે આ રચનામાં કોઈપણ માણસ મૃત્યુથી બચી શકતો નથી. તે વિશે દષ્ટાંતોથી સમજાવ્યું છે. અનેક ગુણો હોવા છતાં પણ વ્યક્તિ મૃત્યુથી બચી શકતો નથી. બધાનું મૃત્યુ ચોક્કસ છે જ મૃત્યુ આવે ત્યારે એ વૈભવ, માન, પ્રભુત્વ છોડી માણસે મરણને શરણ થાવું પડે છે. મનુષ્યની આ પરાધીનતાનું ચિત્ર તેમણે ભિન્ન–ભિન્ન દષ્ટાંતો દ્વારા સમજાવ્યું છે.

## ❖ બિના નયન પાવે નહીં :

શ્રીમદ્દે કેટલીક રચનાઓ હિંદીમાં કરી છે તેમણે વિ.સં.૧૯૪૭માં અષાઢ માસમાં ગુરુગમની ગૌરવગાથા ગાતું આ કાવ્ય સૌભાગ્યભાઈને મોકલ્યું હતું. આ કાવ્ય છ દોહરાનું છે તેમાં ગુરુમહિમાનું નિરૂપણ હોવાથી સૌથી ઉપયોગી બને છે. 'આંધળાને સમ્યગ્દર્શન ન થાય' તેવી ચર્ચા કરનારને ચેતવણી આપતા શ્રીમદ્દે 'બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત; સેવે સદ્ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત્.'' [૫૫] આ પદની રચના કરી હતી.

આ કાવ્ય દ્વારા તેઓ જણાવે છે કે બાહ્ય ચક્ષુથી અગોચર એવો શુદ્ધાત્મા અંતચક્ષુ વિના પ્રાપ્ત કરી શકતો નથી. તેના માટે સદ્ગુરુના ચરણની ઉપાસના કરવી યોગ્ય છે. જ્યાં સુધી જીવને સદ્ગુરુની અનુપમ કૃપા પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી તેનાં જપ,તપ, વ્રત આદિ સર્વ સાધન ભ્રમરૂપ છે. આત્મસાક્ષાત્કારની ખરી તૃષા લાગી હોય તો તેને છિપાવવા અનાદિ કાળથી એક જ ઉપાય છે કે સદ્ગુરુ પાસેથી ગુરુગમનની પ્રાપ્તિ કરવી.

આમ, આ કાવ્યમાં સદ્ગુરુની મહત્તા દર્શાવી, આત્મકલ્યાણ સાધવાનો સરળ અને સચોટ માર્ગ બતાવ્યો છે.

## ◈ ધર્મ વિશે :

શ્રીમદ્ રાજચંદ્રે આ રચનામાં ધર્મનું મહત્ત્વ સમજાવ્યું છે. જે ૩૨ પંક્તિઓ જેટલી લાંબી છે. જેમાં તેમણે આઠ–આઠ પંક્તિનાં ચાર વિભાગ પાડ્યાં છે. પ્રથમ વિભાગમાં

સત્‌ધર્મની શ્રદ્ધા ન હોય તો સંસારના બધા જ પ્રકારના સુખ વૈભવની કોઈ કિંમત નથી હોતી તે એમણે સમજાવ્યું છે. બીજા વિભાગમાં મનુષ્યના દુર્ગુણોનો નાશ કરવાનું તથા સાચું સુખ મેળવવા માટેનું એકમાત્ર સાધન છે ધર્મ એવું જણાય છે. ત્યાર પછીના ત્રણ વિભાગમાં ધર્મમાં શ્રદ્ધા ના રાખનાર મનુષ્ય કેટલો હીન દેખાય છે. એ તેમણે અલગ–અલગ ઉપમાઓ આપી સમજાવ્યું છે. ચોથા વિભાગમાં તેઓ સાધુઓ, સત્પુરુષો, વિદ્વાનો વગેરે ધર્મને ઘણું મહત્ત્વ આપે છે. તેના વિશે જણાવ્યું છે.

## ◈ યમ નિયમ સંયમ આપ કિયો :

શ્રીમદ્દ્ વિ.સં.૧૯૪૭ના અષાઢ માસ પછીના થોડાં દિવસ પછી તરત જ તેઓ રાજળ (ખંભાત પાસે) હતા ત્યારે લખાયેલા ચાર કાવ્યો તેમણે આત્મદર્શનની પ્રસાદીરૂપે આપ્યાં છે. આ કૃતિઓ કદમાં નાની છે પણ તેનો આશય ઘણો ગૂઢ છે.

વિ.સં.૧૯૪૭ના ભાદરવા સુદ ૮ના દિવસે ત્રોટકછંદમાં આઠ કડીના આ કાવ્યમાં શ્રીમદ્દ્ અનંતવાર સાધવાનો, સેવવાનો છતાં તે સર્વ સાધનો નિષ્ફળ કેમ ગયાં એ સમજાવી, સફળ કેવી રીતે થવાય તેનું અપૂર્વ માર્ગદર્શન આપ્યું છે. તેઓ આ કાવ્યમાં જણાવે છે કે માણસે સદ્‌ગુરુની આજ્ઞા વિના સ્વચ્છંદે અનેક યમ–નિયમ–સંયમ કર્યો છે. અથાગ ત્યાગવૈરાગ્ય લડ્યા, મૌન ધારણ કર્યું. વનવાસ લીધો, પદ્માસન લગાવ્યું, મનવિરોધ–પવનનિરોધ કરી પોતાના સ્વરૂપનાં બોધ માટે પ્રયાસ કર્યો છે.

## ◈ હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું :

૨૦ દોહરા તરીકે સુપ્રસિદ્ધ ‘હે પ્રભુ ! હે પ્રભુ! શું કહું’ એ ભાવવાહી પંક્તિથી શરૂ કરી પ્રાર્થનામાં પ્રભુ પાસે આધ્યાત્મિક દીન વ્યક્ત કરી પોતાને તેના શરણ લેવા વિનંતી કરી છે. હૃદય સોંસરવા નિકળી જાય એવા સાદા–સરળ શબ્દોમાં સદ્‌ગુરુની ભક્તિનું રહસ્ય દર્શાવતી આ કૃતિ તેમની પદ્યરચનાઓમાં અગ્રગણ્ય સ્થાન ધરાવે છે. શ્રીમદ્દ્ આ કાવ્યની રચના કરી ત્યારે પહેલી પંક્તિ ‘હે પ્રભુ! હે હરિ! શું કહું’ હતી. પરંતુ પછીથી તેમણે

'હરિ'ની જગ્યાએ 'પ્રભુ' શબ્દ મૂકી પાઠાંતરવાળી પંક્તિ રચી હતી. જે હાલમાં પ્રચલિત છે. આત્મનિરીક્ષણથી ઓત–પ્રોત આ રચનામાં પીસતાળીસ વાર 'નહિ', 'નથી', આદિ ભાવાત્મક શબ્દોના પ્રયોગ દ્વારા મનુષ્યના દોષોનું વર્ણન કર્યું છે.

૨૦ દોહરાના આ કાવ્યમાં સાચા ગુરુની પ્રાપ્તિ વિના જીવની કેવી દશા થાય છે તથા તેવા જીવોમાં કેવાં કેવાં દોષો રહી જાય છે તેનું વર્ણન કર્યું છે. શુદ્ધભાવના, નમ્રતા, પ્રભુ પ્રત્યેનો દઢ વિશ્વાસ, ગુરુની આજ્ઞા, સત્સંગ વગેરે અનેક શુભ ગુણ ન હોવાથી તથા બાહ્ય પદાર્થ પરનો રાગ, અહોભાવ, આદિ દુર્ગુણો હોવાથી શી દશા થઈ છે તે ૧૫ થી ૧૭ ત્રણ દોહરામાં જણાવ્યું છે.

આ દોહરાની ભાષા ખૂબ સરળ અને ભાવવાહી છે. અપૂર્વ ભાવ પ્રેરનારા આ દોહરા, બોલનારને પોતાના દોષો પ્રત્યક્ષ થાય અને થયેલા દોષો માટે પશ્ચાતાપ થાય તેવા અસરકારક છે. હજારો મુમુક્ષુઓ તેને કંઠસ્થ કરી, નિયમિતપણે તેનો પાઠ કરે છે. તેનું પઠન અને મનન સાચાં હૃદયથી કરવામાં આવે તો અનેક લબ્ધિ અને સિદ્ધિ પ્રગટે તેવું સામર્થ્ય તેમાં રહેલું છે. જાતિ, ધર્મ, સંપ્રદાય આદિના ભેદ વિના સર્વ મુમુક્ષુઓને, અબાલવૃદ્ધ સૌ કોઈને સર્વકાળે સ્વાધ્યાય કરવા યોગ્ય એવી શ્રીમદ્‌ની આ કૃતિઓના શબ્દો હૃદય સોંસરવા ઉતરી જાય એવા વેધક છે.

શ્રીમદ્ તેમાં ભક્તિસિંધુ, ઉલ્લસા છે કે તેનું ઊંડું અવગાહન કરતાં આત્માને અપૂર્વ જાગૃતિ પ્રગટે છે. વિ.સં.૧૯૫૧ના કાર્તિક સુદ ત્રીજ પત્રમાં લખેલું કે :

***"આ જીવ અત્યંત માયાના આવરણે દિશા મૂઢ થયેલ છે અને તે યોગે કરી તેની પરમાર્થ દૃષ્ટિ ઉદય પ્રકાશતી નથી. અપરમાર્થને વિષે પરમાર્થનો દઢાગ્રહ થયો છે અને તેથી બોધ પ્રાપ્ત થવાના યોગે પણ તેમાં બોધ પ્રવેશ થાય એવો ભાવ સ્ફૂરતો નથી. એ આદિ જીવની વિષમ દશા કહી, પ્રભુ પ્રત્યે દીનત્વ કહ્યું છે કે, 'હે નાથ? હવે મારી કોઈ ગતિ (માર્ગ) મને દેખાતો નથી, કેમકે સર્વસ્વ લૂંટાયા જેવો યોગ મેં કર્યો છે અને સહજ ઐશ્વર્ય છતાં પ્રયત્ન કર્યો છે તે ઐશ્વર્યની વિપરીત એવા જ માર્ગે***

*મેં આચર્યા છે, તે યોગથી મારી નિવૃત્તિ કર અને તે નિવૃત્તિનો સર્વોત્તમ સદ્ઉપાય એવો જે સદ્ગુરુ પ્રત્યેનો શરણભાવ તે ઉત્પન્ન થાય એવી કૃપા કર. એવા ભાવના વીશ દોહરા કે જેમા પ્રથમ વાકય 'હે પ્રભુ ! હે પ્રભુ! શું કહું?' દીનાનાથ દયાળ છે તે દોહરો તમને સ્મરણમાં હશે. તે દોહરાની વિશેષ અનુપ્રેક્ષા થાય તેમ કરશો તો વિશેષ ગુણાવૃત્તિનો હેતુ છે."*[૬૦]

આમ, અહીં શ્રીમદ્ આ કાવ્યમાં પ્રભુ પ્રત્યેનો સર્વ સમર્પણભાવ દર્શાવ્યો છે.

### ◈ જડ ભાવે જડ પરિણમે :

વિ.સં.૧૯૪૭ના ભાદરવા માસમાં શ્રીમદ્ રાજળ રહ્યા હતા ત્યાં તેમણે એક દિવસમાં ચાર પદ 'વીસ દોહરા', 'યમનિયમ', 'જડ ભાવે જડ પરિણમે', 'જિનવર કહે છે જ્ઞાન તને'ની રચના કરી હતી. દોહરા છંદમાં રચાયેલું બાવીસ પંક્તિનું 'જડ ભાવે જડ પરિણમે' એ પંક્તિથી પ્રારંભ થતું, આ કાવ્ય જૈન તત્ત્વજ્ઞાનનું બોધક છે તેમાં એમણે જડ અને ચેતન વચ્ચેનો ભેદ પ્રકાશ્યો છે. જડ અને ચેતન એ બન્ને દ્રવ્યો ભિન્ન સ્વભાવ જ્યાં પ્રગટપણે સ્વીકારવામાં આવ્યો છે એવા જિન દર્શનનો સિદ્ધાંત બતાવતાં આ કાવ્યમાં શ્રીમદ્ જણાવે છે. જો જડ અને ચેતન ત્રણે કાળમાં ભિન્ન હોય તો પછી આત્મા બંધાયેલો છે, તેને મુક્ત કરવાનો છે. એ આદિ વાતો કરવી અયોગ્ય જ છે કારણ કે જે આત્મા જડથી અલગ છે. તેને બંધન કયાંથી હોય ? અને બંધન ન હોય તેને મુક્તિ શેની ? તેનું સમાધાન એ છે કે જ્યાં સુધી આત્મા અભાન છે ત્યાં સુધી સંયોગ કરીને બંધ મોક્ષ છે. પણ ત્રણ કાળમાં સ્વભાવનો ત્યાગ હોતો નથી. એમ શ્રી જિન ભગવાન કહે છે. મનુષ્યને પોતાનું અજ્ઞાન હોવાને લીધે આત્મા બંધનમાં પડે છે, પણ તેથી તેનામાં જડતા આવી જતી નથી; તેનું ચેતનત્વ કાયમ જ રહે છે. એ 'જડ તથા ચેતન ભિન્ન છે' તે સિદ્ધાંત માટેનું પ્રમાણ આ જિન ભગવાનનો ગહન સિદ્ધાંત છે. અજ્ઞાનતાના લીધે જીવ પોતાને દેહરૂપે માને છે, પરંતુ આત્મદષ્ટિ થતાં દેહનું મમત્વ ટળે છે.

જૈનમાર્ગમાં જડ અને ચેતન દ્રવ્યનો ભિન્ન સ્વભાવ પ્રતીતિપૂર્વક સમાય છે. તેનો સંબંધ અનાદિ અનંત છે તેનો કોઈ કર્તા નથી અને તે નાશ પામતું નથી એ અનુભવથી સિદ્ધ છે. કોઈપણ વસ્તુનો સંપૂર્ણ નાશ થતો નથી. માત્ર સ્વરૂપાંતર જ થાય છે. આ પ્રમાણે દર્શાવી, અંતમાં શ્રીમદ્ પ.પૂ.સદ્ગુરુ ભગવાન જેઓ પરમજ્ઞાન અને સુખનું ધામ છે, ને જેમણે સ્વરૂપનું ભાન કરાવ્યું છે તેમને પરમભક્તિથી વંદન કરે છે.

આમ, સુંદર શૈલીથી દ્રવ્યાનુયોગી વિચારણા કાવ્યની સરળ ભાષામાં રજૂ કરી છે.

## ◈ જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો :

આ કાવ્યની રચના વિ.સં.૧૯૪૭ના ભાદરવા માસમાં રાજળ મુકામે કરી હતી. લગભગ બત્રીસ પંક્તિના આ કાવ્યમાં સાચું જ્ઞાન કોને કહ્યું છે તેનું નિરૂપણ છે જ્ઞાનનું વિશદ્ સ્વરૂપ પ્રકાશતાં હરિગીત છંદમાં રચાયેલ આ કાવ્યની ત્રણેક પંક્તિ મળતી નથી. તેથી તેમાં એટલી અપૂર્ણતા લાગે છે પણ ભાષા એટલી જ સરળ અને ઉપદેશાત્મક છે કે કાવ્ય સમજવામાં કોઈ મુશ્કેલી પડતી નથી. શ્રીમદ્ જણાવે છે કે જો જીવ નવ પૂર્વ ભણેલો હોય, પરંતુ આત્માને જાણ્યો ન હોય તો આગમશાસ્ત્રોમાં તેને અજ્ઞાન જ કહ્યો છે. જીવ દોષ રહિત થઈ નિર્મળ બને એ હેતુથી ભગવાને પૂર્વ એટલે કે શાસ્ત્રો પ્રકાશ્યો છે એટલે કે જ્ઞાન એ કોઈ બાહ્ય જડ પદાર્થમાં રહેલું નથી; પણ જ્ઞાનીના અંતરમાં જ રહેલું છે અને એ જ જિનવરે સાચું જ્ઞાન કહ્યું છે. જ્ઞાન ગ્રંથમાં નથી; પણ જ્ઞાન જ્ઞાનીમાં છે. એટલે જ્ઞાનીનો આશરો લઈ તેને આરાધતાં સ્વરૂપલક્ષ સધાય છે ને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

શ્રીમદ્ ત્રીજી કડીમાં સમજાવે છે કે જીવ અને દેહ અર્થાત્ જડ અને ચેતન વચ્ચેનો જો ભેદ જણાયો ન હોય તો કોઈપણ પ્રકારના વ્રત કે નિયમ આદિના પચ્ચક્ખાણ કરવામાં આવે તો તે મોક્ષાર્થે ગણી શકાય નહીં, એવું 'ભગવતીસૂત્ર'મા પાંચમાં અંગમાં આવો નિર્મળ ઉપદેશ આપ્યો છે. માત્ર બ્રહ્મચર્ય અને સાધુપણું ગ્રહણ કરવાથી જ્ઞાન થતું નથી; પણ આત્માની પૂર્ણરૂપે જેનાથી શુદ્ધતા થાય છે તે સાચું જ્ઞાન છે. અથવા શાસ્ત્રમાં વર્ણવેલ આત્માનો સાચા ભાવથી આશ્રય કરવો તે પણ જ્ઞાન છે. 'સન્મતિતર્ક' આદિ શાસ્ત્રોમાં આ

વાત જણાવી છે તે જ પ્રમાણે જ્ઞાનીને જણાવેલ પરમાર્થ પ્રમાણે, માત્ર ત્રણ ગૃપ્તિ, આઠ સમિતિ, જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે બોલવું, ચાલવું, રહેવું ઈત્યાદિ સમજાય તો મોક્ષાર્થને સાધનાર હોવાથી જ્ઞાન કહેવાય છે. પોતાની કલ્પના પ્રમાણે સમજેલાં કરોડો શાસ્ત્ર માત્ર સંકલ્પ–વિકલ્પરૂપ જાળમાં ગૂંચવે છે એમ છઠ્ઠી કડીમાં જણાવ્યું છે.

ત્યારપછી શ્રીમદ્ જ્ઞાની અને અજ્ઞાનીના ભેદ 'નંદિસૂત્ર' આદિના સમર્થન સાથે સુંદર રીતે બતાવે છે. ત્યાં વેદ, પુરાણ આદિને મિથ્યાત્વ શાસ્ત્રો કહ્યા છે પણ આત્મજ્ઞાનની દષ્ટિએ સમ્યક્ હોવાથી તેમને તે પણ જ્ઞાનરૂપે નજ પરિણમે છે તેથી આત્મજ્ઞાનનો આશરો લઈ તેમાં જ કરવા યોગ્ય છે. એક પણ વ્રત–નિયમ–પંચ્ચક્ખાણ કે કોઈ વસ્તુનો ત્યાગ ન હોવા છતાં શ્રેણિક મહારાજ સમક્તિના પ્રતાપે આવતી ચોવીસીમાં 'મહાપદ્મ' નામે પહેલાં તીર્થંકર થવાના છે અને 'શ્રીઠાણાંગસૂત્ર'માં કહ્યું છે. અહીં આ કાવ્યમાં જ્ઞાન થવા માટે આંતરિક ભાવો પર મૂકેલો જોઈ શકાય છે.

આમ, શ્રીમદ્ આ કાવ્યમાં જ્ઞાનનું સ્વરૂપ તથા જ્ઞાનપ્રાપ્તિનો ઉપાય ઉદ્‌ઘોષ્યો છે. શ્રીમદ્દે 'ભગવતી', 'ઠણાંગ' નંદિ આદિ સૂત્રોની શાખ પરથી તેમણે જૈન શાસ્ત્રો અનુસાર ઉપદેશ કર્યો છે તે સ્પષ્ટપણે જોઈ શકાય છે.

## ❖ શ્રીમદ્‌ની અંગત ડાયરીઓ :

સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં વિહરતી શ્રીમદ્‌ની કલમે 'રોજનીશી', 'નોટબુક', 'હાથનોંધ' તથા 'સમુચ્ચયવયચર્યા'નું પણ લેખન કર્યું છે. તેમણે પોતાના અંગત ઉપયોગ માટે કરેલી કેટલીક નોંધ અત્યારે પ્રાપ્ત થાય છે. તેમાં પોતાની તત્કાલીન સમયની વિચારણા, પોતાના ભવિષ્ય માટેની ઈચ્છા, તત્ત્વની કેટલીક ગૂઢ વાતો, પોતે લખવા વિચારેલા ગ્રંથો વગેરે વિશેની વિચારણા, આ ઉપરાંત કેટલાંક પદોનો પણ સમાવેશ થાય છે. આ બધું જ લખાણ અંગત ઉપયોગ માટે હોવાથી બહુ વ્યવસ્થિત નથી. પરંતુ જુદા–જુદા મુદ્દાઓનું ટાંચણરૂપ છે. તેમાં કેટલીક જગ્યાએ શબ્દસમૂહ કે નાનાં વાક્યોમાં ખૂબજ સંક્ષેપમાં તેમણે પોતાના વિચારો ટપકાવ્યા છે. તેનો સવિગત અર્થ આશય સ્પષ્ટ થતો નથી.

તોપણ શ્રીમદ્‌ની દશાને સમજવામાં આ અંગત નોંધો ઉપયોગી નીવડે છે. આ ડાયરીઓમાં કેટલીક જગ્યાએ મિતિ ટાંકેલી જોવા મળે છે. તો કેટલીક જગ્યાએ મિતિ વિનાનું લખાણ જોવા મળે છે.

લખાણો ક્રમમાં નથી તેમજ ડાયરીઓમાં ગમે ત્યારે ગમે ત્યાં પાને લખાણ થયું હોય એમ લાગે છે અને હવે આપણે આ અંગત નોંધનું સંક્ષેપમાં અવલોકન કરીએ.

### ◈ સમુચ્ચયવયચર્યા :

શ્રીમદ્ વિ.સં.૧૯૪૬ના કાર્તિક પૂર્ણિમાના પોતાના જન્મદિવસે પોતાના બાવીસ વર્ષ સુધીના જીવનનું 'સમુચ્ચયવયચર્યા'માં અવલોકન કર્યું છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં પોતાના વિતાવેલા બાવીસ વર્ષનું આંતરિક અવલોકન કરતાં ત્રેવીસમી વર્ષગાંઠે તેમણે લખેલો એક નાનો લેખ ૮૯ આંક નીચે છપાયો છે. વિ.સ.૧૯૪૫ના કારતક માસની પૂનમે લખેલા બે–ત્રણ પાનાનાં આ લેખમાં બાળપણથી માંડીને પંદર–સત્તર વર્ષ સુધીની પોતાની આંતરિકચર્યા તપાસી છે. લેખની શરૂઆતમાં તેમણે બાવીસ વર્ષ સુધીમાં કરેલા જાતજાતના વિચારોનો ઉલ્લેખ છે. ત્યારપછી પોતાની ચર્યાનું આલેખન કર્યું છે. સાત વર્ષ સુધી તેઓએ સેવેલી એકાંત બાળવયની રમતગમત રમતાં, વિચિત્ર કલ્પનાઓ કરતાં, તે સમયે તેની દશા વિદેહી, નિખાલસ, નિર્દોષ હતી. સાત વર્ષથી અગિયાર વર્ષ સુધીનો સમયગાળો કેળવણી લેવામાં પસાર કર્યો હતો. ત્યારે તેમની અસાધારણ સ્મૃતિને કારણે તેમણે ઘણો ઝડપથી અભ્યાસ કર્યો હતો. આઠમાં વર્ષે તેમણે કવિતાની રચના કરી હતી.

બાળપણમાં તેમના દાદા પાસેથી કૃષ્ણના ભજનકીર્તન તથા ભક્તિના પદો સાંભળીને તથા અવતારોના ચમત્કાર સાંભળીને તેમને વૈરાગ્ય સંપ્રદાયમાં પ્રીતિ થઈ હતી. તેમણે કંઠી પણ બંધાવી હતી. ત્યારપછી જૈનોના પ્રતિક્રમણસૂત્ર આદિ પુસ્તકો વાંચતા તેમને જૈન ધર્મમાં પ્રીતિ થઈ. તેર વર્ષની ઉંમર પછી તેઓ પિતાની દુકાને બેસતા હતા. ત્યાં ખૂબજ પ્રામાણિકતાથી કામ કરતા એવું તેમણે આ લેખમાં જણાવ્યું છે.

શ્રીમદ્‌ની નિખાલસતા, નિર્દોષતા, સત્યપ્રિયતા વગેરે પ્રગટ રીતે જોવા મળે છે અને તેમાંથી તેમની સાચાં વ્યક્તિત્વની છાપ નિખરે છે. તેમણે પ્રયોજેલી ભાષા સરળ, સચોટ અને સઘન છે. તેમજ તેની સુસંગતતા પણ ધ્યાન ખેંચે તેવું તત્ત્વ છે. 'સમુચ્ચયવયચર્યા'માં તેમણે પોતાની અંગત માહિતી વિગતવાર અને ક્રમબદ્ધ રીતે લખી છે જે તેમના બીજા કોઈ અંગત લખાણમાં જોવા મળતી નથી.

આમ, અહીં તેમના બાળપણ આદિ વિશે માહિતી મેળવવા, તેમનાં સ્વહસ્તે આલેખાયેલું આત્મકથા જેવું આ શબ્દચિત્ર મુખ્ય સાધન હોવાથી તેનું ખૂબ મૂલ્ય છે.

## ◈ રોજનીશી :

વિ.સં.૧૯૪૬માં શ્રીમદ્‌ે રોજનીશી લખવાની શરૂઆત કરી હતી. અને અમુક મિતિઓએ પોતાના વિચારો તેમાં લખ્યાં હતાં. આ રોજનીશીમાં અમુક મિતિએ થયેલા લખાણના ૧૮ જેટલાં પાનાં પ્રાપ્ત થયાં છે. કેટલાંક પાનાં કોઈએ ફાડી લીધાં હોય એવું લાગે છે. રોજનીશીનો મોટાભાગનો બધો ભાગ મુંબઈમાં લખાયેલો જોવા મળે છે. આસો માસમાં બે–ત્રણ લખાણ જ વવાણિયા થયેલાં છે. વિ.સ.૧૯૪૬માં શ્રીમદ્‌ે લખેલા પત્રો તપાસીએ છીએ તો ખ્યાલ આવે છે કે એ જ વર્ષના અષાઢ માસ સુધીના પત્રો મુંબઈથી લખાયેલા છે અને ત્યાર પછી વવાણિયાથી. એટલે તેઓ ત્રણ–ચાર મહિના વવાણિયા રહ્યા એવું અનુમાન થાય છે.

'રોજનીશી'માં વિવિધ પ્રકારનું લખાણ જોવા મળે છે. રોજનીશીનું બધું લખાણ ગદ્યમાં છે અને તેમાં ખાસ વિસ્તાર જોવા મળતો નથી. તેમાં પ્રત્યેક અવસ્થામાં જીવને રહેતો ભય, સાચું સુખ કયું, સ્વચ્છ દષ્ટિ, આશા, મોહનીય, કર્મની અનિષ્ટતા આદિ વિશેનું લખાણ છે.

'શ્રી ભગવતીસૂત્ર'ના ત્રીજા શતકના બીજા ઉદેશકનો થોડો અનુવાદ પણ મળે છે. એમાં મહાવીર ભગવાને, પોતે છંદસ્થ અવસ્થામાં કેવી રીતે વિચારતા તેનું શ્રી ગૌતમ

સ્વામને જણાવેલું વર્ણન છે. આ ઉપરાંત લોકો સાથે વાતચીત દરમિયાન કેવી રીતે વર્તવું, તેના પાળવા જેવાં નિયમો ટાંક્યા છે. તેમનો જન્મ કૃતાર્થ થવાનો જોગ જણાયાનો ઉલ્લાસ બતાવતી કડી પણ તેમાં છે. જે આ પ્રમાણે છે જુઓ :

***"આજ મને ઉછરંગ અનુપમ, જન્મકૃતાર્થ જોગ જણાયો;***

***વાસ્તવ્ય વસ્તુ, વિવેક વિવેચક તે ક્રમ સ્પષ્ટ સુમાર્ગ ગણાયો."*** [૬૫]

'રોજનીશી'માં તેમણે પોતાના ધર્મપત્નીને ધર્મની આરાધના કરવાનો અનુરોધ કર્યો છે. આ ઉપરાંત ભાગીદારો સાથે કઈ રીતે વર્તવું તે વિશેના નિયમો વિ.સં.૧૯૪૬ના અષાઢ મહિનાની પાંચમના રોજ લખેલાં જોવા મળે છે. તેમણે પોતાને આવેલું અદ્‌ભુત સ્વપ્નની ટૂંકામાં નોંધ કરી છે. જે આ મુજબ છે.

***"ગઈકાલે રાત્રે એક અદ્‌ભુત સ્વપ્ન આવ્યું હતું. જેમાં બેએક પુરુષોની સમીપે આ જગતની રચનાનું સ્વરૂપ વર્ણવ્યું હતું, પ્રથમ સર્વ ભુલાવી પછી જગતનું દર્શન કરાવ્યું હતું. સ્વપ્નમાં મહાવીરદેવની શિક્ષા સપ્રમાણ થઈ હતી. એ સ્વપ્નનું ઘણું સુંદર અને ચમત્કારિક હોવાથી પરમાનંદ થયો હતો. પછી તે સંબંધી અધિક."***

***મુંબઈ જેઠ વદ ૧૨, શનિ, ૧૯૪૬"*** [૬૬]

'રોજનીશી'માં તરત જ સમજી ન શકાય એવી આંકડાની એક યોજના પણ જોવા મળે છે. આ બધા જ લખાણો ઉપરથી સ્પષ્ટ થાય છે કે તેમણે રોજનીશી પોતાના અંગત ઉપયોગ માટે લખી હતી અને લખાણોમાં વિશેષ વિસ્તાર જોવા મળતો નથી. પરંતુ તે અપૂર્વ છે એવું પણ કહી ન શકાય.

આમ, 'રોજનીશી'માં શ્રીમદ્‌નો વૈરાગ્ય પાને–પાને સ્ફૂરિત થાય છે.

## ◈ નોંધબુક :

કોઈ મુમુક્ષુ પાસેથી પ્રાપ્ત થયેલી શ્રીમદ્‌ના સ્વહસ્તાક્ષરની 'નોંધબુક', 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં આંક ૧૬૦ તરીકે છપાઈ છે. આ નોંધબુકના ૩૧ પાનાં લખાયેલા છે બાકી તેમાં પણ ત્રણ–ચાર પાનામાં વધારે લખાણ અમુક પાનામાં એકાદ વાક્ય જ છે. આ નોંધબુકમાં મુખ્યત્વે વેદાંતને લગતી વાતો છે. પરમાત્મસૃષ્ટિ, પરમાત્માનો અનુગ્રહ, વૈરાગ્ય વિવેકાદિ સાધન, જીવ, માયા, હરિ, ઈશ્વરનો આશ્રય લગતા વચનો જોવા મળે છે. આ નોંધબુકમાં શ્રીમદ્‌ના વ્યક્તિત્વની કે જૈન દર્શનની કોઈ છાપ નથી. પરંતુ વેદાંતના કોઈ ગ્રંથના અનુવાદરૂપે લખેલા હોય એમ લાગે છે.

અહીં અપાયેલા વચનો તેમની વિચારણાના પરિણામરૂપ નહીં પણ કોઈ ગ્રંથના ઉતારારૂપ છે. મનુષ્ય, બ્રાહ્મણ, વાયુ, પૃથ્વી, અગ્નિ, દેવ, જપ, તપ, ધ્યાન, નામ, જ્ઞાન, ગંધ, આકાશ આ બધાને બ્રહ્મ કહેલા છે અને લખાણોની ભાષાશૈલી પણ અનુવાદ જેવી છે. આ નોંધબુક લખવાની કોઈ મિતિ તેમણે આપી નથી. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથના સંપાદકોએ તેને ૨૩માં વર્ષના લખાણોના પાછળના ભાગમાં મૂકી છે. એની પાછળની વિચારણા એમ હોઈ શકે કે વિ.સં.૧૯૪૭માં ૨૪માં વર્ષે શ્રીમદ્‌ને શુદ્ધ સમકિતની પ્રાપ્તિ થયા પછી તેઓ આવા વચનો ન લખે અને તેથી આ વચનો વિ.સં.૧૯૪૭ પહેલાં લખાયા હશે. ૨૪માં વર્ષે તેમને શુદ્ધ સમકિત થયું હતું અને તે પછીથી તેઓ જૈન દર્શન તરફ જ વળી ગયા હતા.

શ્રીમદ્‌નું આ નોંધબુક સિવાયનું ૨૩માં વર્ષનું લખેલું લખાણ તપાસીએ તો પણ તેમની જૈનધર્મ તરફની દઢતા સ્પષ્ટ થાય છે. તેમણે એમની 'રોજનીશી' પણ ૨૩માં વર્ષે લખી હતી. તેમાં પણ જૈનધર્મનાં સિદ્ધાંતો દષ્ટિગોચર થાય છે.

આમ, આ બધી રીતે તપાસતાં તેમણે સોળ વર્ષની ઉંમરની આસપાસ પોતાના ધર્મમંથનના કાળમાં લખ્યું હોય તેવું સભવિત છે.

## ◈ હાથનોંધ :

આ 'હાથનોંધ' પર ઈ.સ.૧૮૯૦ વિ.સં.૧૯૪૬નું કેલેન્ડર છે અને તેમાં ૧૦૦ પાનાં છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં 'અભ્યાતંર પરિણામ અવલોકન' વિભાગમાં 'હાથનોંધ'ની ત્રણ ડાયરીઓ આપવામાં આવી છે કે જેમાં શ્રીમદ્‌ની અદ્‌ભુત વિચારશ્રેણીનું પ્રતિબિંબ ઝીલાયેલું છે. હાથનોંધમાં લખાયેલું લખાણ અંગત વિચારો કે પરિસ્થિતિ દર્શાવતું છે. તેમાં આંતરનિરીક્ષણથી ઉદ્‌ભવેલા ઉદ્‌ગારો સ્વઉપયોગાર્થે ક્રમરહિત લખાયેલા છે. પોતાને બોધરૂપ થાય તેવા વચનો, પોતાની અંતરંગ પરિસ્થિતિ દર્શાવતાં વચનો, પોતે જેના પર વિશેષપણે વિચાર કર્યો હોય એવા પ્રશ્નો, ભાવિ યોજના વિશેની વિચારણા, તત્ત્વની વાતો વગેરે છે. 'હાથનોંધ'માં ત્રણ કાવ્યો છે. એટલે આ પદ્ય સિવાયનું બધું લખાણ ગદ્યમાં છે.

શ્રીમદ્‌ની ત્રણ હાથનોંધમાંથી બે ડાયરીઓ વિલાયત બાંધાની છે. તેમાં એક ડાયરીના પૂંઠા પર ઈ.સ.૧૮૮૦નું અને બીજીમાં ઈ.સ.૧૮૯૬ તથા ત્રીજી ડાયરી દેશી બાંધાની છે અને તેમાં કોઈ વર્ષનું કેલેન્ડર નથી. અંગ્રેજી વર્ષ ૧૮૯૬ એટલે વિ.સં.૧૯૫૨ હાથનોંધ લખવાની શરૂઆત કર્યા પછી તેમાં નિયમિતપણે એમાં લખ્યું છે એવું નથી કારણ કે વિ.સં.૧૯૫૨ વાળી નવી હાથનોંધ હોવા છતાં ઈ.સ.૧૮૯૦ અર્થાત્ વિ.સં.૧૯૪૬વાળી હાથનોંધમાં વિ.સં.૧૯૫૩ના લખાણો છે. વળી, ઈ.સ.૧૮૯૬વાળી હાથનોંધ પૂરી થઈ ગયા પછી દેશી બાંધાવાળી ત્રીજી હાથનોંધ વાપરી છે એવું પણ નથી. કારણ કે ઈ.સ.૧૮૯૬વાળીમાં માત્ર ૨૭ પાનાં વાપરેલાં છે. બાકીના પાનાં કોરા છે.

આ ઉપરાંત વિ.સં.૧૯૫૪નું લખાણ કે વિ.સં.૧૯૫૩નું લખાણ બધી હસ્તનોંધમાં જોવા મળે છે. આ બધા ઉપરથી એક જ અનુમાન થાય છે કે શ્રીમદ્ બધી જ નોંધપોથી પોતાની પાસે રાખતા હશે અને જ્યારે કંઈ લખવા યોગ્ય જણાય ત્યારે તેમાંથી કોઈપણ નોંધપોથી ઉપાડી ગમે તે પાનું ખોલી તેમાં તે ઉતારી લેતા હશે. એવું લાગે છે. તેથી આ ત્રણે હાથનોંધમાં મિતિવાર લખાણ નથી. કેટલાંક લખાણો ઉપર મિતિ છે, તો કેટલાંકમાં નથી.

## ◈ હાથનોંધ –૧ :

આ ‘હાથનોંધ’ ઉપર ઈ.સ.૧૮૯૦ વિ.સં.૧૯૪૬નું કેલેન્ડર છે. તેમાં ૧૦૦ પાનાં છે. આ હાથનોંધમાંથી શ્રીમદ્‌ની પ્રબળ ઉદાસીનતા દશા વર્તતી હતી તેનો તથા નિજદોષ નિરખનારી તેમની અતિ સૂક્ષ્મદૃષ્ટિનો સ્પષ્ટ પરિચય મળે છે તેમના આત્મપુરુષાર્થ તથા તેમની આત્યંતર દશાનો કેવો વિશિષ્ટત્તમ પ્રકાર વર્તતો હતો તે પણ આ હાથનોંધમાંથી જાણવા મળે છે.

‘હાથનોંધ–૧’માં ત્રણ કાવ્યો જોવા મળે છે. જેમાં ‘મારગ સાચા મિલ ગયા’ હોત આસવા પસિયા’ તથા ‘ધન્ય રે દિવસ આ અહો’ તેમાં પહેલું કાવ્ય જ્ઞાન થયા પછીનો હર્ષ વ્યક્ત કરતું છે અને બીજુ પદ જિનપદ તથા નિજપદની એકતાનો સાક્ષાત્કાર કરાવતું છે. ત્રીજા પદમાં પોતાના જીવનમાં આવેલા અગત્યના આધ્યાત્મિક પ્રસંગોની નોંધ છે તથા પોતાની ભાવિની આગાહી મુકાયેલી છે અને તેમાં મુકાયેલી સંવત તેમજ સ્થિતિ જોતાં તે કાવ્ય લગભગ વિ.સં.૧૯૫૩માં લખાયેલું હોય એમ કહી શકાય.

આ હાથનોંધના લખાણમાં પોતાને લગતું આત્માના છ પદનું નિઃશંકતા, જીવ સ્વરૂપ, આત્મસાધના, આત્મચિંતન, ધર્માસ્તિ કાયાદિ દ્રવ્યો, મન–વચન–કાયાનો સંગમ, ધ્યાન, ષડ્દર્શન આદિ વિષયોની વિચારણા જોવા મળે છે. જિન દર્શનની શ્રેષ્ઠતા બતાવતાં શંકા–સમાધાન, સિદ્ધનું લોકા લોકપ્રકાશકપણું ઈત્યાદિ અંગેના પ્રશ્નો જોવા મળે છે. ઉદાહરણ તરીકે–

*“સુખને ઈચ્છતો ન હોય તો નાસ્તિક, કાં સિદ્ધ, કાં જડ.”* [૬૯]

તેમને વિષયમાં સંશય કે અનિશ્ચિતતા હતી એવો આ પ્રશ્નનો અર્થ નથી થતો. પણ તેમણે આ અનેક ગૂઢ પ્રશ્નો પોતાના આત્માની સમક્ષ ઊંડા મનનાર્થે મૂક્યાં છે. તેના પ્રત્યેના દૃષ્ટિપાત કરતી તેમની તત્ત્વદૃષ્ટિ પ્રત્યે બહુમાન સ્ફૂર છે.

શ્રીમદ્ પોતાના લખાણમાં તેમણે ચક્રવર્તી ઈન્દ્ર આદિ જગતના જીવોની દુઃખમય સ્થિતિનું, સિદ્ધના સુખનું અને ૪થા થી ૧૨મા ગુણસ્થાન સુધીની જીવોની ઉત્તરોત્તર ચઢતી સુખની લહેરીઓનું દર્શન કરાવ્યું છે. જયાં સુધી પોતે વ્યવહારમાં હોય ત્યાં સુધી કેમ વર્તવું. તે વિશે પોતાને થતા પ્રશ્નો, તત્ત્વની બાબતમાં થતા પ્રશ્નો વગેરે મોટાં પ્રમાણમાં જોવા મળે છે તથા નિવૃત્તિ માટેની તેમની ઈચ્છા પણ તેમાં જોવા મળે છે.

શ્રીમદ્ અપ્રમતયોગની દશાએ પહોંચશે અને કેવળ લગભગ ભૂમિકાએ સ્પર્શીને દેહવિયોગ થશે તેમ જણાવી આ કાવ્યના અંતમાં તેઓ પ્રકાશે છે કે–

***“તેથી દેહ એક જ ધારીને, જાશું સ્વરૂપ સ્વદેશ રે.”***

## ◈ હાથનોંધ–૨ :

આ હાથનોંધમાં ઈ.સ.૧૮૯૬નું કેલેન્ડર છે. તેમાં ૧૧૬ પાનાં છે. તેમના મોટાભાગના પાનાં કોરાં પડેલા છે વળી, આ લખાણ જોઈએ તો મુખ્યત્વે જમણી બાજુએ થયું છે. જેમકે પૃષ્ઠ ૩,૫,૭,૯,૧૧ એમ એકી સંખ્યાથી લખેલું છે. તેમાં પણ વચ્ચે–વચ્ચે અમુક પાનાં કોરાં છે. કયાંક આગળના પાનાનું અનુસંધાન હોય, ડાબી બાજુ થોડુંઘણું લખેલું જોવા મળે છે. આવા પાનાં ખૂબ ઓછા છે. સરખામણીની દૃષ્ટિએ ‘હાથનોંધ–૧’ કરતાં આ હાથનોંધમાં ઘણું ઓછું જ લખેલું જોવા મળે છે. અહીં પદ્યમાં લખેલું પણ જોવા મળતું નથી. પ્રશ્નાર્થ વાકયો પણ સામાન્ય રીતે જોવા મળતા નથી.

આ હાથનોંધમાં સ્પષ્ટ વ્યક્ત્વ, નમસ્કારાદિ વચનો, બોધદાયક, સ્વરૂપચિંતનાત્મક સંક્ષેપ વચનો જોવા મળે છે. કેટલીક જગ્યાએ શાસ્ત્રો કે અન્ય ગ્રંથમાંથી અવતરણો લીધેલા જોવા મળે છે. શ્રીમદ્દે પ્રાપ્ત કરવા માટે ચરિત્ર દશા આચરવા યોગ્ય ધારેલ નિયમો વગેરે લખાણમાં ઉચ્ચ આધ્યાત્મિક વિકાસ સાધવાનો તેમનો મનોરથ સ્પષ્ટપણે જણાય છે.

જૈનધર્મની વર્તમાન સ્થિતિને લગતું આ લખાણ છે એ સમજાતું હોવા છતાં કંઈ અપેક્ષાઓનું કઈ રીતે સમજાવવા માગે છે એ જાણવું ખૂબજ મુશ્કેલ છે. તેમણે છ દ્રવ્યો

વીતરાગપુરુષનો સમાગમ, રાગ–દ્વેષ, દુઃખ, દુઃખનું કારણ, દુઃખના કારણનો ક્ષય, ધ્યાન, સ્વાધ્યાય, જ્ઞાનીદશા પ્રત્યે પ્રમોદ, મતભેદ, આત્મચિંતન, મોક્ષ, મોક્ષનો માર્ગ, ગુણ સ્થાન આદિનું નિરૂપણ કર્યું છે. જેમકે–

***"હે જીવ! સ્થિર દૃષ્ટિથી કરીને તું અંતરંગમાં મે, તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવું તારું સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે."*** [૭૧]

આ ઉપરાંત તેમણે પોતાના પર ઉપકાર કરનાર જીવોને તથા વસ્તુઓને યાદ કરીને શ્રીમદ્ નમસ્કાર કર્યા છે. જુઓ :

***"હે જિન વીતરાગ ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું. તમે આ પરમ પ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યો છે."*** [૭૨]

### ◈ હાથનોંધ–૩ :

આ હાથનોંધ દેશી બાંધાની છે. તેમાં કોઈ મિતિ કે કેલેન્ડર નથી. તેથી એમાં કયારથી લખાણની શરૂઆત થઈ અને કયા વર્ષ સુધી તેમાં લખાયું એ નક્કી કરવું મુશ્કેલ છે. આ હાથનોંધમાં ૬૦ પાનાં છે, જેમાં ૩૨ જેટલા પાનાં લગભગ લખાયેલા છે. એમાં પણ કેટલાંક પાનાં પર બે–ચાર વચનો જ લખાયેલા છે. તેમાં મુખ્યત્વે જમણી બાજુના પાનાં ઉપર લખાણ થયું છે. જયારે જરૂર પડે ત્યારે જ ડાબી બાજુના પાનાંઓનો ઉપયોગ કરેલો દેખાય છે. અહીં મુખ્યત્વે વિધેયાત્મક તથા નિશ્ચયાત્મક વચનો છે.

શ્રીમદ્ આ હાથનોંધમાં પણ જૈનધર્મમાં તત્ત્વને લગતા, આચારને લગતા વચનો મુખ્યત્વે છે, જેમા વિશ્વની સ્થિતિ, જીવ, કર્મ, મોક્ષ, આત્મચિંતન, કેવળજ્ઞાન તથા તેને પ્રાપ્ત કરવાનો ઉપાય, તપ, બ્રહ્મચર્ય, છ દ્રવ્ય વગેરે વિશેની પોતાની વિચારણા શ્રીમદ્ આપેલી છે.

આમ, શ્રીમદ્‌ની અંગતનોંધો જોતા આપણને ખ્યાલ આવે છે કે તેમાં મુખ્યત્વે આત્મચિંતનને જ સ્થાન અપાયેલું છે. સંયમ તથા વૈરાગ્યમાં પોતાના ચિત્તને સવિશેષ દઢ કરવા તેમણે વેપાર કે ગૃહસ્થાશ્રમ કે અન્ય વસ્તુને હાથનોંધમાં સ્થાન ન આપતાં માત્ર આત્મચિંતનને જ સ્થાન અપાયું છે.

આમ, સમગ્ર દષ્ટિએ જોતા તેમની હાથનોંધનું મહત્ત્વ આપણા માટે બહુ રહેતું નથી.

## ◈ શ્રીમદ્ રાજચંદ્રના ઉપદેશની લેવાયેલી નોંધો :

શ્રીમદ્‌નું બધું જ સાહિત્ય લગભગ મુદ્રિત થયેલું છે અને થોડાંક ધર્મેતર વિષયોની ગદ્યરચનાઓ સિવાયનું બધું જ સાહિત્ય 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં સંગ્રહીત કરી લેવામાં આવ્યું છે. શ્રીમદ્‌ના સાહિત્યમાં તેમણે પ્રસંગોપાત આપેલા સદ્‌ઉપદેશની જુદા–જુદા મુમુક્ષુઓની ઉતારેલી નોંધનો સમાવેશ થાય છે. શ્રીમદ્ અલગ–અલગ સ્થળે સમાગમ કરતા હતા ત્યાં આવનાર મુમુક્ષુઓને તેઓ કેટલીકવાર ઉપદેશ આપતાં, તેમની સાથે તેઓ તત્ત્વચર્ચા કરતા અને તેમના પ્રશ્નોના ઉત્તરો પણ આપતા. શ્રીમદ્‌માં પૂજ્યભાવ હતો તથા તેમના વચનોમાં એટલી બધી શ્રદ્ધા હતી કે શ્રીમદ્ જે કંઈ બોલતા તે તેઓ ખૂબજ ધ્યાનથી સ્મૃતિમાં ધારણ કરી લેતા અને તરત જ તે ભાષામાં ઉતારી લેતા કયારેક આ નોંધ તે શ્રીમદ્‌ને બતાવતા અને કયારેક તેમાં આવશ્યક સુધારા પણ કરી આપતા.

આમ, આ લખાણો શ્રીમદ્દે સ્વહસ્તે લખ્યાં નથી, પરંતુ તેની ભાષા અને વિચારો શ્રીમદ્‌ના જ છે એમ કહી શકાય. એમ શ્રીમદ્‌ના અન્ય સાહિત્ય સાથે તેની સરખામણી કરતાં જાણવા મળે છે. શ્રીમદ્‌ના વચનોની લેવાયેલી નોંધોમાં વહેલામાં વહેલી નોંધ વિ.સં.૧૯૫૦માં અને મોડામાં મોડી વિ.સં.૧૯૫૭માં મળે છે. આ 'ઉપદેશ છાયા', 'ઉપદેશનોંધ', 'વ્યાખ્યાનસ્તર–૧,૨' એમ ચાર વિભાગમાં મળે છે. એ વિશે ટૂંકમાં આપણે અહીં જોઈશું.

## ◈ ઉપદેશનોંધ :

'ઉપદેશનોંધ'માં જુદાં–જુદાં મુમુક્ષુઓને થયેલા શ્રીમદ્‌ના પરિચય અંગેની તથા એમના ઉપદેશની નોંધ જોવા મળે છે. આ નોંધ વિ.સં.૧૯૪૯થી ૧૯૫૭ના ગાળાની છે અને તેના ૪૧ ભાગ કરવામાં આવ્યા છે. શ્રીમદ્‌ના પરિચયમાં આવનાર શ્રી મનસુખભાઈ કીરચંદ, શ્રી ત્રિભોવનભાઈ, શ્રી અંબાલાલભાઈ વગેરેએ શ્રીમદ્‌ના વચનોની નોંધ લીધી હતી. તેમાં તેમની અંગત બાબતો, તત્કાલીન પ્રસંગો, અભિપ્રાયો, તેમણે સૂચવેલી સત્‌શ્રુતની યાદી, મુમુક્ષુઓને આપેલાં માર્ગદર્શન અને ગ્રંથો વાંચવાની તથા ભાષાંતર અને વિવેચન કરવાની ભલામણ કરતા વચનો જોવા મળે છે. આમ, અનેક વિષયો પરત્વેના શ્રીમદ્‌ના વિચારો આ 'ઉપદેશનોંધ'માં વ્યક્ત થયાં છે.

આ ઉપરાંત એમાં આનંદઘનજી મહારાજના અજિતનાથ ભગવાનના સ્તવનની એક પંક્તિ :

*"તરતમ યોગે રે તરતમ વાસ રે,*

*વાસિત બોધ આધાર – પંવડો."* [૭૪]

તથા હેમચંદ્રાચાર્યના 'યોગશાસ્ત્ર'ના મંગલાચરણનો શ્લોક, સંમતભદ્રસૂરિજીના 'દેવાગમસ્તોત્ર'નું પ્રથમ પદ પૂજ્યપાદ સ્વામીના 'સવાર્થસિદ્ધિ'નું પ્રથમ સ્ત્રોત વગેરે વિશે સમજણ આપવામાં આવી છે. તેમાં પણ આનંદઘનજી અને હેમચંદ્રાચાર્યની આત્માર્થતા બાબતમાં તો લગભગ નાનાં લેખ જેવું વ્યવસ્થિત લખાણ 'ઉપદેશનોંધ'માં જોવા મળે છે. તે બંને એ લોકો પર કઈ રીતે કયા પ્રકારનો ઉપકાર કર્યો છે તે સવિગત સમજાવેલ છે.

ભારતવર્ષની અધોગતિ જૈનધર્મથી થઈ છે એમ તે સમયે મહીપતરામ રૂપરામ કહેતા અને લખતા, પરંતુ એક પ્રસંગે વાર્તાલાપમાં શ્રીમદ્દે જૈનધર્મને લોકોની ઉન્નતિ કરાવનાર, કબૂલ કરાવ્યો હતો, તે સમયનો રસિક વાર્તાલાપ પણ મનસુખભાઈની નોંધમાં છે. તેમાં તેઓની સરળતા તથા સત્ય જલ્દી સ્વીકારી લેવાનો ગુણ તરત નજરે તરી આવે છે.

ભાગ ૨૭ થી ૩૧માં ખંભાતના શ્રી ત્રિભોવનભાઈએ મનઃપર્યવજ્ઞાન પાંચ ઈન્દ્રિયોના વિષયનો ત્યાગ, વ્રત, મોહકષાય તથા મોક્ષમાર્ગની શ્રદ્ધા અને આસ્થા વિશેના વિચારો ઉતારી લીધા છે. 'ઉપદેશનોંધ'ના ૩૨માં ભાગમાં 'સૂયગડાંગસૂત્ર'ના ૮માં અધ્યયનની ૨૨ તથા ૨૩મી ગાથાના અર્થ વિશે કોઈને શંકા થતાં, તે વિશેનું સમાધાન આપેલું છે. ૩૬માં ભાગમાં એક મુમુક્ષુભાઈએ શ્રીમદ્‌ના ઉપદેશભૂતમાંથી નિત્યક્રમ તરીકે શું–શું કરવું જોઈએ તેની યાદી આપેલી છે. સવારથી માંડીને રાત્રિ દરમિયાન કેટલાંક નિયમો પાળવા યોગ્ય દર્શાવ્યા છે. જેટલે અંશે લાભ થાય અને લગભગ તે જ પ્રકારની નોંધ ૩૬માં ભાગમાં પણ જોવા મળે છે. ૩૪માં ભાગમાં સત્ય વિશે લેખ અપાયો છે. તેમાં સત્યના પ્રકાર તથા તેની યથાર્થતા સમજાવતાં ઉદાહરણો પણ છે.

૩૫માં ભાગમાં છ દર્શનોમાં જૈનદર્શનની ઉત્તમતા અને તે છતાં લોકો અન્ય દર્શન પ્રત્યે શા માટે આકર્ષાય છે. તે વૈદ્યનું ઉદાહરણ આપી સમજાવ્યું છે. જુદી–જુદી કક્ષાના છ વૈદ્યો છે, તેમાંથી એકની ચિકિત્સા કરવાની શક્તિ અસરકારક છે. સાથે સાથે ઔષધો પણ એવાં જ અસરકારક છે, તેથી તેની પાસે જનાર રોગી તંદુરસ્ત થઈ જાય છે. પણ તેની ફી ભારે છે. આમ, અલગ અલગ ઉદાહરણો પણ છે. ૩૭માં ભાગમાં સદ્‌ગુરુનું માહાત્મ્ય બતાવતાં 'ગુરુગીતા'ના શ્લોકની અને 'શ્રી તત્વાર્થધિગમ સૂત્ર'ની 'સર્વાર્થસિદ્ધિ' ટીકાની પહેલી ગાથાની સમજણ જોવા મળે છે.

ભાગ ૩૮માં ખેડાના એક વેદાંતવિદ્ 'પંચદશી' નામના ગુજરાતી ગ્રંથના કર્તા ભટ્ટ પૂંજાભાઈ સોમેશ્વર સાથેના વાર્તાલાપમાં આત્માના અસ્તિત્વ, કર્મ, ઈશ્વર, પુનર્જન્મ ઈત્યાદિ સંબંધી પ્રશ્નોત્તરી છે. તેના ઉત્તરમાં શ્રીમદ્ આત્મા છે, જીવ અનેક છે, કર્મ છે, પુર્નજન્મ છે, આદિ પોતાના અનુભવથી શ્રદ્ધા સાથે જણાવ્યું છે. આ પ્રશ્નોત્તરી શ્રીમદ્‌ની આત્મા અને તેનાં છ પદની શ્રદ્ધા વ્યક્ત કરે છે.

'ઉપદેશનોંધ'ના ૩૯માં ભાગમાં આઠ કર્મની સમજણ આપી છે. તેમાંથી ચાર ઘાતી અને ચાર અઘાતી શા કારણોથી કહેવાય છે. તે સમજાવ્યું છે તથા ૪૦માં ભાગમાં સંસાર

પ્રસંગમાં જ્ઞાનીની વર્તના સમજાવી છે. ૪૧મો અંતિમ ભાગમાં જીવના ચાર પ્રકારના ગોળાના દષ્ટાંત થઈ શકે છે તે બતાવ્યું છે. આ ભાગ ખંભાતના અંબાલાલભાઈની નોટમાંથી લીધેલો છે. આમ, વિવિધ વિષયો ઉપરના શ્રીમદ્‌ના વિચારોનો સમાવેશ 'ઉપદેશનોંધ'માં થાય છે.

## ◈ ઉપદેશછાયા [૭૫]

'ઉપદેશછાયા' એ પ્રાસંગિક બોધનો સંગ્રહ છે. તેનાં ૧૪ ભાગો છે. વિ.સં.૧૯૫૨ના શ્રાવણ તથા ભાદરવા માસમા શ્રીમદ્ કાવિઠા, રાજળ, વડવા આદિ સ્થળોએ નિવૃત્તિ માટે રહ્યા હતા. તે સમયે ઘણાં મુમુક્ષુઓ તેમના સત્સમાગમ માટે આવતા. તે વખતના ઉપદેશ તેમના સમીપવાસી અને તીક્ષ્ણ ક્ષયોપશમવાન શ્રી અંબાલાલભાઈએ પોતાની સ્મૃતિના આધારે ટુંકમાં ઉતાર્યા હતા. એમાં ઉપદેશની છાયા ઝીલી લેવામાં આવી છે માટે તે વચનોના સંગ્રહને 'ઉપદેશછાયા' એવું નામ આપવામાં આવ્યું છે.

શ્રી અંબાલાલભાઈએ 'ઉપદેશ છાયા'ના ૧૪ વિભાગો પસંદ કર્યા છે. આ વચનો તેમણે શ્રીમદ્‌ને બતાવ્યા હતા; તેમ કોઈ મુમુક્ષુભાઈનું કહેવું છે તથા શ્રીમદ્દે તેમાં કોઈક જગ્યાએ જરૂરી સુધારા પણ કર્યા હતા. 'ઉપદેશ છાયા' એ પ્રાસંગિક બોધ સંગ્રહ છે. એટલે તેમાં કોઈની શંકાનું સમાધાન, કોઈના પ્રશ્નોના ઉત્તરો અને તેના પરથી ફલિત થતા અન્ય વચનોનો પણ સમાવેશ થાય છે. આથી આ વચનોમાં સળંગ–સૂત્રતાનો અભાવ લાગવો સંભવે છે. 'ઉપદેશ છાયા'માં ઠેરઠેર સદ્‌ગુરુ તથા સત્સંગનો અત્યંત મહિમા દર્શાવવામાં આવ્યો છે. લગભગ દરેક પાને સત્પુરુષની ગુણ ગાથા ગાવામાં આવી છે. તેમાંથી એક નમૂનો અહીં લઈએ –

"જગતને બતાવવા જે કંઈ કરતો નથી તેને જ સત્સંગ ફળીભૂત થાય છે. સત્સંગ અને સત્પુરુષ વિના ત્રણ કાળને વિશે કલ્યાણ થાય જ નહિ." [૭૬]

શ્રીમદ્ અહીં જીવની યોગ્યતા, મતમતાંતરત્યાગ, સમકિતનો મહિમા, કેવળીપ્રરૂપિત સિદ્ધાંતો, દોષો દૂર કરવાના ઉપાયો, સદાચારસેવન અસદ્ગુરુ, જ્ઞાનીપુરુષની દુર્લભતા, દોષરહિત વ્રતનું પાલન, સૂત્રવાચન, સમકિત કોને કહેવાય, દ્વેષરહિત આચરણ, સત્સંગનું ફળ, વૃત્તિક્ષય, ગુણસ્થાનક, પ્રમાદ વગેરે વિશે સંક્ષેપમાં જણાયું છે. સાથે સાથે કેટલા પ્રકારના જીવ હોય તે કઠિયારાનું દષ્ટાંત આપી સમજાવ્યું છે.

આ ઉપરાંત મિથ્યાત્વનો ત્યાગ કઈ રીતે થાય, રાત્રિ ભોજનના ગેરફાયદા, મુનિના આચાર, જ્ઞાનીનું વર્તન, સંસાર ત્યાગનું મહત્ત્વ, ઈન્દ્રિય સંયમ, ખોટા આલંબનોનો ત્યાગ, માયાથી બચવું, ત્યાગ ઉપર લક્ષ રાખવું, નિષ્કામ ભક્તિ કરવી, તપ, સામાયિક, ભગવાનનું સ્વરૂપ, દેહનું સ્વરૂપ, દેહાત્મબુદ્ધિત્યાગ, ભક્તિનું મહાત્મ્ય, સત્પુરુષનો ઉપકાર, મોક્ષ એટલે શું, બ્રહ્મચર્યનો મહિમા, વૈરાગ્યનું મહત્ત્વ, જૈન ધર્મવિશે, જીવની ભક્તિ વગેરે આવા ઘણાં જ વિષયો વિશે એમણે સરસ સમજાવ્યું છે. તેમજ વચ્ચે વચ્ચે આવતા દષ્ટાંતોથી વાંચવાનો રસ જળવાઈ રહે છે તથા તે દષ્ટાંતોથી સિદ્ધાંતોને સમજવા સહેલા થઈ જાય છે તેથી તે ઉપકારી નીવડે છે.

આમ, 'ઉપદેશ છાયા'માં ઘણાં વિષયો વિશે સંક્ષેપમાં સ્પષ્ટતાથી સમજાવેલું છે. તેમાં શ્રીમદ્ના જ્ઞાનનો તથા અનુભવનો ઘણો લાભ વાચક વર્ગને મળી શકે તેમ છે તથા તેમના ઉચ્ચ વિચારો પણ અહીં જોવા મળે છે.

## ◈ વ્યાખ્યાનસાર–૧[૭૭]

'વ્યાખ્યાનસાર–૧' એ પણ શ્રીમદ્દે આપેલા ઉપદેશની નોંધ જ છે. વિ.સં.૧૯૫૪માં તેમજ વિ.સં.૧૯૫૫ મહાથી ચૈત્રમાસ સુધી તેઓ મોરબીમાં રહ્યાં હતા. તે વખતે તેમણે કરેલા વ્યાખ્યાનોની નોંધ કોઈ મુમુક્ષુ શ્રોતાએ કરી હતી. તે નોંધ એટલે 'વ્યાખ્યાનસાર–૧' છે જે 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં પ્રગટ થઈ છે.

'વ્યાખ્યાનસાર–૧'માં ૨૨૨ ભાગો છે. તેમાં મુખ્યત્વે તત્ત્વવિચારણા વિશેનો જ ઉપદેશ સંગ્રહાયો છે. આત્મા, ગુણસ્થાનક, કષાય, ગ્રંથિભેદ, ધર્મ, સમ્યકત્વ, કેવળજ્ઞાન, સમક્તિની સમજણ તથા તેનો મહિમા, કર્મબંધ, નિર્જરા, મોક્ષ, ત્રિયા, વિરતિ, ત્યાગ, સિદ્ધાંત, ચાર અનુયોગ, મોક્ષમાર્ગ આદિ અનેક તાત્ત્વિક બાબતો ઉપર તેમના વિચારો અહીં રજૂ થયેલા જોવા મળે છે. લખાણ જોવા મળતું નથી. કેટલીક જગ્યાએ એક જ વિષય પર અલગ–અલગ જગ્યાએ નિરૂપણ થયેલું જોવા મળે છે. તો કેટલીક જગ્યાએ પુનરુક્તિ પણ જોવા મળે છે તથા તેમાં મુખ્ય મુખ્ય મુદ્દાઓ વિશેના ટાંચણો છે. જેમાં તત્ત્વોના વિષયો ઉપર થયેલ શાસ્ત્રોક્ત વિચારણા ઉપરથી પરમ જ્ઞાનનિધાન શ્રીમદ્‌નું તત્ત્વોવિષયો ઉપરનું અસાધારણ સ્વામિત્વ દષ્ટિગોચર થાય છે અને અમુક મુદ્દાઓની વિચારણા ઉપરાંત શ્રોતા સમુદાયને થતી કેટલીક શંકાઓનું સમાધાન પણ 'વ્યાખ્યાનસાર–૧'માં જોવા મળે છે. 'વ્યાખ્યાનસાર–૧' ઉતારનાર મુમુક્ષુ શ્રોતાએ માત્ર તત્ત્વની વાતો તેમજ તે વિશેના અભિપ્રાયોને લક્ષ્યમાં રાખીને નોંધ કરી હોય એવું લાગે છે.

આમ, તેથી અહીં શ્રીમદ્‌નું સર્વાંગીણ પાસું જોવા મળતું નથી.

## ◈ વ્યાખ્યાનસાર–૨ [૭૮]

'વ્યાખ્યાનસાર–૨' એ વિ.સં.૧૯૫૬ના અષાઢ–શ્રાવણના અષાઢ–શ્રાવણ માસમાં શ્રીમદ્ મોરબીમાં હતા. તે પ્રસંગે તેમણે આપેલા ઉપદેશના સારની તથા પૂછાયેલા પ્રશ્નોનાં ઉત્તરની એક મુમુક્ષુશ્રોતાએ કરેલી ટૂંકમાં નોંધ તે 'વ્યાખ્યાનસાર–૨' છે.

'વ્યાખ્યાનસાર–૨'માં મિતિ પ્રમાણે સાર ઉતરાયેલો છે. તેમાં તત્ત્વની સમજણ, શબ્દોના અર્થ, સુવાક્યો વગેરે છે. 'વ્યાખ્યાનસાર–૨'ની નોંધ ત્રીસ દિવસ સુધી અપાયેલા બોધની છે. તેથી તેના ૩૦ વિભાગો પાડવામાં આવ્યા છે. પ્રત્યેક દિવસનો એક ભાગ રાખવામાં આવ્યો છે.

જેમાં અનેક વિષયો ઉપર છૂટક લખાણ હોવાથી વિષયવૈવિધ્યનું પ્રમાણ ઘણું છે. જેમાં જીવના પ્રકાર, જાતિસ્મરણજ્ઞાન, આયુષ્ય કર્મ, આત્માના અસ્તિત્વ અને નિત્યત્વના પ્રમાણ, દેહ અને આત્માની ભિન્નતા, મોક્ષમાર્ગની સરળતા અને અગમ્યતા, જ્ઞાનીદશા, 'તત્ત્વર્થસૂત્ર' અને 'દેવાગમસ્તોત્ર'ની ટીકા, 'સર્વાર્થસિદ્ધિ'ની પહેલી ગાથાની સમજણ આદિ વિશે થોડી વિસ્તારથી સમજણ અપાયેલી છે. જ્યારે બાકી રહેલા પ્રત્યેક મુદ્દાઓ વિશે બે–ચાર વાક્યોથી વધારે લંબાણ થયું નથી. 'વ્યાખ્યાનસાર–૨'માં મુખ્યત્વે જૈન પરંપરામાં બનેલી ઘટનાઓ તથા સુભાષિતો જેવા સુવાક્યો વગેરે વિશેનું લખાણ જોવા મળે છે.

'વ્યાખ્યાનસાર–૨'માં 'દેવાગનસ્તોત્ર'નો પહેલો શ્લોક 'તત્ત્વર્થસૂત્ર'ની 'સર્વાર્થસિદ્ધિ' નામે ટીકાની પહેલી ગાથા, 'દશવૈકાલિકસૂત્ર'ની પહેલી ગાથા તથા 'આચારાંગસૂત્ર'ના સાતમાં અધ્યયની નવમી ગાથા વગેરેની સંક્ષેપમાં સમજણ આપેલી છે. આ ઉપરાંત આનંદઘનજી, બનારસીદાસજીના પદોમાંથી તથા 'સમયસારનાટક' આદિ ગ્રંથોમાંથી લીધેલા પદ્યાવતરણો પણ જોવા મળે છે.

'વ્યાખ્યાનસાર–૨'માં શૈલેશીકરણ, સોપક્રમ, અસમજંસત્તા, આર્યા, સ્થવિરકલ્પ વગેરે મળીને ૮૦ જેટલા પારિભાષિક શબ્દોના અર્થ મળે છે. શ્રીમદ્‌ના અન્ય સાહિત્યની જેમ અહીં પણ તેમની સર્વપ્રતિ આદરવાળી દષ્ટિ નજરે પડે છે તથા તેમનું ઉદાર વલણ જોવા મળે છે. 'ઉપદેશનોંધ', 'ઉપદેશ છાયા', 'વ્યાખ્યાનસાર–૧' અને 'વ્યાખ્યાનસાર–૨' એમ ચારે ભાગો આપણે જોયા છે તેમાં શ્રીમદ્‌ના લગભગ એક જ પ્રકારના ઉપદેશની જુદા જુદા મુમુક્ષુઓએ ઉતારેલી નોંધ અપાયેલી છે. તેમના ઉપદેશની મુમુક્ષુઓએ કરેલી નોંધમાં સિદ્ધાંતોની વાતો, પ્રશ્નોત્તરી તથા તેમના વિચારોની પરિપકવતા અને અનેક વિષયો પરનું અસાધારણ પ્રભુત્વ ઝળહળી ઊઠે છે. આ વિભાગ વિશે પંડિત સુખલાલજીએ લખ્યું છે કેઃ

''વ્યાખ્યાનસાર' આખો જૈન તત્ત્વજ્ઞાનની રુચિવાળાં બધાએ વાંચવા જેવો છે. એ વાંચતા એમ લાગે છે કે, એમણે સમ્યક્ત્વ પાકું અનુભવ્યું ન હોય તો એ વિશે આટલી

સ્પષ્ટતાથી વારંવાર કહી ન શકે. તેઓ જ્યારે એ વિશે કહે છે ત્યારે માત્ર સ્થૂલ સ્વરૂપ નથી કહેતા. એમના એ સારમાં ઘણાં પ્રસિદ્ધ દાખલાઓ આકર્ષક રીતે આવે છે.''[૭૯]

# ❖ પાદટીપ ❖

૧. ‘શ્રીમદ્ રાજચંદ્ર’, અગાસ આવૃત્તિ, આંક–૧૭, પૃ.૫૭–૧૩૨

૨. ‘અધ્યાતમ રાજચંદ્ર’, ડૉ. ભગવાનદાસ મહેતા, ત્રીજી આવૃત્તિ, પૃ.૮૧

૩. ‘મોક્ષમાળા વિવેચન’, પૃ.૪

૪. ‘શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ’, ડૉ. સરયુબેન મહેતા, છટ્ઠી આવૃત્તિ, પૃ.૧૨૩

૫. ‘મોક્ષમાળા’, ૨૨મી આવૃત્તિ, પૃ.૯૫

૬. ‘શ્રીમદ્ રાજચંદ્ર’, અગાસ આવૃત્તિ, પૃ.૬૪૬

૭. ‘ભાવનાબોધ’, શ્રીમદ્ રાજચંદ્ર, પૃ.૧૦૦

૮. ‘મોક્ષમાળા વિવેચન’, પૃ.૧૦૦

૯. ‘શ્રીમદ્ રાજચંદ્ર’, અગાસ આવૃત્તિ, આંક–૧૬, પૃ.૩૨–૫૬

૧૦. એજન, પૃ.૩૫, અથવા ‘મોક્ષમાળા’, પાઠ–૨૧

૧૧. ‘શ્રીમદ્ રાજચંદ્ર’, અગાસ આવૃત્તિ, આંક–૧૬, પૃ.૩૩

૧૨. ‘મોક્ષમાળા’, પૃ.૯

૧૩. ‘ઉતરાધ્યન સૂત્ર’, અધ્યયન–૨૦, શ્લોક–૩

૧૪. ‘મોક્ષમાળા’, પૃ.૨૦

૧૫. ‘શ્રીમદ્ રાજચંદ્ર’, અગાસ આવૃત્તિ,પૃ.૩૫

૧૬. એજન, પૃ.૪૬

૧૭. એજન, પૃ.૫૬

૧૮. એજન, આંક–૭૧૮, પૃ.૫૨૭–૫૫૭

૧૯. ‘શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ’, શ્રી વિનોદરાય શેઠ, ત્રીજી આવૃત્તિ–૨૦૧૧, પૃ.૨૮

૨૦. ‘શ્રીમદ્ રાજચંદ્ર સચિત્ર જીવનકથા’, શ્રી વિનોદરાય શેઠ, ત્રીજી આવૃત્તિ–૨૦૧૧, પૃ.૨૯

૨૧. ‘આત્મસિદ્ધિશાસ્ત્ર’, શ્રીમદ્ રાજચંદ્ર, પૃ.૪

૨૨. એજન,પૃ.૪૧

૨૩. એજન, પૃ.૪૩

૨૪. એજન, પૃ.૪૯

૨૫. એજન, પૃ.૪૯

૨૬. 'શ્રીમદ્ રાજચંદ્ર', અગાસ આવૃત્તિ,પૃ.૫૩૮

૨૭. 'આત્મસિદ્ધિશાસ્ત્ર વિવેચન', અગાસ આવૃત્તિ, ૨૦૧૨, પૃ.૩૧

૨૮. 'આત્મસિદ્ધિશાસ્ત્ર', શ્રીમદ્ રાજચંદ્ર, પૃ.૬૦

૨૯. એજન, પૃ.૬૪

૩૦. એજન, પૃ.૯૧

૩૧. એજન, પૃ.૯૪

૩૨. 'શ્રીમદ્ રાજચંદ્ર', અગાસ આવૃત્તિ,પૃ.૫૪૮

૩૩. 'આત્મસિદ્ધિશાસ્ત્ર', શ્રીમદ્ રાજચંદ્ર, પૃ.૧૦૨

૩૪. એજન, પૃ.૧૦૫

૩૫. 'સ્ત્રીનીતિબોધક' વિભાગ–૧, મુખપૃષ્ઠ ૫૨

૩૬. 'સ્ત્રીનીતિબોધક' વિભાગ–૧, પ્રસ્તાવના, પૃ.૮

૩૭. 'શ્રીમદ્ રાજચંદ્ર', અગાસ આવૃત્તિ, આંક–૨,પૃ.૩–૮

૩૮. એજન, પૃ.૩

૩૯. 'દર્શન અને ચિંતન', પંડિત સુખલાલજી, ભાગ–૨, પૃ.૭૮૨

૪૦. 'શ્રીમદ્ રાજચંદ્ર', અગાસ આવૃત્તિ, આંક–૫, પૃ.૧૦–૧૩

૪૧. એજન, પૃ.૧૩૬

૪૨. એજન, પૃ.૧૫૫

૪૩. એજન, આંક–૨૧, પૃ.૧૫૫–૧૫૯

૪૪. એજન, આંક–૧, પૃ.૧–૩

૪૫. એજન, આંક–૭૩૮, પૃ.૫૬૩–૫૬૬

૪૬. 'શ્રીમદ્ રાજચંદ્ર', આવૃત્તિ–૧, પરમશ્રુત પ્રભાવક મંડળ, વિ.સં.૧૯૬૧, 'અ–અ'ની પાદનોંધ

૪૭. 'સિદ્ધિના સોપાન', પૃ.૧૮

૪૮. 'શ્રીમદ્ રાજચંદ્ર', અગાસ આવૃત્તિ,પૃ.૫૬૫

૪૯. એજન, પૃ.૫૬૫

૫૦. 'શ્રીમદ્ રાજચંદ્ર અને ગાંધીજી', મુકુલભાઈ કલાર્થી સંપાદિત, પૃ.૪૬

૫૧. 'સિદ્ધિના સોપાન', મુનિશ્રી સંતબાલાજી, પૃ.૬

૫૨. 'શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ', ડૉ. સરયુબેન મહેતા, છઠ્ઠી આવૃત્તિ, પૃ૧૬૫

૫૩. 'સુબોધ સંગ્રહ', શ્રીમદ્ રાજચંદ્ર, પૃ.૫૯

૫૪. 'શ્રીમદ્ રાજચંદ્ર', અગાસ આવૃત્તિ,પૃ.૮

૫૫. એજન, (પત્રાંક–૨૫૮), પૃ.૨૯૨

૫૬. એજન, પૃ.૨૯૨

૫૭. એજન, પૃ.૯

૫૮. એજન, પૃ.૨૯૬

૫૯. એજન, પૃ.૨૯૫

૬૦. એજન, (આંક–૫૩૪), પૃ.૪૩૩–૪૩૪

૬૧. એજન, (આંક–૨૬૬), પૃ.૨૯૭

૬૨. એજન, પૃ.૨૯૭–૨૯૮

૬૩. એજન, પૃ.૨૦૩–૨૦૫

૬૪. એજન, પૃ.૨૩૨–૨૩૭

૬૫. એજન, પૃ.૨૩૩

૬૬. એજન, પૃ.૨૩૫

૬૭. એજન, પૃ.૨૩૮–૨૪૧

૬૮. એજન, પૃ.૭૮૯–૮૩૩

૬૯. એજન, પૃ.૭૯૫

૭૦. એજન, પૃ.૮૦૨

૭૧. એજન, પૃ.૮૧૯

૭૨. એજન, પૃ.૮૨૪

૭૩. એજન, (આંક–૯૫૬), પૃ.૬૬૧–૬૮૨

૭૪. એજન, પૃ.૬૬૪

૭૫. એજન, (આંક–૯૫૭), પૃ.૬૮૩–૭૩૫

૭૬. એજન, પૃ.૬૯૬

૭૭. એજન, (આંક–૯૫૮), પૃ.૭૩૬–૭૬૧

૭૮. એજન, (આંક–૯૫૯), પૃ.૭૬૨–૭૮૫

૭૯. 'શ્રીમદ્ રાજચંદ્ર : એક સમાલોચના', 'શ્રીમદ્‌ના વિચારરત્નો', પૃ.૧૭૫